# શું ઈશ્વર અવતાર લે છે ?

સ્વામી સચ્ચિદાનંદ



# શું ઈશ્વર અવતાર લે છે?

## સ્વામી સચ્ચિદાનંદ

ગુર્જર સાહિત્ય ભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ 380 001

**SU ISHWAR AVATAR LE CHEE?**
by Swami Sachchidanand

Published by Gurjar Prakashan,
Ahmedabad: 380 006 (India)

© Swami Sachchidanand

First Published: 1989
This ePub edition: 2015

ISBN: 978-93-5175-067-3

Rs. 25.00

GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com

eBook by

www.e-Shabda.com

# ભૂમિકા

થોડાં વર્ષો પહેલાં મેં 'શ્રીકૃષ્ણલીલારહસ્ય' નામનું પુસ્તક લખેલું. આ પુસ્તકમાં શ્રીમદ્ ભાગવતના આધારે શ્રીકૃષ્ણની બાળલીલાઓનું એક પછી એક પૃથક્કરણ કરીને એ બતાવવા પ્રયત્ન કરેલો કે કૃષ્ણલીલા એ ઘટનાઓ નથી પણ આધ્યાત્મિક રૂપકો છે. જે બની જ ન શકે તેને ઘટના કહેવાય નહિ. આ બધું બતાવવા પાછળ એવો હેતુ હતો કે શ્રીરાધાજી, શ્રીકૃષ્ણજી વગેરે આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રેમસ્વરૂપ પરમાત્માનાં પ્રતીક છે. નિરાકાર પ્રભુનાં તે સાકાર પ્રતીક છે. તેમને ઐતિહાસિક વ્યક્તિ માનવાં તથા તેમના દ્વારા થયેલી લીલાઓને ઘટના માનવી તે બહુ મોટી ભૂલ જ ગણાય. વળી જો તેમનાં બધાં જ આચરણોને ઘટના માનવામાં આવે તો આદર્શવાદને બહુ ધક્કો પહોંચશે. જેમ કે શ્રીરાધાજી એ શ્રીકૃષ્ણની આઠ રાણીઓમાંની કોઈ પત્ની નથી, તે બીજા કોઈની પત્ની છે. તેને કૃષ્ણ સાથે સંબંધ બતાવવાથી તો આદર્શને હાનિ જ હાનિ થઈ જશે. એટલે આ બધી લીલાઓને ઘટના ન માનતાં આધ્યાત્મિક અર્થઘટન કરીને તેને આધ્યાત્મિક રૂપ આપવું તે વધુ યોગ્ય લાગે છે. આ પ્રકારના મારા તે પુસ્તકને વાચકોએ ખૂબ આવકાર આપ્યો તેથી સંતોષ થયો.

મેં જોયું કે હિન્દુ પ્રજામાં બહુ મોટો વર્ગ પુરાણોની કથાઓ તથા વ્યવસ્થાથી ગૂંચવાયેલો તથા અકળાયેલો છે. હવે તે પ્રત્યેક વાતમાં “હાજી હા” કરવા તૈયાર નથી. તેને શંકાઓ થાય છે, જિજ્ઞાસા થાય છે, તે સમાધાન શોધે છે. જો તેને યોગ્ય સમાધાન ન મળે તો તેથી તેને પોતાના જ ધર્મ પ્રત્યે અરુચિ, અણગમો અને અંતે તિરસ્કાર થાય છે. 'શ્રીકૃષ્ણલીલારહસ્ય' પુસ્તકથી આવી અનેક વ્યક્તિઓની અરુચિને સુરુચિમાં બદલવાનું કામ થયું હતું. પણ આપણી ઈશ્વર વિશેની માન્યતાને 'અવતારવાદ' દ્વારા પણ ગૂંચવી નંખાઈ છે. આપણે ઈશ્વરની ઉપાસના કરવા કરતાં ઈશ્વરના અવતારની ઉપાસના તરફ વધુ ઝુકાવ રાખીએ છીએ. અવતારવાદથી એકેશ્વરવાદને હાનિ પહોંચે છે. એટલે આપણે પ્રત્યેક ભગવાન પાસે કોઈ ને કોઈ વિશેષણ મૂકવું પડે છે. ભગવાન કરતાં વિશેષણનું જ મહત્ત્વ વધુ થઈ જાય છે. જેમ કે કૃષ્ણ ભગવાન, રામ ભગવાન, નૃસિંહ ભગવાન વગેરે. પ્રત્યેક વિશેષણનો આકાર તથા પ્રકાર જુદો હોવાથી અનેકતયા અસંખ્ય રૂપો પ્રજા સમક્ષ ઉપસ્થિત થાય છે. આ બધા અનેક ભગવાનોમાંથી કયા ભગવાનને ભજવા તેની ભારે અસ્પષ્ટતા તથા અનિર્ણાયકતા સામાન્ય પ્રજામાં રહેલી હોય છે.

આનો ઉપાય એક જ છે અને તે એ કે આપણે માત્ર 'ભગવાન'ની જ ઉપાસના કરીએ. ભગવાન આગળ કોઈ આકાર બતાવનારું વિશેષણ મૂકવાની જરૂર નથી. જેમ 'ગૉડ' કે 'અલ્લા' આગળ કોઈ વિશેષણ નથી એટલે તેની ઉપાસના કરનાર કયો 'ગૉડ' કે કયો 'અલ્લા' એવી ગૂંચ કે અસ્પષ્ટતા ભોગવતા નથી. ગૉડ એટલે ગૉડ અને અલ્લા એટલે અલ્લા. તે કદી જન્મ્યો નથી કે કદી મરાયો નથી. આ એકેશ્વરવાદી પ્રજા જેટલી સ્પષ્ટ તથા દૃઢ થઈને ઉપાસના કરી શકે છે, તેટલી વિશેષણવાળી તથા જન્મનાર-મરનારને ઈશ્વર માનનાર પ્રજા નથી કરી શકતી. પરમેશ્વર વિશે આવી ગૂંચ થવામાં મુખ્ય કારણ અવતારવાદ છે. ઈશ્વર સમય સમય ઉપર અવતરે છે તથા ધર્મની સ્થાપના કરે છે એવી માન્યતાએ ભારે હાનિ પહોંચાડી છે. એથી પ્રજા અન્યાયનો પ્રતિકાર કરવાની ક્ષમતા ખોઈ બેસે છે. તે સમજે છે કે ઈશ્વર અવતાર લેશે એટલે બધું સારું થઈ જશે. આપણાથી કશું જ ન થઈ શકે. આપણે વળી દુનિયાને સુધારનારા કોણ? હિન્દુ પ્રજાની અપ્રતિકારક્ષમતામાં આવી માન્યતાએ મોટો ભાગ ભજવ્યો છે. ગૉડ કે અલ્લાનો કોઈ અવતાર થતો નથી છતાં તે પ્રજા જેટલી બળવાન તથા એકતાવાળી થઈ શકી છે અને વિશ્વભરમાં વ્યાપક થઈ શકી છે તેટલી ક્ષમતા હિન્દુ પ્રજામાં નથી દેખાતી, કારણ કે પ્રત્યેક ક્ષેત્રમાં તેણે ભારે અસ્પષ્ટતા તથા ગૂંચો ઊભી કરી છે.

આપણી ચોવીસ અવતાર સંબંધી માન્યતા બહુ પ્રચલિત છે. પ્રસ્તુત પુસ્તિકામાં આ ચોવીસ અવતારોના ક્રિયા-કલાપને બતાવી ખરેખર તેના દ્વારા કોઈ ધર્મની સ્થાપના થઈ કે કેમ તેવો પ્રશ્ન વાચકો આગળ ઊભો કરાયો છે. રાક્ષસોને મારવા ઈશ્વરને અવતાર લેવો પડે છે. પણ મોટા ભાગે પેઢી દર પેઢી થનારા રાક્ષસો તો ભગવાન વિષ્ણુના જ દ્વારપાળ જય તથા વિજય છે. તેઓ પોતાનું નિષ્ઠાભર્યું કર્તવ્ય બજાવતાં શાપ પામ્યા અને રાક્ષસ બન્યા. પછી તેમને મારવા વિષ્ણુને અવતાર ધારણ કરવા પડ્યા. પ્રસ્તુત પુસ્તિકા વાંચનારના વિવેક ઉપર જ નિર્ણય છોડી દઉં છું કે ખરેખર શું આવા અવતારો ઐતિહાસિકરૂપે થયા હતા ખરા? શું તેમણે ખરેખર ધર્મની સ્થાપના

કરી? મોહિની, વામન, પરશુરામ વગેરે એવા અવતારો છે કે એમનાં કાર્યોનું સર્જન કરવા જતાં ધર્મ તથા ન્યાય બન્નેને આઘાત લાગે તેમ છે. અધ્યયનશીલ વ્યક્તિને આ સમજતાં વાર નહિ લાગે.

હવે આપણી આગળ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે જે ગૂંચો અને અસ્પષ્ટતા ચાલી રહી છે તેને તેમ ને તેમ ચાલવા દેવી કે પછી પ્રજાને જગાડીને સાચી દિશાનું ભાન કરાવવું? આજીવિકા તથા માન-પાન માટે જ જેણે ધર્મનું માધ્યમ સ્વીકાર્યું હોય તે કદી ક્રાન્તિ ન કરી શકે. તે તો ચીલાચાલુ માન્યતાઓ તથા પ્રથાઓને પકડી રાખીને લોકોને વળગી રહેવા સમજાવશે, પણ જેને આજીવિકા કે માનપ્રતિષ્ઠાની પડી ન હોય તેવા સત્યશોધક, ક્રાન્તિકારી વિચારકો પ્રજાને જગાડવાનું કાર્ય કર્યા જ કરશે. પ્રજાને ઊંઘાડનારાં સ્થાપિત હિતો કરતાં તેને સાચી દિશા બતાવી જગાડનારા ઋષિઓ જ હિતકારી બનતા હોય છે. ઈશ્વર સંબંધી અનેક અસ્પષ્ટતામાંથી, અવતારવાદની અસ્પષ્ટતામાંથી જો પ્રજા છૂટે અને એવું દઢતાથી સમજતી થાય કે પરમાત્મા એક જ છે, તે માણસ કે અમાણસના રૂપે અવતરતો નથી પણ અનાદિકાળથી તે એક જ અવિકળ રૂપે છે — જો આવા ભાવ પ્રજામાં દઢ થાય તો ઇષ્ટદેવના નામે થતા કલહો તથા અસ્પષ્ટતા દૂર થાય.

પ્રસ્તુત પુસ્તિકા હિન્દુ પ્રજાને જગાડવામાં અને ઈશ્વરના સ્વરૂપ વિશે પાયાની ક્રાન્તિ કરવામાં થોડી પણ ઉપયોગી સિદ્ધ થશે તો મને અપાર આનંદ થશે. પરમકૃપાળુ પરમાત્માને કરબદ્ધ પ્રાર્થના કે અમને અંધકારમાંથી પ્રકાશમાં લઈ જા. તારું સાચું અને શાશ્વત સ્વરૂપ અમે સમજીએ તેવી શક્તિ આપ. આભાર.

સંતચરણરજ

**સ્વામી સચ્ચિદાનંદ**

કાળી ચૌદશ સંતચરણરજ
સંવત 2044 સ્વામી સચ્ચિદાનંદ
ભક્તિનિકેતન આશ્રમ,
પોસ્ટ બૉક્સ નં. 19
પેટલાદ-388450
ફોન નં. 22480

# 1. શું ઈશ્વર અવતાર લે છે?

ઈશ્વરની સત્તાનો સ્વીકાર કરનાર ધર્મો તથા સંપ્રદાયોમાં ઈશ્વર વિષેની માન્યતા પરસ્પર વિરોધી તથા સામાન્ય પ્રજાને ભ્રાન્તિ ઉપજાવે તેવી છે. અત્યારે જે રીતે ઈશ્વરવાદ વિશ્વમાં પ્રચલિત છે તેને પાંચ ભાગોમાં વહેંચી શકાય.

1. નિરાકાર એકમાત્ર પરમાત્મા.

2. સ્વરૂપથી નિરાકાર પણ પ્રતીકરૂપથી સાકાર સ્વરૂપવાળો પરમાત્મા.

3. સ્વરૂપથી જ સાકાર પરમાત્મા.

4. મનુષ્યાદિરૂપમાં અવતાર ધારણ કરેલા પરમાત્મા.

5. ગુરુરૂપમાં મનુષ્ય જ પરમાત્મા.

આ પાંચ પ્રકારોમાં પ્રથમના બે વિશે થોડી જ ચર્ચા કરવાની છે. બાકીના ત્રણમાં છેલ્લા બે વિશે થોડી વધુ ચર્ચા કરવાની છે.

ઇસ્લામ, આર્યસમાજ, બ્રહ્મસમાજ, પ્રાર્થનાસમાજ, શીખો તથા કેટલીક દૃષ્ટિએ ખ્રિસ્તીઓ વગેરે પ્રથમ પ્રકારના પરમેશ્વરને માને છે, અર્થાત્ પરમાત્મા નિરાકાર જ છે, એક જ છે અને સનાતન છે. તે કોઈ માણસમાંથી સાધના કરીને થયેલો પરમાત્મા નથી પણ સ્વરૂપથી જ પરમાત્મા છે. કદી પણ કોઈ પણ માણસને પરમેશ્વર માની શકાય જ નહિ. માણસને પરમેશ્વર માનવો એ મહાપાપ છે, એટલું જ નહિ પણ પરમેશ્વરના જેવો જ બીજો પરમેશ્વર અર્થાત્ બીજી શક્તિ માનવી તે પણ મહાપાપ છે. પરમેશ્વરની પરમેશ્વરતામાં કોઈને પણ ભાગીદાર બનાવવો તે મહાપાપ છે. તેના સિવાય બીજી કોઈ શક્તિઓ આગળ દંડવત્ વગેરે કરવાં તે પણ પાપ છે. આવી દૃઢ માન્યતાના કારણે ઇસ્લામ વગેરે ધર્મોએ પોતાના અનુયાયીઓ માટે જે સ્પષ્ટતા, દૃઢતા, તથા નિશ્ચિતતા કરી છે તેના કારણે તે તે નિરાકાર એકેશ્વરવાદી માણસોનો ઉપાસનામાર્ગ વધુ સરળ તથા સ્પષ્ટ થયો છે. કશી ભ્રાન્તિ, મતભેદ, શંકા-કુશંકા વગેરેને આશ્રય નથી મળ્યો. આ નિરાકાર એકેશ્વરવાદીઓ પણ મૃતાત્માઓને સિદ્ધસંતો, મહાત્માઓ તરીકે ઉપાસે છે. પણ તે માત્ર સિદ્ધાત્માઓ જ મનાય છે, પરમેશ્વર નહિ.

બીજો વિભાગ એક જ પરમેશ્વરને સ્વરૂપથી નિરાકાર હોવા છતાં પ્રતીકો દ્વારા તથા ભાવનાની દૃષ્ટિએ સાકાર રૂપ આપે છે. ઉદાહરણ તરીકે હિન્દુ પ્રજાનો કેટલોક વર્ગ શિવ, વિષ્ણુ, શક્તિ, ગણેશ વગેરે અનેક રૂપોની ઉપાસના કરે છે. આ બધાં ઐતિહાસિક માણસો નથી, પણ પરમાત્માની જુદી જુદી શક્તિઓ તથા ક્રિયાઓને મૂર્ત રૂપ આપવાથી અર્થાત્ અમૂર્ત પરમેશ્વરને કલા દ્વારા મૂર્ત રૂપ આપવાથી નિરાકાર તત્ત્વને સાકાર રૂપ અપાય છે. આ સાકારતા તાત્ત્વિક નથી, પણ ભાવનાત્મક તથા પ્રતીકાત્મક છે. પ્રાચીનકાળમાં ભારતીય પ્રજા દેવવાદના કર્મકાંડમાંથી ઈશ્વરવાદના ભક્તિમાર્ગ તરફ વળવા લાગી ત્યારે આ પ્રતીકો (શિવ, વિષ્ણુ વગેરે) અસ્તિત્વમાં આવવા લાગ્યાં.

હિન્દુ પ્રજા અનિયંત્રિત હોવાથી તેણે જેમ સતત અનેક દેવો વિકસાવ્યા, તેમ ઉત્તરકાળમાં અનેક પ્રતીકો પણ વિકસાવ્યાં. જેમ જેમ આ પ્રતીકોનું પ્રમાણ મોટું થતું ગયું તેમ તેમ તે તે પ્રતીકોને સર્વસ્વ માનીને ચાલનારો અનુયાયીવર્ગ પણ મોટો થતો ગયો. આના કારણે પ્રજા શૈવ, વૈષ્ણવ, શક્તિ વગેરે અસંખ્ય સંપ્રદાયો તથા પેટાસંપ્રદાયોમાં વિભાજિત થઈ ગઈ. આ જે પ્રતીકોપાસના છે તેનાં પ્રતીકો માતાપિતા દ્વારા જન્મેલા માણસોના હોવા છતાં પૌરાણિક રીતે તેમની બધી કથાઓ માણસોના જેવી જ રચવામાં આવી છે. જેમ કે આવવું-જવું, ખાવું-ઊંઘવું, આશીર્વાદ આપવા કે શાપ આપવા મૂર્તિમાંથી પ્રગટ થવું. વિવાહ કરવો વગેરે વગેરે બધી ક્રિયાઓ માણસ જેવી બતાવવામાં આવી છે. આમ કરવાથી ભક્તો પોતપોતાના પરમેશ્વરની સેવાનો ભાવનાત્મક લહાવ લઈ શકે છે. અને આવી ભાવના દૃઢ રહે તથા વધતી રહે તે માટે પરમેશ્વરને દિવ્ય ક્રિયાઓ દ્વારા ભક્તોની ભાવના પૂરી કરતો બતાવાયો છે. પ્રતીકોપાસના કરનાર જો તાત્ત્વિક રીતે સમજી લે કે આ તો સાચા પરમેશ્વર નથી પણ માત્ર પ્રતીક જ છે, તો તેને ભાવનાસુખ મળી શકે નહિ. એટલે ઉપાસક તો

પ્રતીકને હાજરાહજૂર સાચા પરમાત્મા જ માને છે, આ તેની શ્રદ્ધા છે. જેમ ઢીંગલી રમાડનાર બાલિકાને ઢીંગલીમાં માત્ર ઢીંગલી જ દેખાય તો તેને રમાડવાનું પરમ સુખ પ્રાપ્ત ન થાય. બાલિકાને ઢીંગલીમાં વર દેખાય છે એટલે તે તેમાં તન્મય થઈ શકે છે તથા પરમ સુખ મેળવી શકે છે. આવું જ પ્રતીકોપાસકો માટે પણ છે.

ત્રીજો પ્રકાર માત્ર સાકારવાદનો છે. આ લોકો પરમેશ્વરને સ્વરૂપથી જ સાકાર માને છે. નિરાકારના પ્રત્યે તેમને ભારે સૂગ તથા અણગમો છે. એટલે પરમેશ્વર સ્વરૂપથી જ સાકાર છે તેવી તેમની દઢ માન્યતા છે. ઈશ્વરને નિરંજન નિરાકાર માનવામાં જે બૌદ્ધિક સ્પષ્ટતા થાય છે તે સાકારવાદમાં નથી થઈ શકતી. ઈશ્વરને જ્યારે સ્વરૂપથી સાકાર માનવામાં આવે છે ત્યારે કેટલાય પ્રશ્નો ઊભા થાય છે: (1) તેનો ખરેખરો આકાર શો છે? સાકાર (હાથપગવાળો) સર્વવ્યાપક તો ન જ થઈ શકે. આ માત્ર સાકારવાદીઓ જેને જેને પરમેશ્વર માને છે તે તે આકાર પરસ્પરમાં અત્યંત જુદા છે, તો આ બધામાંથી સાચો આકાર કયો? સૌ પોતપોતાના આકારની સત્યતા માટે દાવો કરતા હોય છે. પણ આવા દાવાને બૌદ્ધિક કે સમજણનો સાથ નથી હોતો. અરે, કેટલીક વાર તો તેમનાં માન્ય શાસ્ત્રોનો પણ સાથ નથી હોતો એટલે સ્વરૂપથી પરમેશ્વરને સાકાર માનવાનો પક્ષ બૌદ્ધિક કક્ષાએ અવિચારણીય બની જાય છે.

ચોથો અને પાંચમો પ્રકાર અહીં ખાસ વિચારણીય છે. અર્થાત્ શું ઈશ્વર અવતાર ધારણ કરે છે? અથવા પોતપોતાના ગુરુ એ જ પરમેશ્વર છે? આ બન્નેમાંથી પ્રથમ પક્ષનો વિચાર કરીશું.

આપણે હિન્દુઓ અનેક દેવવાદની કર્મકાંડ દ્વારા ઉપાસના કર્યા પછી પૌરાણિક કાળમાં દેવવાદને મંદ પાડીને અવતારવાદમાં આવીએ છીએ. લગભગ પ્રત્યેક પુરાણનો એવો અભિગમ રહ્યો છે કે ભગવાન વિષ્ણુ યુગે યુગે પૃથ્વીનો ભાર હલકો કરવા તથા સાધુસંતોની રક્ષા કરવા અને આ રીતે ધર્મની સ્થાપના કરવા અવતાર ધારણ કરે છે. આવા અવતારોની સંખ્યા 24 છે. તેમાં વધુ મહત્ત્વના દશ હોવાથી દશાવતાર પણ કહેવાય છે. આ ચોવીસનાં નામ આ પ્રમાણે છે.

1. સનક, સનન્દન, સનાતન અને સનત્કુમાર
2. વરાહ
3. નારદ
4. નર-નારાયણ
5. કપિલમુનિ
6. દત્તાત્રેય
7. યજ્ઞ
8. ઋષભદેવ
9. પૃથુ
10. મત્સ્ય
11. કૂર્મ
12. ધન્વંતરિ
13. મોહિની
14. નૃસિંહ
15. વામન
16. હયગ્રીવ
17. હરિ
18. પરશુરામ
19. વ્યાસ

20. હંસ
21. શ્રીરામ
22. શ્રીકૃષ્ણ
23. બુદ્ધ
24. કલ્કિ

# 1. સનકાદિ અવતાર

ઉપરના ચોવીસ અવતારો પુરાણો દ્વારા પ્રચલિત થયા છે. આપણે એક એક કરીને આ અવતારોનાં ચરિત્રો, કાર્યો વગેરેની સમાલોચના કરીને એ જોવાનો પ્રયત્ન કરીશું કે, શું ખરેખર આ અવતારો દ્વારા ધર્મની સ્થાપના થવાનું કાર્ય થયું છે? શું ખરેખર આ અવતારોથી પ્રજાનું રક્ષણ થયું છે તથા શું ખરેખર આ ઈશ્વરના અવતારો હતા? પુરાણોની કથાની ઉત્થાનિકા મોટા ભાગે શાપ તથા આશીર્વાદથી થતી હોય છે. અવતારોની આવશ્યકતા માટે પણ આવી જ એક શાપકથા ભાગ ભજવે છે. કથા આ પ્રકારે છે.

એક વખતે દક્ષની પુત્રી દિતિએ સંધ્યાકાળના સમયે કામાતુર થઈને સંતાનની ઇચ્છાથી મરીચિના પુત્ર પોતાના પતિ કશ્યપઋષિની (કામભોગ માટે) ઇચ્છા કરી હતી.

તેમની પાસે જઈને તે બોલીઃ હે વિદ્વાન, જેમ મદોન્મત્ત હાથી કેળના ઝાડને દુઃખ દે તેમ આ કામદેવ તમારે માટે મને દીનને દુઃખ દે છે. દિતિની આવી પ્રાર્થના પછી કશ્યપઋષિએ તેને સમજાવી કે અત્યારે સંધ્યાનો સમય છે એટલે કામવાસના ભોગવવી ઠીક નથી.

પોતાના પતિએ એ પ્રમાણે જણાવ્યું છતાં જેની ઇન્દ્રિયો કામથી વ્યાકુળ થઈ ગઈ હતી એવી તે દિતિએ નિર્લજ્જ વેશ્યાની માફક બ્રહ્મર્ષિ કશ્યપનું વસ્ત્ર પકડ્યું. તેની આવી પ્રબળ ઇચ્છા જોઈને ઋષિએ એકાંતમાં તેની ઇચ્છા પૂરી કરી.

પછી દિતિને ભારે પશ્ચાત્તાપ થયો કે, અરે, મેં સંધ્યાસમયે આ શું કર્યું! પોતાના પતિ પાસે તે ક્ષમા માગી રહી હતી ત્યાં ઋષિએ કહ્યું, “હે ઉગ્ર સ્ત્રી, તારા ઉદરમાંના બે પુત્રો મહાનીચ થશે, અમંગળરૂપ થશે અને લોકપાલો સહિત ત્રણ લોકને વારંવાર આક્રંદ કરાવશે. તેઓ નિરપરાધી દીન પ્રાણીઓનો જ્યારે વધ કરવા માંડશે, સ્ત્રીઓને પાતિવ્રત્ય ધર્મથી ભ્રષ્ટ કરવા લાગશે અને તેથી કરીને મહાત્મા પુરુષો જ્યારે કોપાયમાન થશે ત્યારે લોકોનું રક્ષણ કરનારા વિશ્વેશ્વર ભગવાન ક્રોધાયમાન થશે અને પોતે અવતાર લઈને જેમ ઇન્દ્ર પર્વતોનો નાશ કરે તેમ તારા બન્ને પુત્રોનો નાશ કરશે. (શ્રીમદ્ ભાગવત 3-14-7થી 40)

આ રીતે સંધ્યાકાળે કામાતુર થયેલી પોતાની પત્નીને કશ્યપઋષિએ શાપ આપ્યો. આ શાપથી દિતિના ગર્ભથી જોડકાં રૂપે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ નામના બે દૈત્યો જન્મ્યા. કામાતુર પત્નીને ઋષિએ આવો શાપ ન આપીને યુક્તિ-પ્રયુક્તિથી માત્ર સંધ્યાકાળ વિતાવી દીધો હોત અને પછી દિતિની ઇચ્છા પૂરી કરી હોત તો પોતાની જ પત્નીમાં પોતાના જ શુક્રથી જે દૈત્યો ઉત્પન્ન કરી પ્રજાને અત્યાચારથી પીડિત કરી સ્વયં ભગવાનને અવતાર લેવો પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ ન થયું હોત. સ્ત્રી અથવા પુરુષ ગમે ત્યારે કામવેગમાં તણાય તે અસ્વાભાવિક નથી. પણ આવો વેગ અયોગ્ય દેશકાળમાં થયો હોય અને બીજું પાત્ર સંયમી તથા સભાન હોય તો સમય વિતાવવો એ અસંભવ કાર્ય નથી. ઋષિપત્ની કામથી વિહ્વળ થઈ હતી, પણ ઋષિ તો સ્વસ્થ હતા. તેમણે જો સમય વિતાવી દીધો હોત તો દુનિયાને ભયંકર રાક્ષસોથી તથા ઈશ્વરને અવતાર લેવાના કષ્ટથી બચાવી શકત. આ તો એવું થયું કે સંધ્યાકાળે દિતિ કામાતુર થઈ અને સમજુ ઋષિએ પણ તરત જ તેની ઇચ્છા પૂરી કરી નાખી, પછી પત્નીને તો પશ્ચાત્તાપ થયો પણ ઋષિને કોપ ચઢ્યો અને શાપ આપી દીધો. શાપ એટલે અપરાધીને દંડ. પણ અહીં અપરાધી દિતિ કરતાં નિર્દોષ પ્રજાનો કચ્ચરઘાણ વાળી નાખવાનો શાપ થઈ ગયો. અર્થાત્ તારા બન્ને પુત્રો ભયંકર અત્યાચાર કરનારા, પ્રજામાં હાહાકાર મચાવનાર, સ્ત્રીઓના પતિવ્રતને તોડનારા થશે — બિચારી પ્રજાનો શો દોષ? આના કરતાં દિતિને જ કહ્યું હોત કે, જા તને કુષ્ઠરોગ થઈ જશે. તો તે દુઃખ માત્ર દિતિને જ ભોગવવાનું થાત. પણ આ તો સમગ્ર પ્રજાને જ ભારે દંડ ભોગવવાનો થયો.

આવા શાપથી જન્મેલા બન્ને રાક્ષસો જો મહાપાપી થાય તો તેમાં તેમનો કેટલો દોષ? જ્યાં ઋષિએ જ તેમને માટે પાપ કરવાનું નક્કી કરી દીધું હોય ત્યાં તે બિચારા શું કરે? તે તો શાપિત કઠપૂતળીની માફક કામ કર્યા કરે છે. ઋષિ પણ બિચારા શું કરે? દુનિયા ઉપર ભયંકર અત્યાચાર કરનારા ન થાય ત્યાં સુધી શ્રીહરિનો અવતાર થાય નહિ અને હરિનો અવતાર તો થવો જ જોઈએ, એટલે અત્યાચારીઓ પણ થવા જ જોઈએ.

આ તો થઈ અવતારના નિમિત્ત માટેની એક કથા. હવે આ બે દૈત્યો તરીકે કોને જન્માવવા? તે માટે ફરી એક બીજી કથા રચાઈ તે આ પ્રમાણે છેઃ

બ્રહ્માના મનથી ઉત્પન્ન થયેલા સનકાદિ ચાર પુત્રો (અવતાર) વિચરતા વિચરતા એક વાર વૈકુંઠમાં પહોંચી ગયા. ભગવાનનાં દર્શન માટેની તીવ્ર ઉત્કંઠાથી તેઓ કિલ્લાના છ દરવાજા ઓળંગીને (કોઈની રજા લીધા વિના) સાતમે દરવાજે ગયા. ત્યાં બે દ્વારપાળો હોવા છતાં તેમને પૂછ્યા વિના આ ચાર નગ્ન ઋષિઓ વૈકુંઠમાં પ્રવેશવા લાગ્યા, એટલે એ બન્ને દ્વારપાળોએ એ મુનિઓને અંદર જતા અટકાવ્યા. પોતાને અટકાવનાર બન્ને જય-વિજય દ્વારપાળોને જોઈ મુનિઓને ક્રોધ થયો અને તેમણે શાપ આપ્યોઃ 'તમે બન્ને ભેદદૃષ્ટિને લીધે જ અત્યંત પાપી ગણાતા બીજા લોકોમાં અહીંથી ચાલ્યા જાઓ.' બિચારા દ્વારપાળોએ મુનિઓના પગ પકડીને ઘણી પ્રાર્થનાઓ કરી. અંતે જ્યાં જ્યાં તેઓના જન્મ થાય ત્યાં ત્યાં તેઓની પ્રભુભક્તિ અખંડ રહે તેવી યાચના કરી. કોપાયમાન મુનિઓ તથા દ્વારપાળોનો સંવાદ ચાલી રહ્યો હતો ત્યાં શ્રીહરિ પોતે આવી ગયા અને બધી વાત જાણીને તેમણે મુનિઓનો પક્ષ લઈને દ્વારપાળોને મુનિઓને અટકાવવા માટે ધમકાવ્યા તથા મુનિઓ પાસે શ્રીહરિએ માગ્યું કે, ભલે તમારો શાપ પૂરો થાય પણ આ જય-વિજયથી મારે ઘણો સમય દૂર ન રહેવું પડે તેવું કાંઈક વારણ કરો. અંતે પેલા જય-વિજય દ્વારપાળો મુનિઓના શાપથી તથા શ્રીહરિના સમર્થનથી દિતિના ગર્ભમાં કશ્યપઋષિ દ્વારા સંધ્યાકાળે થયેલા સમાગમમાં હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુના રૂપમાં આવ્યા, જન્મ્યા અને હાહાકાર મચાવ્યો.

(શ્રીમદ્ ભાગવત 3-15થી 17મો અધ્યાય)

આ કથા પણ કેટલીય ચર્ચા માગી લે છે. સનકાદિ મુનિઓ પણ અવતાર છે. અવતાર ધર્મરક્ષા માટે જ હોય. પ્રત્યેક દ્વારપાળનો ધર્મ છે કે નવા આગંતુકને સ્વામીની આજ્ઞા વિના અંદર પ્રવેશ ન આપવો અને પ્રવેશ મેળવીને જ અંદર જવું એ સભ્ય માણસનો ધર્મ છે. અહીં પ્રથમ તો સનકાદિ આવી રજા મેળવતા જ નથી. શ્રીહરિ જેવા પરમાત્માના દરબારમાં નંગધડંગ ઘૂસી જવું એ ધર્મમર્યાદા તો ના જ કહેવાય. વૈકુંઠ પણ કેવું કે ભારતની માફક છ દરવાજાઓ પાર કર્યા ત્યાં સુધી કોઈ રોકનાર કે ટોકનાર જ ન મળ્યું! સાતમા (છેલ્લા) દરવાજે જય-વિજયે પોતાના કર્તવ્ય પ્રમાણે તેમને રોક્યા તો તેમાં તેમણે ખોટું શું કર્યું? તેમણે તો તેમનો પોતાનો ધર્મ બજાવ્યો. એક વાર શિવાજી મહારાજ રાતના સમયે પોતાના કોઈ કિલ્લાના દરવાજે પહોંચ્યા અને પોતાની ઓળખ આપીને દરવાજો ઉઘાડવા બહુ જ આગ્રહ કર્યો, પણ દરવાને દરવાજો ન ઉઘાડ્યો. તેણે એક જ ઉત્તર આપ્યો, 'માલિકની આજ્ઞા નથી.' અંતે આખી રાત શિવાજી મહારાજ દરવાજા બહાર પડી રહ્યા. સવારે દરવાજો ઊઘડ્યો ત્યારે કિલ્લામાં ગયા અને પોતાને રોકી રાખનાર દરવાનને ભારે ઇનામ આપી તેનું બહુમાન કર્યું. તેમણે કહ્યું જ્યાં સુધી આવા માણસો હશે ત્યાં સુધી મારા કિલ્લાઓને આંચ આવવાની નથી.

જય-વિજયે પણ સભ્યતાપૂર્વક મુનિઓને રોકીને કોઈ અપરાધ નહિ કર્યો પણ પોતાનું કર્તવ્ય જ કર્યું ગણાય. આવા કર્તવ્યનિષ્ઠ દરવાનોની શિવાજી મહારાજની માફક કદર કરાવી જોઈએ તેની જગ્યાએ તેમને રાક્ષસ થઈ જવાનો શાપ મળે તે અવતારી મુનિઓ માટે શોભાસ્પદ કેમ ગણાય? અરે સ્વયં શ્રીહરિ પણ મુનિઓનો પક્ષ લઈને પોતાના દ્વારપાળોને ધમકાવે તો ધર્મ તથા ન્યાય ક્યાં રહ્યો?

ફરી પાછું અહીં પણ એવું જ બફાયું. જય-વિજયને આપેલા શાપથી નિર્દોષ પ્રજાને ભારે તકલીફ પડી, અને શ્રીહરિને અવતરવું પડ્યું. ખરેખર તો આ શાપ જય-વિજય કરતાં નિર્દોષ પ્રજા તથા શ્રીહરિને જ વધુ લાગ્યો ગણાય, કારણ કે સહન તો તેમને જ વધુ કરવું પડ્યું. સનકાદિ મુનિઓએ આવો શાપ આપવાની જગ્યાએ દ્વારપાળોને કર્તવ્યનિષ્ઠા માટે ધન્યવાદ આપી ઇનામ આપ્યું હોત તથા શ્રીહરિએ પણ પોતાના સ્વામીભક્ત દ્વારપાળોને ઇનામ આપ્યું હોત તો ધર્મની સ્થાપના ન થઈ હોત? કે શાપ આપવાથી ધર્મની સ્થાપના થઈ? માનો કે તેમ છતાં નિર્દોષ દ્વારપાળોને દોષી જ ઠેરવવા હોય તો પછી સૌથી મોટો અધર્મ તથા અવ્યવસ્થાનું કેન્દ્ર તો વૈકુંઠ જ થઈ જાય. શું દ્વારપાળોએ ગમે તેવા અજાણ્યા માણસોને (તેમાં પણ નગ્ન માણસોને) વૈકુંઠમાં જવા દેવા જોઈએ? તો પછી દ્વારપાળ રાખવાની જરૂર જ ક્યાં રહી? જેને જેમ આવવું-જવું હોય તેમ આવ-જા કરે. જ્યારે દ્વારપાળો રાખ્યા જ છે તો પછી તેમની જવાબદારીઓ તેઓ અદા કરે એ જ તેમના માટે ધર્મ કહેવાય.

પણ પુરાણકારને તો ભગવાનનો અવતાર કરાવવો છે, એટલે કોઈ ને કોઈ નિમિત્ત ઊભાં કરવાં છે. બસ, "રાક્ષસ થઈ જા પછી તને મારવા હું અવતાર લઉં." શ્રીહરિને અવતારવા હોય તો પહેલાં રાક્ષસોને અવતારવા જોઈએ. રાક્ષસો વિના શ્રીહરિ અવતાર લઈને કરે પણ શું?

શ્રીહરિના પાર્ષદ જય-વિજય આ રીતે રાક્ષસ થયા. એક થયો હિરણ્યાક્ષ અને બીજો થયો હિરણ્યકશિપુ. બન્નેનાં માબાપ દિતિ અને ઋષિ કશ્યપ છે. અર્થાત્ વંશ ઉત્તમ છે. બન્ને પૂર્વજન્મે જય-વિજય પાર્ષદ છે. શ્રીહરિની સમીપમાં રહેનારા છે. એટલે પૂર્વના સંસ્કારો તથા માતા-પિતાના આનુવંશિક ગુણો ઉત્તમ છે. બીજી તરફ આ રાક્ષસપણું કર્મના સિદ્ધાન્તથી નથી મળ્યું. અર્થાત્ પૂર્વના કોઈ ઘોર પાપના કારણે તેમને રાક્ષસજન્મ નથી મળ્યો પણ એક તરફ પોતાના સગા પિતા ઋષિ કશ્યપના તથા બીજી તરફ સનકાદિ મુનિઓના શાપથી રાક્ષસપણું પ્રાપ્ત થયું છે. હવે આ બે જીવો પ્રજા ઉપર કાળો કેર કરે તો તેમાં વાંક કોનો? કર્તવ્યનિષ્ઠારૂપી અપરાધના કારણે જય-વિજય ત્રણ જન્મો સુધી રાક્ષસ થતા રહ્યા અને તેમને મારવા શ્રીહરિ અવતાર ધારણ કરતા રહ્યા. પહેલાં તેઓ હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુ થયા, પછી રાવણ-કુંભકર્ણ થયા અને પછી શિશુપાલ તથા દંતવક્ત્ર થયા.

# 2. વરાહ

દિતિ અને કશ્યપ દ્વારા જન્મેલા બે પુત્રો હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુએ ભયંકર ઉત્પાત કરવા માંડ્યો. હિરણ્યાક્ષ તો હાથમાં ગદા લઈને ત્રણે લોકમાં યુદ્ધ કરવા માટે ફરવા લાગ્યો. તેની શક્તિ એટલી બધી હતી કે તેને જોતાં જ દેવો છુપાઈ જતા, સૌ કોઈ ગભરાઈ જતું. આ ભયંકર દૈત્યને કોઈ મારી શકે તેમ ન હતું. સ્વર્ગાદિ લોકોમાં ત્રાસ વર્તાવીને તે સમુદ્રમાં પ્રવેશ્યો તો વરુણના સૈનિકો ભાગી ગયા. વરુણે તેને નમ્રતાથી કહ્યું કે, ભાઈ, મારાથી યુદ્ધ થાય તેમ નથી. પણ જો તારે યુદ્ધ જ કરવું હોય તો શ્રીહરિની પાસે જા. તે તારી ઇચ્છા પૂરી કરશે. આવી રીતે સમજાવી-પટાવીને વરુણે હિરણ્યાક્ષને શ્રીહરિ પાસે મોકલ્યો. હવે શ્રીહરિની વાત કરીએ.

બ્રહ્માજી શ્રીહરિનું ધ્યાન કરતા હતા તેવામાં અકસ્માત્ તેમના શરીરના બે ભાગ થઈ ગયા. એક ભાગથી નર તથા બીજા ભાગથી નારી થઈ. બ્રહ્માજીએ નરનું નામ સ્વયંભૂ મનુ તથા નારીનું નામ શતરૂપા પાડીને બન્નેને પરણાવ્યાં અને સૃષ્ટિનો વિસ્તાર કરવાનું કામ સોંપ્યું. ત્યારે મનુએ કહ્યું કે "પૃથ્વી તો રસાતળમાં ગઈ છે. પહેલાં પ્રજાને રહેવા યોગ્ય પૃથ્વી તો આપો પછી પ્રજાનો વિસ્તાર કરીએ."

બ્રહ્માજી વિચારવા લાગ્યા કે વાત તો સાચી છે. રસાતળમાં ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કેવી રીતે કરવો? તેમણે શ્રીહરિનું ધ્યાન ધર્યું. તરત જ બ્રહ્માજીના નાકમાંથી અંગૂઠા જેટલું સફેદ રંગનું વરાહ (ભૂંડ) નીકળી પડ્યું, થોડી જ વારમાં તે હાથી જેટલું અને પછી પર્વત જેટલું મોટું થઈ ગયું. પછી તે વરાહ ભગવાન રસાતળમાં ગયા તથા ડૂબેલી પૃથ્વીને પોતાના દાંત ઉપર મૂકીને ઉપર આવવા લાગ્યા.

બીજી તરફ પેલો દૈત્ય ભગવાનને ખોળતો ખોળતો નારદ પાસે પહોંચ્યો. નારદે તેને રસાતળમાં ભગવાન ગયા છે તેવું બતાવ્યું એટલે તે રસાતળ તરફ દોડ્યો. રસ્તામાં જ પૃથ્વી લઈને ભગવાન આવી રહ્યા હતા. તેમને જોઈને હિરણ્યાક્ષે બહુ અપશબ્દો કહી યુદ્ધ માટે લલકાર કર્યો. વરાહ ભગવાનની ઇચ્છા હતી કે પૃથ્વીને તેને યોગ્ય સ્થાને ગોઠવી દેવી પછી યુદ્ધ કરવું, જ્યારે હિરણ્યાક્ષ તો તેમને પૃથ્વી લઈને આગળ વધવા જ દેવા માગતો ન હતો. પણ ભગવાને જળની ઉપર આવીને યોગ્ય સ્થળે પૃથ્વી સ્થાપિત કરી જ દીધી. પછી બન્ને વચ્ચે ભયંકર સંગ્રામ થયો. શ્રીમદ્ ભાગવતમાં આ યુદ્ધનું વર્ણન એવું કર્યું છે કે શ્રીહરિ કરતાં હિરણ્યાક્ષ વધુ બળવાળો હોય તથા મહાયોદ્ધો હોય તેવું લાગે છે. પણ અંતે ભગવાને તેના કાન ઉપર તમાચો મારીને તેને મારી નાખ્યો. બધા દેવો તથા ઋષિઓ આ દૈત્યના ભાગ્યનાં વખાણ કરવા લાગ્યા કે, ધન્ય છે, ધન્ય છે આ દૈત્યને કે જેનું મૃત્યુ સાક્ષાત્ ભગવાનના હાથે થયું છે. આવું મૃત્યુ પામનારનો તો ઉદ્ધાર જ થઈ જાય. આ રીતે ભગવાનનો વરાહરૂપથી આ બીજો અવતાર થયો.

હવે જરા વિચારીએ...

સનકાદિના શાપથી ભગવાનના જ દ્વારપાળો જય-વિજય દૈત્યો થયા, તેમાંનો જ આ એક હિરણ્યાક્ષ હતો. તે બળવાન બન્યો તથા ઉત્પાત મચાવવા લાગ્યો તે પણ પ્રથમ અવતારના શાપથી જ કરતો હતો. તેને મારવા તથા પૃથ્વીનો ઉદ્ધાર કરવા ભગવાન વરાહરૂપે પ્રગટ્યા તે આપણે જાણ્યું. પૃથ્વીનું રસાતળમાં જવું તથા ત્યાંથી તેનો ઉદ્ધાર કરી તેને યોગ્ય સ્થળે ગોઠવવી તે વરાહ અવતારનું પ્રયોજન રહ્યું ગણાય. આ કથાને રૂપક માનીને સમુદ્રમાં ડૂબેલી પૃથ્વીને હોલેન્ડ જેવા દેશની માફક સમુદ્રથી મુક્ત કરવાની ઇજનેરી પ્રક્રિયા માનીએ તો તે વધુ બુદ્ધિપૂર્વકની ગણાશે. જો આવું જ હોય તો વરાહ (ભૂંડ) ભગવાનના અવતારની કોઈ જરૂર ના પડે. હોલેન્ડ વગેરે દેશોએ વરાહ ભગવાનના અવતાર વિના પણ પ્રજાના પોતાના પુરુષાર્થથી ડૂબેલી પૃથ્વી પ્રાપ્ત કરી જ છે. એટલે આવી ઘટના એ આવતારિક ઘટના નહિ પણ પ્રજાના ઇજનેરી કૌશલ્યની ઘટના ગણાવી જોઈએ. પણ જો આ ઘટનાને ધાર્મિક રૂપ આપી વરાહ ભગવાનના દ્વારા તેની પુનઃસ્થાપના થઈ હોય તો કેટલાક પ્રશ્નો ઊભા થાય.

પૃથ્વીના ઉદ્ધાર માટે વરાહરૂપ જ કેમ ધારણ કર્યું? વરાહ એ જળચર પ્રાણી નહિ પણ સ્થળચર પ્રાણી છે. માછલીની માફક તે જળમાંથી પ્રાણવાયુ લઈને જીવી શકતું નથી. એટલે રસાતળમાં પડેલી પૃથ્વીને પાછી લઈ આવવા જળપ્રવેશ કરનાર વરાહને પ્રાણવાયુની તકલીફ પડે જ. બ્રહ્માના નાકમાંથી પ્રગટ થવું જ બતાવે છે કે તે કોઈ વાસ્તવિક ઘટના નથી.

પૃથ્વી રસાતળમાં ગઈ, તો જળ તથા રસાતળ કોના આધાર ટકી રહ્યાં? પૃથ્વી વિના સમુદ્ર ટકી શકે નહિ. પણ અહીં તો પૃથ્વીના આધારે સમુદ્ર નથી પણ સમુદ્રના છેલ્લા તળિયે રસાતળમાં પૃથ્વી પોતે ડૂબેલી પડી છે તેવું બતાવાયું છે. બીજી તરફ હિરણ્યાક્ષ દૈત્ય પણ પૃથ્વી વિના દોડાદોડી ક્યાં કરે? દિતિ અને કશ્યપ ક્યાં રહે? આખી વાત જ બુદ્ધિગમ્ય લાગતી નથી. વરાહ ભગવાને પૃથ્વીની સ્થાપના કર્યા પછી બન્ને લડ્યા તેવું લખાયું છે. તો પ્રશ્ન એ થાય છે કે પેલી સ્થાપિત કરેલી પૃથ્વી ઉપર લડ્યા કે પછી તે પૃથ્વીની બહાર લડ્યા? આ પણ કેવી વિચિત્રતા કે શ્રીહરિ પોતે પોતાના જ દાસ(દ્વારપાલ)ની સાથે પ્રચંડ યુદ્ધ કરે!

પુરાણ કહે છે કે અંતે હિરણ્યાક્ષ મરાયો. અહીં ફરી પાછો પ્રશ્ન થાય છે કે ભગવાનના હાથે મરણ પામે તેનો તો મોક્ષ જ થાય ને? તો પછી હિરણ્યાક્ષનો દૈત્યપણાથી છુટકારો કેમ નથી થતો? તેમનો મોક્ષ થવો જોઈએ અથવા તે ફરી પાછા જય-વિજય થઈ જવા જોઈએ. તે તો ફરીથી પાછો દૈત્ય જ થાય છે. તો ભગવાનના હાથે મરવાથી મુક્તિ મળે છે તેવી વાતની સત્યતા સંદિગ્ધ થઈ ગઈ ગણાય.

હિરણ્યાક્ષને મારીને વરાહ ભગવાન ફરી પાછા વૈકુંઠમાં પધારી ગયા. (ભાગવત 3-17થી 19 અધ્યાય.)

# 3. નારદ

પુરાણોને નારદ વિના એક ડગલું પણ ચાલે નહિ. જ્યાં જ્યાં કોકડું ગૂંચવાયું હોય અથવા જ્યાં કોકડું ગૂંચવવાનું હોય ત્યાં નારદ તો પહોંચી જ જાય. બ્રહ્માજીના માનસપુત્ર શ્રીનારદ પણ શ્રીહરિના અવતાર છે.

*તૃતીયં ઋષિસર્ગં ચ દેવર્ષિત્વમુપેત્ય સઃ ।*
*તંત્રં સાત્વતમાચષ્ટ નૈષ્કર્મ્યં કર્મણાં યતઃ ॥*

ભાગવત 1-3-8

(તે પરમેશ્વરે ઋષિઓની સૃષ્ટિમાં દેવર્ષિ નારદના રૂપમાં ત્રીજો અવતાર ગ્રહણ કર્યો અને નારદપંચરાત્રને ઉપદેશ કર્યો, જેમાં કર્મોના દ્વારા કર્મબંધનથી કેવી રીતે મુક્તિ મળે છે તેનો ઉપદેશ છે.)

નારદને સ્થિર ન રહી શકવાનો શાપ મળ્યો તે કથા જાણવા જેવી છે.

દક્ષ પ્રજાપતિએ પંચજનની પુત્રી અસિકનીથી હર્યાશ્વ નામના દશ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા અને સૃષ્ટિવિસ્તાર કરવાનો આદેશ આપ્યો, પછી પેલા પુત્રો પશ્ચિમ સમુદ્ર અને સિંધુ નદીના સંગમવાળા નારાયણ સરોવરના ક્ષેત્રે પહોંચ્યા. નારદજી પણ ત્યાં પહોંચ્યા અને પેલા હર્યાશ્વોને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની જગ્યાએ નિવૃત્તિમાર્ગમાં (સાધુ જીવનમાં) વાળી દીધા. આથી દક્ષ પ્રજાપતિ કોપાયમાન થયા અને શાપ આપ્યો કે "નારદ, તમે ભટકતા રહેશો, બે કલાકથી વધુ કોઈ જગ્યાએ ટકી શકશો નહિ."

નારદની પ્રસિદ્ધિ લડાવી મારનાર પાત્ર તરીકેની છે. લગભગ પ્રત્યેક અવતારની સાથે નારદનો સંબંધ કોઈ ને કોઈ રીતે થતો જ હોય છે, એટલે એમ કહી શકાય કે એકસાથે અનેક અવતારો એકબીજાના અવતારીપણાને જાણ્યા વિના મળે છે. નારદ તો વારંવાર શ્રીહરિને પણ મળે છે. નારદ જેવા અવતારને પણ મોહ થાય છે. રાજકુમારી મેળવવા તે વિષ્ણુનું રૂપ માગે છે. વિષ્ણુ પોતાના રૂપની જગ્યાએ વાનરરૂપ આપી નારદની ફજેતી કરાવે છે. અંતે જય-વિજય તેમને ભાન કરાવે છે. નારદ ક્રોધમાં રાતાચોળ થઈ જય-વિજયને રાક્ષસ થવાનો તથા શ્રીહરિને પત્નીવિયોગમાં ભટકતા રહેવાનો શાપ પણ આપે છે. આવી કથાઓ નારદ સાથે સંકળાયેલી છે.

નારદ ઐતિહાસિક વ્યક્તિ નથી લાગતી, કારણ કે લગભગ પ્રત્યેક પૌરાણિક પ્રસંગમાં તેમની ઉપસ્થિતિ હોય છે. જો તે વિષ્ણુના અવતાર હોય તો મોહ, ક્રોધ, કામવિહ્વળતા, શ્રીહરિને ન ઓળખવા વગેરે માનવીય દુર્બળતાઓ તેમનામાં દેખાવી ના જોઈએ. જો હરિનો અવતાર હોવા છતાં પણ આવા દોષો હોઈ શકે તેવું માનીએ તો પછી અવતાર તથા માનવમાં ફરક ક્યાં રહ્યો! 'નારદવેડા' નામથી પ્રસિદ્ધ તેમનું વ્યક્તિત્વ જો વિષ્ણુના અવતારનું વ્યક્તિત્વ હોય તો લગભગ ગામેગામ 'નારદવેડા' કરનારા અવતારો આજ પણ જોઈ શકાય છે.

# 4. નર-નારાયણ

સૃષ્ટિ શરૂઆતમાં ધર્મની સહધાર્મિણી મૂર્તિથી ભગવાન વાસુદેવના બે અવતાર થયાઃ નર તથા નારાયણ.

બંને ઋષિઓ (નર-નારાયણ) ગંધમાદન પર્વત ઉપર તપસ્યા કરવા લાગ્યા. તેમના તપથી દેવરાજ ઇંદ્ર ભયભીત તથા શંકાશીલ થયા કે કદાચ આ નર-નારાયણ મારું સ્થાન પડાવી લેશે. ઇન્દ્રે નર-નારાયણને લલચાવવા વારંવાર કાંઈક માગવા કહ્યું પણ બન્ને મૌન રહ્યા. હારેલા ઇન્દ્રે તેમને ભયભીત કરવા ઝંઝાવાત, પ્રલયંકર વૃષ્ટિ તથા અગ્નિવર્ષા વગેરે કરી જોયાં, પણ વ્યર્થ. નર-નારાયણ અડગ રહ્યા. છેવટે સ્વર્ગની અપ્સરાઓ રંભા, તિલોત્તમા, પુષ્પગંધા સુકેશી તથા કાંચનમાલિની તથા વસંત અને કામદેવને મોકલ્યા. આ બધાંએ મળીને નર-નારાયણને તપથી વિચલિત કરવા ભારે પ્રયત્નો કરી જોયા, પણ વ્યર્થ નર-નારાયણ સ્વસ્થ રહ્યા. ઊલટાનું નર-નારાયણે કામદેવ વગેરેનું સારું આતિથ્ય કર્યું. પછી પોતાની તપસ્યાથી રૂપરૂપના અંબાર જેવી હજારો સ્ત્રીઓ ઉત્પન્ન કરી. આ બધી સ્ત્રીઓ અવતારી શ્રીનર-નારાયણ પ્રભુની સેવા કરી રહી હતી (અર્થાત્ અપ્સરાઓને પણ શરમાવે તેવી હજારો સ્ત્રીઓ તેમની પાસે હતી, પછી અપ્સરાઓથી વિચલિત થવાનો પ્રશ્ન જ ક્યાં હતો?) તેમના શરીરની સુગંધથી ઇન્દ્રના અનુચરો મોહિત થઈ ગયા.

શ્રીનર-નારાયણે કહ્યું, 'જાઓ, આમાંથી જે સ્ત્રી તમને પસંદ હોય તે તમે લઈ જાઓ, જેથી સ્વર્ગની શોભા વધે.'

'પ્રભુ આપની આજ્ઞા માથા ઉપર.' એમ કહીને બધી સ્ત્રીઓમાં સૌથી શ્રેષ્ઠ એવી ઉર્વશીને લઈને અનુચરો સ્વર્ગે ચાલતા થયા. નર-નારાયણનો મહિમા સાંભળી ઇન્દ્ર ચકિત થઈ ગયો.

આ થઈ પ્રથમ કથા. અહીં એટલું વિચારવાનું છે કે ઇન્દ્ર જેવા દેવોના રાજાને પણ 'આ વિષ્ણુનો અવતાર છે' તેવી ખબર નથી પડતી. ઇન્દ્રનું સમગ્ર ચરિત્ર કોઈ ભલા માણસનું નથી દેખાતું, પણ પ્રત્યેક અશુદ્ધ ઉપાય દ્વારા પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાનું દેખાય છે.

જો દેવોનો રાજા જ આવો હોય તો બિચારા દેવોની તો વાત જ શી કરવી? બીજા પક્ષે અસુરો કાંઈક ભૂલ કરતા હોય તો તે દેવોની તુલનામાં બહુ ભારે નિંદિત ન કહેવાય. આવી સ્થિતિમાં અસુરો પ્રત્યે ઘૃણા અને દેવો પ્રત્યે બહુમાનનો ભાવ પુરાણો જગાડે તો તે નિષ્પક્ષ તો ન જ કહેવાય અને સ્વયં ભગવાન અવતાર ધારણ કરીને આવા દેવોને જિતાડવા પ્રયત્ન કરે તો તે પણ વિચારણીય થઈ જાય.

ભગવાન નર-નારાયણે પોતાનો પ્રભાવ બતાવવા હજારો રૂપવતી સ્ત્રીઓ ઉત્પન્ન કરી અને મોહિત થયેલા ઇન્દ્રના અનુચરોને ઇચ્છા પ્રમાણે લઈ જવાની છૂટ આપી. અનુચરોએ પણ સારામાં સારી ઉર્વશી સ્ત્રીને પસંદ કરી અને એને સ્વર્ગમાં લઈ ગયા. આ બધી કથા ધર્મસ્થાપના સાથે શું મેળ ધરાવે છે? આ ઉર્વશી આગળ જતાં અપ્સરા થઈ અને અનેકનાં તપ ખંડિત કરવાના કામમાં લાગી. પરંતુ આના કરતાં નરનારાયણ ભગવાને પેલા અનુચરો તથા ઇન્દ્રના મનને એવું નિર્મળ બનાવ્યું હોત કે તે પોતાની સ્ત્રી સિવાય બીજી કોઈ પણ સ્ત્રી પ્રત્યે આકર્ષાય જ નહિ, તો તેથી વધુ ઉત્તમ ધર્મની સ્થાપના થઈ શકી હોત.

ચાલો, બીજી કથા કહીએ.

'ભૃગુનંદન ચ્યવન ઋષિને રેવા નદીના તટે એક સર્પે પકડી લીધા તથા પાતાળમાં લઈ ગયો. પાતાળમાં નાગકન્યાઓ ઋષિની સેવા કરવા લાગી.

ત્યાં દાનવોના રાજા પ્રહ્લાદ મળ્યા. પ્રહ્લાદે ચ્યવન ઋષિની ખૂબ પૂજા કરી. પછી બધાં તીર્થોનો મહિમા સાંભળી, પ્રહ્લાદ પોતાના દાનવો સાથે નૈમિષારણ્ય ગયો. ત્યાં નર-નારાયણ ઋષિ, જટાધારી થઈને તથા ધનુષબાણ લટકાવીને તપસ્યા કરતા હતા. તેમનું તપસ્વી તથા યોદ્ધાનું રૂપ જોઈને પ્રહ્લાદને થયું કે આ કોઈ પાખંડી તપસ્વી છે. બન્નેને ઉગ્ર બોલાચાલી થઈ અને બન્ને વચ્ચે ભીષણ યુદ્ધ થયું. દેવતાઓનાં એક હજાર વર્ષ સુધી બન્ને વચ્ચે ભીષણ યુદ્ધ ચાલતું રહ્યું પણ કોઈ પક્ષ વિચલિત ન થયો. અંતે ભગવાન વિષ્ણુ સ્વયં આવ્યા અને પ્રહ્લાદને સમજાવ્યો કે આ નર-નારાયણ તો મારા અવતાર છે. તેમને તું જીતી શકીશ નહિ. ત્યારે પ્રહ્લાદ પોતાના

પાતાળલોકમાં ચાલ્યો ગયો અને નર-નારાયણ તપ કરવા લાગ્યા.

આ કથા પણ થોડી ચર્ચા માગે છે. પ્રથમ તો નર-નારાયણની ઉત્પત્તિ સૃષ્ટિની શરૂઆતમાં બતાવી છે, જ્યારે પ્રહ્લાદ તો નૃસિંહ અવતારના સમયે બાળક હતો. પોતાના પિતાનો વધ થયા પછી તે રાજા થઈ પાતાળમાં ગયો હશે. એટલે નર-નારાયણ તથા પ્રહ્લાદનો સમય ઘણો આગળ-પાછળ છે. બીજું, પ્રહ્લાદ તથા નર-નારાયણનું યુદ્ધ એક હજાર દેવવર્ષ સુધી ચાલ્યું તો પણ નર-નારાયણ જીતી ન શક્યા. તેથી તેમનું સામર્થ્ય અવતારીપણાને શરમાવે તેવું લાગે છે. તેના કરતાં તો અવતાર ન હોવા છતાં પણ પ્રહ્લાદનું સામર્થ્ય ઉત્તમ કહેવાય. કારણ કે તે અવતારો સાથે હજાર વર્ષ લડીને પણ અપરાજિત રહ્યો. જ્યારે સ્વયં વિષ્ણુ આવ્યા ત્યારે તેમની આજ્ઞા માનીને ચાલતો થયો. આ હજાર વર્ષનું યુદ્ધ એક રીતે તો પરિણામ-શૂન્ય જ રહ્યું. તેથી કાંઈ ધર્મની સ્થાપના ના થઈ. અનિષ્ટોનું નિરાકરણ પણ ના થયું. વ્યર્થનાં હજાર વર્ષ બન્ને પક્ષે બરબાદ થયાં. અવતાર જો ધર્મસ્થાપના માટે થયો હોય તો સામા અજ્ઞાની પક્ષને બુદ્ધિ, સમજણ, પ્રેમ વગેરે સદ્‌ગુણોથી યોગ્ય માર્ગે લાવવો જોઈએ. પ્રહ્લાદ કોઈ દુષ્ટ માણસ તો ન હતો, તે પણ વિષ્ણુભક્ત જ હતો. તો પછી વિષ્ણુભક્ત અને વિષ્ણુના અવતાર વચ્ચે યુદ્ધની શી જરૂર ?

ત્રીજી કથાઃ

દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં ભગવાને રુદ્રને ભાગ ન આપવાથી રુદ્ર ક્રુદ્ધ થયા અને દધીચિના કહેવાથી યજ્ઞભંગ કરવા માટે ત્રિશૂળનો પ્રહાર કર્યો. યજ્ઞનો ભંગ કરીને પેલું ત્રિશૂળ બદરિકાશ્રમમાં નારાયણના વક્ષ ઉપર વાગ્યું. ત્રિશૂળના તાપથી નારાયણની જટા મુંજના રંગની થઈ ગઈ તેથી તેમનું નામ 'મુંજકેશ' પડ્યું. નારાયણે ત્રિશૂળના સામે હુંકાર કર્યો એટલે ત્રિશૂળ પાછું શિવના હાથમાં ચાલ્યું ગયું. શિવ ક્રુદ્ધ થયા અને ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. નારાયણે શિવનું ગળું પકડી લીધું જેથી તે નીલવર્ણનું થઈ ગયું. આથી શિવ નીલકંઠ કહેવાયા. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થતું જોઈને ત્રૈલોક્ય કાંપી ઊઠ્યું. ત્યારે બ્રહ્માજી ત્યાં પહોંચી શિવને શાન્ત કરવા પ્રાર્થના-સ્તુતિ કરવા લાગ્યા. બ્રહ્માજીની વાણી સાંભળીને શિવને ભાન થયું કે, નારાયણ અવતાર છે એટલે યુદ્ધ બંધ કરીને નારાયણને શરણે ગયા. પછી રુદ્ર ચાલ્યા ગયા અને નારાયણ તપ કરવા લાગ્યા. (મહાભારત, શાંતિપર્વ).

ફરી પાછો ધબડકો વળ્યો લાગે છે. શિવ પણ પરમાત્મા છે તેવું અનેક વાર કહ્યા પછી શિવ તથા નારાયણ અવતાર વચ્ચે ખાસ કાંઈ મહત્ત્વના કારણ વિના યુદ્ધ શરૂ કરાવી દીધું. યજ્ઞમાં ભાગ ન મળવાથી પ્રાચીન કાળમાં ભારે ઝઘડા થતા. આવા અસંતોષથી ઘણી વાર યજ્ઞભંગ પણ કરી દેવાતો. શિવે તે જ હેતુ માટે ત્રિશૂળ માર્યું. અજાણતાં નારાયણને વાગી ગયું. તેમણે પાછું પાડ્યું અને ફરીથી શિવના હાથમાં આવ્યું. વાત પૂરી થઈ ગઈ. પણ 'પાછું કેમ પાડ્યું?' તેના આક્રોશથી શિવે યુદ્ધ શરૂ કરી દીધું. ભયંકર યુદ્ધમાં નારાયણે ગળું પકડ્યું. માંડ છોડ્યું. તોય કાળું તો થઈ જ ગયું. અંતે બ્રહ્માજીએ ભાન કરાવી યુદ્ધ બંધ રખાવ્યું. આવી કથાથી શિવ તથા નારાયણનો મહિમા વધ્યો કે ઘટ્યો? આ તો ચારે તરફ થઈ જ રહ્યું છે. શિવ અને અવતાર પણ આવી સામાન્ય ક્રિયાથી વિરક્ત નથી રહેતા, તો ધર્મરક્ષણ કે ધર્મની સ્થાપના ક્યાં ગઈ ?

આવી રીતે બીજાં મહત્ત્વહીન યુદ્ધો પણ નર-નારાયણે કર્યાં બતાવાયાં છે. ભગવાનનો ત્રીજો અવતાર નારદ પણ નર-નારાયણ અવતાર પાસે આવી તપસ્યાનો માર્ગ ગ્રહણ કરતા રહ્યા છે. આવી રીતે મહાભારત શાંતિપર્વમાં નરનારાયણના અવતારની કથા છે.

અહીં એક બીજો મહત્ત્વનો લાભ થાય છે કે આ બન્ને (નર-નારાયણ) વિષ્ણુના અવતાર હતા કે બેમાંથી કોઈ એક જ? બેમાંથી કોઈ એક જ હોય તો બીજાને અવતાર ન કહેવાય. જો બન્ને અવતાર હોય તો પ્રશ્ન થાય કે એક જ અવતાર પર્યાપ્ત કહેવાય. બેની શી જરૂર? એક જ વિષ્ણુ બે ભાગમાં વહેંચાઈ ગયા? અખંડ, સર્વ વ્યાપક વિષ્ણુ ખંડ થઈ ગયા! બન્નેમાં સરખું સામર્થ્ય હતું કે પછી ઓછુંવત્તું? આવા ઘણા પ્રશ્નો ઊભા થાય. એનું અવતારવાદની માન્યતાથી સમાધાન કરવું કઠિન થઈ જાય. દેવો કે ભગવાનો પરસ્પરમાં ગમે તેટલું લડ્યા હોય પણ તેથી સામાન્ય પ્રજાનું શું કલ્યાણ થયું? અવતાર જો લોકોનાં દુઃખો દૂર કરવા થતો હોય તો સૌએ અનુશીલન કરીને જોવું જોઈએ કે આ અવતારે લોકો માટે શું કર્યું? નરનારાયણના અવતારને પણ આ રીતે મૂલવવો જોઈએ.

# 5. કપિલ

ભારતી દર્શનોમાં મહર્ષિ કપિલનું સ્થાન શુક્ર તારાની માફક સૌથી વધુ દેદીપ્યમાન છે. વૈદિક કર્મકાંડ તથા હિંસક યજ્ઞોની જગ્યાએ તેમણે જ્ઞાનમાર્ગ (સાંખ્યમાર્ગ)ની પ્રસ્થાપના કરીને હિંસામાર્ગમાં ભૂલા પડેલા લોકોને ઉત્તમ માર્ગ બતાવ્યો હતો. બુદ્ધ તથા ગીતા વગેરે ગ્રંથો ઉપર પણ કપિલના દર્શનનો પ્રભાવ છે જ. આવા સમર્થ મહર્ષિઓ પોતાની જાતે પોતાને ભગવાન બતાવ્યા નથી. ઊલટાનું સૃષ્ટિકર્તા કોઈ પરમેશ્વર નામનું તત્ત્વ છે તેની જ તેમણે ઉપેક્ષા કરી છે. ઘણા લોકો કપિલના દર્શનને નિરીશ્વરદર્શન માને છે. જો આ સાચું હોય તો જે સ્વયં નિરીશ્વરવાદના પ્રસ્થાપક હોય તે પોતે પોતાને ઈશ્વરના અવતાર કેમ જાહેર કરે? છતાં ભાગવતમાં (3-25-41) તેમને ઈશ્વરનો અવતાર બતાવવામાં આવ્યો છે. ચોવીસ અવતારોમાં તેમનો પાંચમો અવતાર છે.

કર્દમ નામના ઋષિએ દેવહૂતિ નામની સ્વયંભૂ મનુની ક્ષત્રિય કન્યા સાથે વિવાહ કર્યો (પિતા બ્રાહ્મણ અને માતા ક્ષત્રિય), તેમનાથી નવ કન્યાઓ તથા છેવટમાં એક પુત્ર થયો, જે કપિલ ઋષિ કહેવાયા. મહર્ષિ કપિલે કોઈ યુદ્ધ કર્યું નથી કે દેવ તથા અસુરોનો સંહાર કર્યો નથી. તેમણે સાંખ્યશાસ્ત્રની રચના કરીને પુરુષ-પ્રકૃતિના ભેદો તથા રહસ્યો બતાવવાનો પ્રયત્ન કર્યો છે. સાંખ્યના જે ભૌતિક સિદ્ધાન્તો તેમણે તથા પાછળના અનુયાયીઓએ રચ્યા છે, તે આજે વૈજ્ઞાનિક યુગમાં ઘણું સંશોધન માગે છે. સેંકડો વર્ષ પહેલાં બાંધેલી માન્યતા પ્રયોગશાળાના પ્રયોગો પછી આજે ઘણી બદલાઈ ગઈ છે. તેમ છતાં કણાદ, ગૌતમ, પતંજલિ વગેરે બીજા અનેક ઋષિઓની માફક કપિલનું પણ પૂરેપૂરું મહત્ત્વ છે જ. પણ કોઈ દર્શન કે શાસ્ત્રની રચના કરવા માત્રથી કોઈ પરમેશ્વર ન થઈ જાય. તે ઋષિ છે, પરમેશ્વર નહિ. જો તેમને ભગવાનનો અવતાર મનાય તો બીજા ઘણા તેમની કક્ષાના ઋષિઓને પણ અવતાર કહેવા જોઈએ. મહર્ષિ કપિલે પોતાની માતા દેવહૂતિને જ્ઞાન આપ્યું તે કથા સુપ્રસિદ્ધ છે. કપિલનું સાંખ્યજ્ઞાન યજ્ઞયાગાદિ ઉપર ભાર નથી મૂકતું પણ જ્ઞાન તથા યોગસાધના ઉપર ભાર મૂકે છે. બીજા ઘણા ઋષિઓ પણ મહર્ષિ કપિલ જેવા જ જ્ઞાની તથા જ્ઞાનપ્રસારક થયા છે. એટલે માત્ર કપિલને જ વિષ્ણુનો અવતાર કહેવો તે યુક્તિસંગત લાગતું નથી. તેમણે જે કાંઈ કર્યું તે અવતાર ના હોય. તેવા ઋષિઓ પણ કરતા રહ્યા છે.

સૌથી નવાઈ તો ત્યારે થાય છે કે જો કપિલ વિષ્ણુના અવતાર હોય તો તેમનું જ્ઞાન સંપૂર્ણ સત્ય જ હોય, તો પછી બીજાં દર્શનો તથા શંકરાચાર્ય જેવા આચાર્યો તેમના સિદ્ધાન્તનું ખંડન કેમ કરે છે? બીજાં દર્શનો તથા કેટલાક આચાર્યો સાંખ્યસિદ્ધાન્તને ત્રુટિપૂર્ણ માને છે. વધારામાં બુદ્ધ પણ અવતાર છે તો બુદ્ધ, વ્યાસ, કપિલ વગેરે ત્રણે અવતારો તથા શંકરાચાર્ય જેવા આચાર્યોનું જ્ઞાન (સિદ્ધાન્ત) પરસ્પરમાં એકદમ વિરુદ્ધ કેમ થઈ ગયું છે? અવતારો પણ પરસ્પરમાં વિરોધી સિદ્ધાન્તો કહે ખરા? જો અવતારો જ પરસ્પરમાં એકમત ન હોય તો સામાન્ય પંડિતો કે માણસોની વાત જ શી કરવી?

# 6. દત્તાત્રેય

છઠ્ઠો અવતાર દત્તાત્રેયજીનો છે.

અત્રિ ઋષિએ વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરી કે, 'પ્રાણીઓનાં દુઃખ દૂર કરે તેવો પુત્ર મને આપો.' ત્યારે ભગવાને કહ્યું કે, મેં જ મને તમને આપ્યો. (શ્રીમદ્ ભાગવત 2-7-4) એટલે ભગવાન વિષ્ણુ જ સ્વયં પોતે અત્રિને ત્યાં જન્મ્યા. દીધેલા હોવાથી દત્ત તથા અત્રિના પુત્ર હોવાથી આત્રેય. આમ દત્ત+આત્રેય થઈને દત્તાત્રેય થયા. દત્તાત્રેય બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું એકએક એમ ત્રણ માથાં છે તે વિષે એક આખ્યાયિકા છે.

એક વાર સાવિત્રી, ઉમા અને રમા એમ ત્રણે (બ્રહ્મા, મહેશ, વિષ્ણુ) દેવોની પત્નીઓએ અનસૂયાના સતીત્વનો મહિમા સાંભળ્યો. આ સાંભળવાથી તેમને ઈર્ષ્યા થઈ અને પોતપોતાના પતિઓને અનસૂયાના સતીત્વનું પરીક્ષણ કરવા અત્રિ ઋષિના આશ્રમે મોકલ્યાં. ત્રણે અનેક ઉપાયો દ્વારા પણ અનસૂયાને વિચલિત ન કરી શક્યા, ત્યારે અનસૂયાને નગ્ન થઈને જમાડવાનો આગ્રહ કર્યો. અનસૂયાજીએ પોતાના તપથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને નાનાં ધાવણાં શિશુ બનાવી દીધાં તથા પોતાના ખોળામાં બેસાડીને સ્તનપાન કરાવવા લાગ્યાં. ઘણાં વર્ષો વીતી ગયાં પણ ત્રણે દેવો પાછા ન આવ્યા એટલે સાવિત્રી, ઉમા તથા લક્ષ્મી અનસૂયા પાસે આવ્યાં અને પોતાના પતિઓની દશા જોઈ પ્રાર્થના કરવા લાગ્યાં કે હવે આમને મુક્ત કરો. અનસૂયાજીને દયા આવી અને તેમણે ત્રણે દેવોને મુક્ત કર્યા. ત્રણે જતાં જતાં કહેતા ગયા કે માતાજી, આપ ચિંતા ના કરશો. અમે ત્રણે આપની પાસે પુત્ર થઈને એકસાથે રહીશું. આ ત્રણે દેવો દત્તાત્રેયના રૂપમાં અનસૂયા માતાના ગર્ભથી જન્મ્યા, તેથી તેમને ત્રણ માથાં છે.

આ કથા ઉપર થોડો વિચાર કરીએ. અનસૂયા જેવી સ્ત્રી સતીભાવથી રહે તો સાવિત્રી, લક્ષ્મી અને ઉમા જેવી જગતજનની મહાશક્તિઓને ઈર્ષ્યા થાય તેમાં આ ત્રણે મહાશક્તિઓનું સ્થાન કેટલું નીચું આવી જાય! જે પરમેશ્વરની મહાન શક્તિઓ છે. અથવા જે એક રીતે સ્વયં પરમેશ્વર જ છે, તેમને પણ મર્ત્યલોકની એક સામાન્ય સ્ત્રી પતિવ્રતાધર્મથી રહે તેની ઈર્ષ્યા થાય? શું આ દેવીઓ કોઈના સદ્ગુણોને પણ સહન નથી કરી શકતી? ચાલો, ઈર્ષ્યા થઈ. હવે સતીત્વની કસોટી કરવા (સતીત્વનો ભંગ થાય છે કે નહિ તેની પરીક્ષા કરાવવા, જેમ ઇન્દ્ર અપ્સરાઓને મોકલતો તેમ) ત્રણે દેવીઓએ પોતપોતાના પતિઓને મોકલ્યા. આ પતિઓ (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ) પણ કેવા કે તરત જ પરીક્ષા કરવા તૈયાર થઈ ગયા? પોતાની અજ્ઞાની અને ઈર્ષાળુ પત્નીઓને સમજાવી ન શક્યા કે ખબરદાર, આવી પરીક્ષા ન થાય, અને તેમાં પણ અમારા દ્વારા તો ન જ થાય. આવું કશું બોલ્યા વિના આજ્ઞાકારી પતિઓની માફક પરીક્ષા કરવા ગયા. અત્રિની ગેરહાજરીમાં તેમણે પરીક્ષા કરી, પણ અનસૂયા દઢ રહ્યાં. અંતે નગ્ન થઈને જમાડવાની યાચના કરી, તો સ્વયં પોતે જ બાળક થઈ ગયા. ઈર્ષાળુ પત્નીઓને અંતે ભાન થયું. પગે પડ્યા ત્યારે માંડ છુટકારો થયો.

અહીં પ્રશ્ન એ થાય છે કે તો પેલા ત્રણે દેવોનું વ્યક્તિત્વ તથા દૈવત કેવું અને કેટલું? તેમણે જે કાંઈ કર્યું તે ધર્મકાર્ય હતું કે અધર્મકાર્ય હતું? માનો કે અનસૂયાજી કદાચ વિચલિત થયાં હોત તો આ ત્રણે દેવોને પુણ્ય થાત કે પાપ? જે વિષ્ણુ ધર્મની સ્થાપના માટે અવતાર લે છે તે જ વિષ્ણુએ એક પવિત્ર સ્ત્રી પોતાનો ધર્મ પાળી રહી છે, તેનું રક્ષણ કરવાનું હોય કે તેને કસોટીએ ચડાવવાની હોય? અને તે પણ પોતાની પત્નીઓની ઈર્ષ્યાવૃત્તિને સંતોષવા માટે? આ કથાથી અનસૂયાજીનો તો મહિમા વધ્યો પણ ત્રણ દેવો તથા તેમની ત્રણ દેવીઓનું વ્યક્તિત્વ તો ઘણું નીચું ઊતરી ગયું ને!

દત્તાત્રેય જ્ઞાન-વૈરાગ્યના દેવ છે. તેમનો વેશ અવધૂત જેવો તથા સાથે કૂતરાં વગેરે રાખે છે. ભગવાન વિષ્ણુના આ છઠ્ઠા અવતારની કથા ભાગવત વગેરે પુરાણોમાં વિસ્તારથી જોઈ શકાય છે, તેમાં કેટલીક બાબતો ખાસ ધ્યાન ખેંચે તેવી છે. દત્તે ચોવીસ ગુરુ કર્યા હતા, જેમ આજકાલ કાન ફૂંકાવીને ગુરુ કરાવાય છે તેમ નહિ, પણ જે વસ્તુઓ પાસેથી તેમને સદ્બોધ મળ્યો તે બધાને ગુરુ તરીકે સ્વીકાર્યા. આપણે પણ આટલી જ વાત સ્વીકારીએ કે જ્ઞાનવિકાસ માટે જ્યાં જ્યાંથી ઉપયોગી જ્ઞાન મળે તે બધા ગુરુ. કોઈ એક નિશ્ચિત જગ્યાએ

કાન ફૂંકાવવાથી તો જ્ઞાનનો અવરોધ થઈ જાય છે. આખું વિશ્વ ગુરુ જ છે. જેનામાં જ્ઞાનની ગ્રહણશક્તિ હોય તે શક્તિ પ્રમાણે ગ્રહણ કરે.

# 7. યજ્ઞ

વિષ્ણુનો સાતમો અવતાર તે યજ્ઞ છે.

સ્વયંભૂ મનુની શતરૂપા પત્નીને આકૂતિ નામની કન્યા થઈ (ક્ષત્રિય) તેને રુચિ નામના પ્રજાપતિ (બ્રાહ્મણ) સાથે પરણાવી. આ રુચિ તથા આકૂતિથી યજ્ઞ ભગવાનનો જન્મ થયો. દેવતાઓની શક્તિ વધારવા તેમણે ભારે પ્રયત્ન કર્યો.

એક વાર સ્વયંભૂ મનુ તથા શતરૂપા સુનન્દા નદીના તટ ઉપર તપસ્યા કરતાં હતાં ત્યારે અત્યંત ક્ષુધાર્ત અસુરો તથા રાક્ષસો તેમને મારી ખાવા દોડી આવ્યા... પોતાનાં નાના-નાનીને કષ્ટમાં પડેલાં જોઈને યજ્ઞ ભગવાન પોતાના બાર પુત્રો સાથે દોડી આવ્યા અને અસુરોને ભગાડી મૂક્યા. પછી દેવતાઓએ પ્રસન્ન થઈને યજ્ઞ ભગવાનને ઇન્દ્રાસન ઉપર બેસાડ્યા.

# 8. ઋષભદેવ

વિષ્ણુના આઠમા અવતાર ઋષભદેવ છે. તેમની કથા આવી છેઃ

પ્રિયવ્રત નામના રાજાને આગ્નિધ્ર નામનો પુત્ર હતો. પુત્રને રાજ્ય આપીને રાજા પ્રિયવ્રત વનમાં તપ કરવા ગયા. રાજા આગ્નિધ્ર પોતાની પ્રજાનું બરાબર ધર્મ પ્રમાણે પાલન કરવા લાગ્યો. એક વાર આ રાજાને પુત્રની ઇચ્છા થઈ. તે મંદરાચલ પર્વતની ગુફામાં બેસીને તપ કરવા લાગ્યો. બ્રહ્માજીએ તેની ઇચ્છા પૂરી કરવા પૂર્વચિત્તિ નામની અપ્સરાને આગ્નિધ્ર રાજા પાસે મોકલી (ભાગવત 5-2). રાજા તે અપ્સરામાં મોહિત થઈ ગયો અને પછી ઘણાં વર્ષો સુધી તેમણે ભોગો ભોગવ્યા. તે રાજાએ તે અપ્સરાથી 1. નાભિ, 2. કિંપુરુષ, 3. હરિવર્ષ, 4. ઇલાવૃત્ત 5. રમ્યક, 6. હિરણ્યમય, 7. કુરુ, 8. ભદ્રાશ્વ તથા 9. કેતુમલ નામના નવ પુત્રો ઉત્પન્ન કર્યા, અને અપ્સરા પાછી બ્રહ્માજી પાસે ચાલી ગઈ.

રાજા આગ્નિધ્ર વિષયભોગથી તૃપ્ત થયો ન હતો, તેનું મન પેલી ચાલી ગયેલી અપ્સરામાં જ રમ્યા કરતું હતું એટલે મર્યા પછી અપ્સરાના લોકને પામ્યો.

નાભિરાજા મેરુદેવીને પરણ્યા પણ પુત્ર ન હોવાથી ભારે તપસ્યા કરી. ભગવાન પ્રસન્ન થયા અને ‘મારા જેવો પુત્ર આ નાભિરાજાને પ્રાપ્ત થાય.’ તેવા ઋત્વિકોના આશીર્વાદને પૂરો કરવા પોતે જ અંશથી અવતાર ધારણ કર્યો.

આ હતા ઋષભદેવ (ભાગવત 5-3). ઋષભદેવજીને સો પુત્રો થયા, રાજપાટ કર્યું, પછી વિરક્ત સંન્યાસી થઈને દિગંબર અવસ્થામાં ભ્રમણ કરી દેહત્યાગ કર્યો.

શ્રી ઋષભદેવજીનું જેવું ચરિત્ર શ્રીમદ્ ભાગવતમાં વર્ણિત કર્યું છે તેવું ચરિત્ર તો હજારો સાધુ-સંન્યાસી સંતોનું પણ સંભળાય છે તથા અત્યારે પણ જોવાય છે. એટલે તેમાં ખાસ કોઈ અદ્ભુત વાત નથી. કોઈ વ્યક્તિવિશેષને આપણે જો ઈશ્વર કે તેનો અવતાર માનીએ તો સામાન્ય લોકોથી કાંઈક તો વિશેષતા તથા અદ્ભુતતા હોવી જોઈએ. પણ આવું કશું જ દેખાતું નથી. પોતપોતાની સમજણ તથા રીત પ્રમાણે જે જે મહાપુરુષો થયા તેમણે ઉપદેશ આપ્યો છે તથા માર્ગ બતાવ્યો છે. આવું કરનાર વ્યક્તિને જો તેણે લોકોને સાચો માર્ગ બતાવ્યો હોય તો બહુ બહુ તો આપણે મહાપુરુષ કહીએ, સંત કહીએ, મહાત્મા કહીએ. પણ ઈશ્વર તો ન જ કહેવાય, વળી, આગ્નિધ્ર રાજાને જે નાભિ વગેરે નવ પુત્ર થયા તે અપ્સરાથી થયા અને અપ્સરા તેમની વિવાહિત ધર્મપત્ની ન હતી તે ધ્યાનમાં રાખવું જોઈએ.

# 9. પૃથુરાજા

પૂર્વે વેન નામનો એક રાજા થયો. તેણે બ્રાહ્મણોને આજ્ઞા કરી કે હવેથી યજ્ઞો કરવા નહિ. કુપિત થયેલા બ્રાહ્મણોએ તે વેન રાજાને મારી નાખ્યો. વેનની માતા સુનીથાએ કેટલોક સમય વેનનું શબ રાખી મૂક્યું. રાજા વિના પ્રજામાં ભારે અરાજકતા વ્યાપી ગઈ. ચોરડાકુઓ, લૂંટારાઓએ સર્વત્ર હાહાકાર મચાવી દીધો. હવે શું કરવું? જે બ્રાહ્મણોએ રાજાને મારી નાખ્યો હતો તે જ બ્રાહ્મણોએ રાજા ઉત્પન્ન કરવા વેનના મડદાની જમણી જાંઘનું મથન કર્યું, તો તેમાંથી બળેલા ઠૂંઠા જેવો કાળો, ઠીંગણો, નાના મોઢાવાળો, ટૂંકા હાથવાળો, નાસિકા બેસી ગયેલી એવો એક કદરૂપો પુરુષ ઉત્પન્ન થયો. એને નિષાદ કહેવાયો અને તેની જાતિના લોકો ભિલ્લ જાતિના થયા. તેઓ પહાડો તથા વનમાં રહેવા લાગ્યા. વેનની સાથળમાંથી ઉત્પન્ન થયો હોવાથી વેનનાં બધાં ઉગ્ર પાપો પેલા નિષાદમાં ચાલ્યાં ગયાં તેથી તે નગરમાં વસવા માટે યોગ્ય ન હતા. (શ્રીમદ્ ભાગવત 4/14/43થી 46)

આ કથા ઉપર થોડો વિચાર કરીએ.

શ્રીમદ્ ભાગવત કહે છે કે વેન જેવો ગાદી ઉપર બેઠો કે તરત જ ચોરડાકુઓ તેનાથી ભયભીત થઈને ઉંદર જેમ દરમાં છુપાઈ જાય તેમ સંતાઈ ગયા. (4/14/3). પ્રજાને ચોરડાકુઓના ત્રાસથી તદ્દન મુક્તિ અપાવનાર રાજા તથાકથિત મુનિઓને ધર્મવિરોધી લાગ્યો, કારણ કે તેણે કહ્યું કે 'યજ્ઞો બંધ કરો...' અગ્નિમાં ભોજ્ય પદાર્થો હોમવા અને બાળવા તેના પક્ષમાં તથા વિપક્ષમાં પ્રથમથી જ પક્ષો રહ્યા છે. વેન અગ્નિમાં હોમવાની વિરુદ્ધ હતો. બસ, યજ્ઞને જ ખરો ધર્મ માનનારા મુનિઓ તેની ઉપર તૂટી પડ્યાં અને તેને મારી નાખ્યો. જરા તો વિચાર કરો કે આ બેમાંથી કોણ અધાર્મિક હતું? યજ્ઞો બંધ કરાવનાર વેન કે પ્રજારક્ષક રાજાને મારી નાખનાર તથાકથિત પેલા મુનિઓ!! યજ્ઞ કરો તો ધાર્મિક અને યજ્ઞ ન કરો તો અધાર્મિક એવી વ્યાખ્યા કરવાનું આ પરિણામ આવ્યું.

પછી, રાજા તો મારી નાખ્યો; હવે પેલા ચોરડાકુઓ, લૂંટારાઓ વગેરે બહાર નીકળ્યા અને પ્રજા ઉપર હાહાકાર મચાવવા લાગ્યા. પ્રજા ભારે દુઃખી થઈ. પણ કોના પાપે? કોની ભૂલથી? જો વેનને ન મારી નાખ્યો હોત તો પ્રજાને આટલી બધી તકલીફ પડત નહિ.

પછી પેલા રાજહત્યા કરનાર મુનિઓ પાછા ભેગા થયા અને રાજાના મડદાની જાંઘનું મથન કર્યું. એમાંથી રાજાના પાપરૂપે કાળો ભીલ પ્રગટ્યો. મડદાની જાંઘનું મથન એટલે શું? બધાએ ભેગા થઈને તેને હચમચાવી? કે ખાંડીને ભૂકો કરી? કે શું મથન કર્યું? ચાલો, જે કર્યું તે. પણ તેમાંથી જ પાપરૂપી કાળો ઠીંગણો, કદરૂપો પુરુષ પ્રગટ થયો. તે નિષાદ (ભીલ) થયો. આ ભાગવત જો ભીલ લોકો વાંચે અને તેમને ખબર પડે કે ભાગવતમાં અમારી ઉત્પત્તિ કોઈ રાજાના પાપ તરીકે થઈ છે તો તેમને કેવું લાગે? તેમને ભાગવત-ભક્ત થવાનું મન થાય કે તેઓ વિરોધી થઈ જાય? કોઈ મરેલા માણસનાં પાપ તેની જાંઘમાં રહેતાં હોય અને મથવાથી પુરુષરૂપમાં પ્રગટ થઈ જતાં હોય એવી વાત કેવી રીતે માનવી? જો આવું જ હતું તો પેલા મુનિઓએ રાજાને માર્યા પહેલાં જ મથન કરી તેને પાપમુક્ત કરી નાખવો હતો ને? એથી રાજહત્યા તો કરવી ન પડત. પ્રજા તો પીડાત નહિ. પછી પેલા મુનિઓએ વેનરાજાના મડદાની ભુજાઓનું મથન કર્યું, તેમાંથી એક સ્ત્રી તથા પુરુષની ઉત્પત્તિ થઈ. મુનિઓએ કહ્યું, 'આ પુરુષ ભગવાન વિષ્ણુની વિશ્વપાલની કલાથી પ્રગટ્યો છે તથા આ સ્ત્રી લક્ષ્મીજીનો અવતાર છે. પુરુષનું નામ પૃથુ તથા સ્ત્રીનું નામ અર્ચિ થયું. બન્નેની ઉત્પત્તિ એક જ વેનમાંથી થઈ હોવા છતાં બન્ને પરસ્પર પરણ્યાં. આ પૃથુ રાજા તે વિષ્ણુનો નવમો અવતાર થયો.

પેલા મુનિઓએ પૃથુને-રાજાને ધર્મ સમજાવ્યો કેઃ

આપ પ્રતિજ્ઞા કરો કે હું કદી બ્રાહ્મણોને દંડ આપીશ નહિ, આખા વિશ્વને વર્ણસંકરતા તથા ધર્મસંકટતાથી બચાવીશ. (મહાભારત-શાંતિપર્વ 59/108)

પૃથુરાજાએ મુનિઓની આજ્ઞા માથે ચડાવતાં કહ્યું કે 'મહાભાગ બ્રાહ્મણો મારા માટે સદા વંદનીય રહેશે.'

એક વાર નગરનાં ભૂખપીડિત કંગાળ માણસો હાથ જોડીને પૃથુરાજાને વીનવવા લાગ્યાં કે 'વેનના પાપથી દુષ્કાળ પડ્યો છે અને ક્યાંય અન્ન મળતું નથી, સર્વત્ર ભારે ભૂખમરો ચાલી રહ્યો છે.' લોકોની પ્રાર્થના સાંભળીને પૃથુરાજા વ્યાકુળ થઈ ગયા. ધનુષબાણ લઈને તેઓ પૃથ્વીને મારવા દોડ્યા. તેમના કોપથી પૃથ્વી કાંપી ઊઠી, તે ભાગી, બધા લોકમાં ફરી વળી પણ પાછળ પૃથુરાજા દેખાવા લાગ્યા. પછી પોતાને મારી નાખવા તૈયાર થયેલા પૃથુરાજાને તેણે વિનંતી કરી કે મને મારો નહિ. મને સમતળ કરો. પછી તો પૃથ્વીને પૃથુરાજાએ કન્યા બનાવી, બધી શિલાઓને ઉખાડીને એક સ્થળે ઢગલો કર્યો તેથી પર્વતો બની ગયા. (મહાભારત-શાંતિપર્વ 49-115-116)

મહારાજ પૃથુએ ઘણા યજ્ઞો કર્યા. એક વાર એક યજ્ઞનો અશ્વ, ઇંદ્રે ચોરી લીધો. ઇંદ્રના વારંવારના આવા કૃત્યથી કુપિત થઈને અંતે પૃથુરાજાએ ઇંદ્રને મારવા બાણ ચઢાવ્યું. પણ યજ્ઞના પુરોહિતોએ તેમને સમજાવ્યું કે યજ્ઞમાં બેઠેલા માણસથી યજ્ઞ-પશુ સિવાય બીજા કોઈની હિંસા કરાય નહિ. જો કરે તો યજ્ઞ વ્યર્થ જાય. આ આપનો 100મો અને છેલ્લો યજ્ઞ છે. જો આપ અત્યારે ઇંદ્રને મારશો તો આ યજ્ઞ વ્યર્થ જશે, માટે આપ ચિંતા ના કરો, અમે અમોઘ આવાહન મંત્ર દ્વારા ઇંદ્રને યજ્ઞમાં બોલાવી તેની આહુતિ આપી ભસ્મ કરી નાખીએ છીએ. તેઓ તેવું કરવાના જ હતા. ત્યાં તો બ્રહ્માજી આવી ચડ્યા. તે બોલ્યા, 'મહારાજ ઇંદ્ર તો ભગવાનની જ મૂર્તિ છે. યજ્ઞની આહુતિઓ તે જ ગ્રહણ કરે છે. તેને ભસ્મ ન કરાય, આપને તો મોક્ષ જોઈએ છે ને? તો ઇંદ્ર ઉપર ક્રોધ ન કરાય. આ યજ્ઞ જ બંધ કરો.' અંતે પૃથુરાજાએ યજ્ઞ સમાપ્ત કર્યો.

આ કથા ઉપર શું કહેવું? દેવોનો રાજા ઇંદ્ર વારંવાર ઘોડા ચોરે, તેનું વ્યક્તિત્વ શું? પુરાણોમાં જે રીતે ઇન્દ્રનું વ્યક્તિત્વ ચીતર્યું છે તે શ્રદ્ધાસ્પદ તો નથી જ. તે બધાં કર્મો કરે છે. વિષ્ણુના અવતાર પૃથુરાજા પણ બ્રહ્માજીના સમજાવેલા અટક્યા, નહિ તો ઇન્દ્રનું આવી જ બન્યું હતું. અને યજ્ઞમાં પશુની તો હિંસા થાય પણ પશુહિંસા સિવાયની હિંસા ન થાય, તેવી વિધિમર્યાદા પુરોહિતોએ બતાવી ત્યારે પૃથુને ખ્યાલ આવ્યો. જો ન બતાવી હોય તોપણ યજ્ઞબાહ્ય હિંસા દ્વારા પોતાના જ યજ્ઞનો ધ્વંસ કરી નાખત. આ બધું વિષ્ણુના અવતાર માટે કેટલું ઘટે તે વિચારવાનું છે.

અંતમાં મોક્ષપ્રાપ્તિ માટે સનકાદિ ઋષિઓએ તેઓને ઉપદેશ આપ્યો એટલે પુત્રને રાજ્ય સોંપીને પૃથુરાજા તથા અર્ચિરાણી જંગલમાં ગયાં. કઠોર તપસ્યા કરી દેહત્યાગ કર્યો. રાણીએ પણ પોતાની પાછળ દેહત્યાગ કર્યો.

# 10. મત્સ્ય

શ્રીવિષ્ણુનો દશમો અવતાર તે મત્સ્યાવતાર છે. તેની કથા શ્રીમદ્ ભાગવત આઠમા સ્કંધના 24મા અધ્યાયમાં આવી રીતે છેઃ

બ્રહ્માના નિદ્રાકાળના નિમિત્તે જ્યારે નૈમિત્તિક પ્રલય થયો હતો ત્યારે પૃથ્વી વગેરે લોકો સમુદ્રમાં ડૂબી ગયા હતા, તે વખતે બ્રહ્માજીને નિદ્રાની ઝબકી આવી ગઈ, તે તકનો લાભ લઈને હયગ્રીવ નામના એક બળવાન અસુરે, બ્રહ્માના મુખમાંથી નીકળેલા વેદોને હરી લીધા. દાનવોના રાજા હયગ્રીવનું તે કાર્ય ભગવાન શ્રીહરિએ જાણી લીધું અને વેદોને પાછા લાવવા માટે માછલાનું સ્વરૂપ ધારણ કર્યું. પેલા હયગ્રીવનો વધ કરીને વેદો પાછા લઈ આવ્યા અને પછી સમુદ્રમાં વિહાર કરવા લાગ્યા.

તે વેળા સત્યવ્રત નામે કોઈ મહાન રાજા તપ કરતો હતો. એક વાર તે રાજા કૃતમાલા નામની નદીમાં જળ તર્પણ કરતો હતો. તેવામાં તેના ખોળામાં એક માછલી આવી ગઈ. તે દ્રવિડ દેશના રાજાએ તે માછલીને પાછી નદીમાં નાખી દીધી, પેલી માછલી (શ્રીહરિ) દીન વાણીથી પોતાની રક્ષા કરવા કરગરવા લાગી. રાજાને દયા આવી ને તેણે પોતાના કમંડળમાં મૂકી દીધી. એક રાત્રિમાં તો તે એટલી વધી ગઈ કે કમંડળમાં જગ્યા જ ન રહી. પછી મોટા પાત્રમાં, પછી તળાવમાં, મોટાં જળાશયોમાં રાજાએ તે માછળી મૂકવા માંડી, પણ માછલીનું કલેવર વધતું જ ગયું. છેવટે રાજા તેને સમુદ્રમાં નાખવા માંડ્યો ત્યારે સો યોજન વધી ગયેલી માછલી નક્કી શ્રીહરિ જ છે, તેવો તેને ભાસ થયો. પછી તો ખૂબ પ્રાર્થના કરી, ત્યારે મત્સ્યે કહ્યું કે આ ત્રણે લોકનો સાતમા દિવસે ભયંકર પ્રલય થશે, આ બધું જળમાં ગરકાવ થઈ જશે. હે રાજા, એવા સમયે મારી મોકલેલી નૌકા તારી પાસે આવશે, તે વખતે બધી ઔષધિઓ તથા નાનાંમોટાં બીજો વગેરે તથા સપ્તર્ષિઓ તથા નાનાંમોટાં પ્રાણીઓ વગેરે લઈને તું નૌકા ઉપર ચડી જજે. ગાઢ અંધકારમાં જ્યારે નૌકા ડોલવા લાગશે ત્યારે હું તારી પાસે આવીશ એટલે વાસુકિ નાગ દ્વારા પેલી નૌકાને મારા શિંગડે બાંધી દેજે. પછી બ્રહ્માની રાત્રિ પૂરી થાય ત્યાં સુધી હું પેલી નૌકાને ખેંચતો રહીશ. આવું કહીને મત્સ્ય અંતર્ધ્યાન થઈ ગયા.

પછી સાતમે દિવસે ખરેખર ઘુઘવાટા કરતો સમુદ્ર પૃથ્વી ઉપર ફરી વળ્યો. બધું સમુદ્રમાં ગરકાવ થઈ ગયું. સત્યવ્રત રાજા મત્સ્યનું જ ધ્યાન ધરતો હતો ત્યાં તો એક નૌકા ત્યાં આવી પહોંચી. તેથી સપ્તર્ષિઓ, બીજો, પશુઓ વગેરે બધું લઈને રાજા તે નૌકા ઉપર ચઢી બેઠો. પછી તો નૌકા બહુ જ હાલકડોલક થવા લાગી ત્યારે રાજાએ શ્રીહરિનું ધ્યાન ધર્યું. તરત જ શ્રીહરિ માછલારૂપે પ્રગટ થયા. વાસુકિ નાગથી પેલી નૌકાને માછલાના શિંગડા સાથે બાંધી દીધી અને મત્સ્યે તે રાજાને જ્ઞાન આપ્યું તથા નૌકાનો ઉદ્ધાર કર્યો. આ થઈ મત્સ્યાવતારની કથા. હવે જરા વિચાર કરીએ.

પ્રથમ તો બ્રહ્માની રાત્રિ સમયે (જ્યારે પ્રલય થઈ ગયો હતો ત્યારે) બધા લોકો સમુદ્રમાં ડૂબી ગયા હતા. ત્યારે કશું કામ ન હોવાથી બ્રહ્માજીને નિદ્રા આવી ગઈ. માનો કે આવી ગઈ, પછી આ તકનો લાભ લઈને દાનવોનો રાજા હયગ્રીવ બ્રહ્માના મુખમાંથી વેદોને લઈ ગયો. અહીં પ્રશ્ન એ થાય છે કે બધા લોકો સમુદ્રમાં ગરકાવ થઈ ગયા હતા તો પછી દાનવોના લોક કેમ બચી ગયા હતા? આનો અર્થ તો એવો થયો કે દાનવો તથા તેમના રાજા ઉપર પ્રલયનો પ્રભાવ પડતો નથી, કારણ કે પ્રલય કાળમાં પણ તે જીવતા જ છે. જો આ વાત સાચી હોય તો માનવ થવા કરતાં દાનવ થવાનું મહત્ત્વ વધી જશે. પ્રલયકાળમાં દાનવરાજ હયગ્રીવ જીવે છે. એટલું જ નહિ, તે બ્રહ્માજીના વેદોને પણ ચોરી લઈ જાય છે. પછી વેદોને પાછા મેળવવા શ્રીહરિએ માછલાનું સ્વરૂપ ધારણ કર્યું અને પેલા હયગ્રીવ દૈત્યનો વધ કરી વેદો પાછા મેળવ્યા અને બ્રહ્માજીને આપ્યા. મત્સ્યાવતારનું આ પ્રથમ કાર્ય થયું.

માનો કે દૈત્યરાજે વેદો હરી લીધા. પણ તેને મેળવવા માછલું થવાની શી જરૂર? શ્રીહરિ ધારત તો બ્રહ્માજીને ઊંઘ જ ના આવવા દેત. કદાચ ઊંઘ આવી ગઈ તો તેમને જગાડી દેત. અને પરાક્રમ શક્તિ આપીને બ્રહ્માને જ યુદ્ધ કરવા મોકલી આપત. બ્રહ્મા પોતે જ યુદ્ધ કરીને વેદો પાછા લઈ આવત. આમ અનેક રીતે વેદો પાછા મેળવી શકાત. પણ શ્રીહરિને માછલું જ કેમ થવું પડ્યું? જો આ કથા ઐતિહાસિક તથ્ય ન હોય અને માત્ર રૂપક જ હોય તો તો અનેક રીતે તેનું અર્થઘટન કરી શકાય. પણ તેમ કરવા જતાં અવતાર થયાની

વાત ઊડી જાય. એટલે આ કથાને બિનઐતિહાસિક માનવામાં પણ જોખમ છે. બ્રહ્મા પાસેથી જે વેદો હરી જવાયા તે પુસ્તકરૂપે હોય તો જળમાં પુસ્તકનાં પાનાં પલળીને નષ્ટ થઈ જાય. જો લિખિત ન હોય અને માત્ર જ્ઞાનરૂપ હોય તો કોઈ પણ સૂતેલા માણસના મસ્તિષ્કમાંથી જ્ઞાનનું અપહરણ કેવી રીતે થાય? જ્ઞાન કોઈ જડ વસ્તુ નથી કે ગમે ત્યારે ગમે તે ગમે ત્યાં લઈ જાય. તે તો મસ્તિષ્કની શક્તિ છે. એટલે તેને કેવી રીતે ચોરી શકાય તથા કેવી રીતે પાછી પણ લાવી શકાય?

મત્સ્યાવતારનું આ પ્રથમ કાર્ય થયું.

હવે બીજું.

પેલો સત્યવ્રત નામનો રાજા તેને આ માછળી મળી. વધતી જ ગઈ. છેવટે પ્રલય અને નૌકાની વાત થઈ, અહીં પણ વિચારવા જેવું છે.

પ્રલય તો થઈ જ ચૂક્યો છે. બધા લોકો સમુદ્રમાં ગરકાવ થઈ ગયા છે. બ્રહ્માની રાત્રિ (પ્રલયકાળ) ચાલી રહી છે. સત્યવ્રત રાજા, અને કૃતમાલા નદી વગેરે ક્યાંથી આવ્યાં? સાતમા દિવસે ફરી પાછો જળપ્રલય ક્યાંથી આવ્યો? બધાં બીજો, સપ્તર્ષિઓ, પશુઓ વગેરેનો સંગ્રહ કરીને નૌકામાં બેસવાનું કેવી રીતે ઘટે? પ્રલયમાં પાછો પ્રલય તો ન જ થાય ને?

પછી પેલી માછળી આવી (મત્સ્ય 'ભગવાન'). વાસુકિ નાગ ક્યાંથી આવી ગયો હશે. એટલે તેના દ્વારા માછલીના શિંગડે પેલી નૌકા બાંધી દીધી. સેંકડો વર્ષોથી આ કથાને કથાકારો સંભળાવતા આવ્યા છે પણ કોઈએ વિચાર કર્યો લાગતો નથી કે માછલીને શિંગડું ન હોય. જાતજાતનાં માછલાં હોય છે, પણ એક શિંગડાવાળું કોઈ માછલું જોયું કે સાંભળ્યું નથી. આ તે કેવી વિચિત્ર વાત કે પ્રલય પણ શ્રીહરિ લાવે, નૌકા પણ શ્રીહરિ મોકલે. માછલું પણ પોતે થાય અને બ્રહ્માજીની રાત્રિ (અબજો વર્ષ) પૂરી થાય ત્યાં સુધી સમુદ્રમાં નૌકા સાથે ચક્કર પણ શ્રીહરિ મારે. બધું તો ઠીક પણ પેલા વાસુકિ નાગનું શું થયું હશે? દોરડાની જગ્યાએ તેનો ઉપયોગ અબજો વર્ષો સુધી કર્યો. બિચારાના અંકોડા જ તૂટી ગયા હશે!

મત્સ્યાવતારની પૂરી પૌરાણિક કથા બુદ્ધિગ્રાહ્ય નથી લાગતી. ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદ પ્રમાણે માછલાને કોઈ ઉત્ક્રાન્તિના પગથિયે ગોઠવીએ તો હજી કાંઈક સમાધાન થાય. (જુઓ, મારું પુસ્તક 'શ્રીકૃષ્ણલીલારહસ્ય'), બાકી તો આ કથાઓને 'મિથ' કક્ષાએ મુકાય.

# 11. કૂર્મ

શ્રીવિષ્ણુનો અગિયારમો અવતાર તે કૂર્માવતાર છે. તેની કથા આ પ્રમાણે છેઃ

એક વાર મહર્ષિ દુર્વાસા ભ્રમણ કરી રહ્યા હતા ત્યાં તેમની નજર એક વિદ્યાધરી ઉપર પડી. વિદ્યાધરીના હાથમાં બહુ જ સુંદર માળા હતી. તે જોઈને દુર્વાસાએ કહ્યું કે, 'આ સુંદર માળા મને આપી દે.' વિદ્યાધરીએ નમ્રતાપૂર્વક કૃતજ્ઞતાથી તે માળા દુર્વાસા ઋષિને આપી દીધી. દુર્વાસાએ માળા ગળામાં પહેરી લીધી. પછી સામેથી ઐરાવત હાથી ઉપર ઇન્દ્ર આવી રહ્યો હતો. પ્રસન્ન થઈને દુર્વાસાએ પેલી માળા ઇન્દ્ર ઉપર ફેંકી. ઇન્દ્રે તે માળાને હાથીના મસ્તક ઉપર નાખી. પુષ્પોની સુગંધથી માળા ઉપર ભ્રમરો ફરી રહ્યા હતા એટલે ઐરાવત હાથીએ પેલી માળાને પૃથ્વી ઉપર નાખી દીધી. આ દૃશ્ય જોઈને મહર્ષિ દુર્વાસાનાં નેત્ર લાલ થઈ ગયાં. અત્યંત ક્રોધથી તેમણે ઇન્દ્રને શાપ આપ્યો કે —

'મારી આપેલી માળાનો તેં પૂરો આદર ન કર્યો, માટે તારો સંપૂર્ણ વૈભવ નષ્ટ થઈ જશે.' (વિષ્ણુપુરાણ 1-9-14)

પછી તો ઇન્દ્રે ઘણા કાલાવાલા કર્યા પણ ક્રુદ્ધ દુર્વાસા શાંત ન થયા અને ચાલ્યા ગયા.

દુર્વાસાના શાપથી ઇંદ્ર તથા દેવતાઓ શ્રીહત થવા લાગ્યા એટલે દૈત્યો સ્વર્ગ ઉપર ચડી આવવા લાગ્યા. તથા સ્વર્ગનું ઐશ્વર્ય હસ્તગત કરી દેવોને ભગાડી મૂકવા લાગ્યા. પછી તો બિચારા દેવો ઇંદ્ર વગેરેની સાથે બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજી બધા દેવોને લઈને વૈકુંઠમાં વિષ્ણુ ભગવાન પાસે ગયા. ભગવાન વિષ્ણુએ તેમનું દુઃખ સાંભળીને કહ્યું કે ફરીથી તમારું મહત્ત્વ પ્રાપ્ત કરવા માટે અમૃતપાન કરવું જરૂરી છે. અમૃતની પ્રાપ્તિ સમુદ્રમંથનથી થશે. સમુદ્ર મંથનનું કામ માત્ર દેવોથી થવાનું નથી. દેવો તથા અસુરો મળીને જ આ કામ કરી શકશે. એટલે તમે સામ-નીતિથી અસુરો સાથે સંધિ કરી લો. બંને મળીને વાસુકિ નાગનાં નેતરાં કરીને મંદરાચલ પર્વત દ્વારા સમુદ્રમંથન કરો અને સમુદ્રમાંથી અમૃત બહાર કાઢો. આટલું કહીને વિષ્ણુ અંતર્ધાન થઈ ગયા.

પછી તો ઇન્દ્રાદિ દેવો અસુરોની પાસે ગયા તથા મીઠી મીઠી વાતો કરીને ભાઈચારો સ્થાપિત કર્યો. પછી સમુદ્રમંથન દ્વારા અમૃતપ્રાપ્તિ કરવાની વાત સ્વીકારાવી. જે અમૃત વહેંચી નાખવાનું તેવી શરત પણ નક્કી થઈ. અસુરોના રાજા બલિએ આ શરત પ્રમાણે સમુદ્રમંથન શરૂ કરાવ્યું. પણ નીચે કોઈ આધાર ન હોવાથી મંદરાચલ નીચે ધસવા લાગ્યો, ત્યારે ભગવાન વિષ્ણુ કચ્છપનું રૂપ ધારણ કરી મંદરાચલ નીચે ચાલ્યા ગયા જેથી મંદરાચલ સ્થિર થયો તથા સમુદ્રમંથન સારી રીતે થવા લાગ્યું. આ રીતે કચ્છપાવતાર થયો.

(આ કથા શ્રીમદ્ ભાગવતમાં 8/6માં છે.)

હવે જરા આ કથાને વિચારીએ.

દુર્વાસા ઋષિએ વિદ્યાધરી પાસેથી પુષ્પોની સુંદર માળા માગી અને વિદ્યાધરીએ આપી. પોતે પહેરી એ તો ઠીક, પછી વગર માગ્યે તેમણે તે જ માળા ઇન્દ્ર ઉપર ફેંકી. ઇન્દ્રે તેનો સ્વીકાર કરી પોતાના હાથીના શણગાર માટે તેના માથા ઉપર મૂકી. પણ ભમરાના ભયથી હાથીએ તે માળાને જમીન ઉપર નાખી દીધી. બસ, દુર્વાસા કોપી ઊઠ્યા. કોઈ પણ માણસ તટસ્થતાથી વિચારશે તો જણાશે કે ઇન્દ્ર એવો ખાસ કોઈ અપરાધી નથી. તેણે તો માળા માગી જ ન હતી. છતાં દુર્વાસાએ તેના ઉપર ફેંકી. હવે આ માળા રાખવી ન રાખવી તે તો ઇંદ્રની પોતાની વાત છે. છતાં માનો કે ઇંદ્રે અપરાધ કર્યો, તોપણ તે અપરાધ બહુ નાનો કહેવાય, તેના બદલામાં તેને શાપ દ્વારા જે દંડ અપાયો તે તો ભયંકર વધારે કહેવાય. વળી ઇંદ્રે વારંવાર ક્ષમા માગી તોપણ દુર્વાસાએ ક્ષમા ન આપી. દંડ ઓછો ન કર્યો. અંતે દુર્વાસાના દંડનો ફાયદો અસુરોને થયો, કારણ કે દેવો દુર્બળ થયા એટલે અસુરોએ તેમને સ્વર્ગમાંથી ભગાડી મૂક્યા અને સ્વર્ગનું ઐશ્વર્ય અસુરોએ પચાવી પાડ્યું. આ રીતે દુર્વાસાનો શાપ અસુરોના હિતમાં ગયો. પછી બધા મળીને વિષ્ણુ ભગવાન પાસે ગયા. તેમણે તે જ અસુરોને ભોળવીને સાથે લઈને સમુદ્રમંથનની સલાહ આપી. મંદરાચલ નીચે ન ચાલ્યો જાય તે માટે પોતે કચ્છપરૂપ ધારણ કરી આધાર બન્યા.

આમ કચ્છપાવતારમાં કેટલા અંશે ધર્મરક્ષણ થયું તે સુજ્ઞ માણસોએ વિચારવાનું છે. જો દુર્વાસાએ શાપ જ ન આપ્યો હોત તો ભગવાનને કચ્છપ થવું ન પડ્યું હોત.

# 12. ધન્વંતરિ

ધન્વંતરિ શ્રીવિષ્ણુના બારમા અવતાર છે.

સમુદ્રમંથન કરતાં કરતાં હાથમાં અમૃતનો કળશ લઈને ધન્વંતરિ પ્રગટ થયા અને ઇંદ્રની અમરાવતીમાં રહેવા લાગ્યા. કેટલાક સમય પછી પૃથ્વી ઉપર ભયંકર રોગો ફાટી નીકળ્યા, ત્યારે ધન્વંતરિ કાશીરાજ દિવોદાસના રૂપમાં પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને આવ્યા અને લોકોની દવાઓ કરવા લાગ્યા.

સમુદ્રમંથનની કથાને જો રૂપક માનવામાં આવે તો કોઈ પ્રકારનું અર્થઘટન કરાવી શકાય. પણ જો આ પ્રસંગને વાસ્તવિક ઘટના માનવામાં આવે તો એમ કહી શકાય કે ધન્વંતરિરૂપી વૈદ્યરાજ પ્રગટ્યા, જેમણે વ્યાધિગ્રસ્ત લોકો માટે ઔષધિઓની વ્યવસ્થા કરી.

જો વ્યાધિગ્રસ્ત લોકો માટે ઔષધિઓની વ્યવસ્થા કરવાથી વિષ્ણુનો અવતાર થવાય તો આપણે સ્વીકારવું જોઈએ કે અત્યારે પશ્ચિમનું તબીબી જ્ઞાન આપણા કરતાં ઘણું ચડિયાતું થઈ ગયું છે. આખા વિશ્વમાં એલોપથી દવાઓ, તેની પદ્ધતિ તથા તેના ડૉક્ટરો ફરી વળ્યા છે. નવાઈ તો એ છે કે આટલો વિકાસ હોવા છતાં તેમના ત્યાં કોઈ વિષ્ણુનો અવતાર — ધન્વંતરિ — પ્રગટ્યો નથી. તેઓ પોતાના જ પ્રયોગોથી આગળ વધ્યા છે તથા વધી રહ્યા છે. જ્યારે આપણે દિનપ્રતિદિન પાછળ પડી રહ્યા છીએ. ધન્વંતરિ જેવા અવતારને મેળવ્યા પછી પણ આપણી આ દશા કેમ થઈ રહી છે? કાંઈક ભૂલ થઈ લાગે છે.

# 13. મોહિની

મોહિની રૂપે તેરમો અવતાર થયો.

તેની કથા આ પ્રમાણે છે:

સમુદ્રમંથનથી અનેક રત્નો નીકળ્યાં. તેમાં અમૃતકળશની સાથે ધન્વંતરિ પણ નીકળ્યા. આ આખો પુરુષાર્થ જે અમૃત માટે કર્યો હતો તે અમૃત પ્રાપ્ત થતાં જ સૌકોઈ તેને પીવા ઉતાવળા થયા. અસુરો અમૃતઘટને લઈને અંદરોઅંદર લડવા લાગ્યા. બિચારા દુર્બળ દેવો તો લાચાર થઈને બધું જોઈ રહ્યા હતા. ત્યાં તો મોહિનીરૂપ ધારી ભગવાન વિષ્ણુ પ્રગટ થયા. તેઓ રૂપરૂપનો અંબાર તથા જોતાં જ મોહિત થઈ જવાય તેવી લાવણ્યવાળી નવયુવતીના રૂપમાં પ્રગટ્યા હતા. તેમને જોતાં જ અસુરો મોહિત થઈ ગયા. તથા અમૃતની વાત ભૂલીને તેમને જ વાસનાની દૃષ્ટિથી જોવા લાગ્યા. અંતે વાતચીત થઈ ને આ નવી આવેલી રૂપાળી સ્ત્રીને અમૃત-વહેંચણીનું કામ સોંપ્યું.

મોહિનીએ દેવો તથા દૈત્યોની અલગ અલગ પંક્તિ કરાવી. અસુરોની સાથે હસતાં હસતાં, તેમને મોહ પમાડતાં પમાડતાં દેવોને અમૃત પિવડાવવા માંડ્યું. રાહુ નામના અસુરને થયું કે હવે તો ઘડો પૂરો થવા આવ્યો છે, કદાચ અમે રહી જઈશું, એટલે તેણે દેવરૂપ ધારણ કરીને સૂર્ય તથા ચંદ્રની વચ્ચે બેસીને અમૃત પી લીધું. પણ અમૃત ગળા સુધી ગયું હતું ત્યાં ભગવાનને ખબર પડી કે, અરે, આ તો અસુર હતો; તરત જ તેમણે ચક્ર દ્વારા તેનું માથું કાપી નાખ્યું. મોહિનીના બદલે વિષ્ણુરૂપ જોતાં જ અસુરોનો મોહ ઊતરી ગયો. તેઓને ભાન થયું કે આપણને છેતરવામાં આવ્યા છે. વિષ્ણુ ભગવાન તો અંતર્ધાન થઈ ગયા પણ પછી દેવતા તથા અસુરોનો ભીષણ સંગ્રામ થઈ ગયો. હવે દેવોને ખાસ ચિંતા ન હતી, કારણ કે તેમણે અમૃત પી લીધું હતું. હવે તેમને કોઈ મારી શકે તેમ ન હતું.

ખરેખર આવી કોઈ ઘટના ઘટી હતી કે આ માત્ર રૂપક જ છે, તે વિચારણીય હોવા છતાં, અહીં તેનો ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર નથી કરવો, પણ ઘટના હોય કે રૂપક હોય, જે હોય તે, પણ આખા પ્રસંગનો નૈતિક રીતે વિચાર કરવાનો છે. કારણ કે શ્રીહરિનો અવતાર ધર્મ તથા નીતિની સ્થાપના માટે થતો હોય છે. અવતાર સ્વયં અધર્મ તથા અનીતિનો પક્ષ લે તે કલ્પી પણ શકાય નહિ.

સમુદ્રમંથન કરવાની વાત વિષ્ણુએ જ કરી હતી. તેમાં અસુરોને સહાયતા માટે લાવવાનું પણ તેમણે જ સૂચવ્યું હતું. દેવો તથા અસુરોએ આવીને પૂરી મહેનત કરી હતી, એટલે નીતિ પ્રમાણે અસુરો પણ જે રત્નો નીકળે તેના ભાગીદાર હતા જ. તેમ છતાં અસુરોને સ્ત્રીરૂપ દ્વારા મોહ પમાડીને બધું જ અમૃત દેવોને પિવડાવી દેવું તથા વચ્ચે આવી ગયેલા રાહુનું માથું કાપી નાખવું — આ બધું ધર્મમય તથા નીતિમય તો ન જ કહી શકાય. જો અસુરોને અમૃત આપવાનું ન હતું તો પછી પ્રથમથી જ સમુદ્રમંથન માટે તેમને બોલાવવા ન હતા, એકલા દેવોએ જ સમુદ્રમંથન કરી લેવું હતું.

આ તો આવી વાત થઈ કે એક માણસ પાસે પૂરી મહેનત કરાવવી. પછી તેને વિષય-વાસનામાં મોહ પમાડીને તેનો હક છીનવી લેવો, અને આ કામ સ્વયં ભગવાન પોતે કરે. એ કામ કરવા અવતાર ધારણ કરે, આ કેટલી વિચિત્ર વાત કહેવાય! માનો કે દેવો સજ્જન પ્રકૃતિના હતા, તથા અસુરો દુર્જન પ્રકૃતિના હતા, એટલે ભગવાને આવો પક્ષપાત કર્યો; તોપણ વાત બરાબર ન કહેવાય. કેમકે પ્રથમ વસ્તુ તેમના હકની છે, જો તે દુર્જન પ્રકૃતિના જ હતા તો પછી તેમને ભાગીદાર કેમ બનાવ્યા? અને જેમ દેવો તથા દેવવાદીઓ અસુરોને દુષ્ટ માને છે, તેમ અસુરો પણ દેવોને દુષ્ટ માને જ. આ તો મારે જેનો ભાગ પડાવી લેવો હોય તેના ઉપર હું આરોપ મૂકું કે તે દુર્જન માણસ છે, એટલે મારે તેને ભાગ નથી આપવો. આવો આરોપ તો ગમે તે ગમે તેના ઉપર મૂકી શકે છે. સંસારી માણસો એકબીજા પ્રત્યે આવી વાતો કરીને પોતે પોતાના પક્ષનો સ્વાર્થ સિદ્ધ કરે તો તે કદાચ ચાલે પણ ભગવાન સ્વયં છળકપટ કરવા મોહિની રૂપ ધારણ કરે તો તે કેટલું નૈતિક કહેવાય?

આ ખરેખર તો દેવોનાં, ખાસ કરીને ઇન્દ્રનાં ચરિત્ર પુરાણોમાં વારંવાર જે રીતે વર્ણવ્યાં છે, તે રીતે તો તેમને અમૃત પિવડાવવા જેવું નથી દેખાતું.

શાણા માણસોએ આ અવતારવાદ ઉપર ફરીથી શાન્તિથી વિચાર કરવો જોઈએ. આથી ઈશ્વરનો મહિમા વધ્યો છે કે ઘટ્યો છે? ઈશ્વરની સ્પષ્ટતા વધે છે કે અસ્પષ્ટતા વધે છે?

# 14. નૃસિંહ

નૃસિંહ અવતાર એ વિષ્ણુનો ચૌદમો અવતાર છે. વાચકોને ખ્યાલ હશે કે ભગવાન વિષ્ણુના બે દ્વારપાળોએ (જયવિજય), સનકાદિ અવતારોને આજ્ઞા વિના વિષ્ણુના મહેલમાં પ્રવેશતાં અટકાવ્યા હતા, તેથી કુપિત થઈને તેમણે બન્નેને રાક્ષસ થવાનો શાપ આપ્યો હતો, તે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ રૂપથી રાક્ષસ થયા. તેમાં હિરણ્યાક્ષને મારવા માટે શ્રી વિષ્ણુએ વરાહ અવતાર ધારણ કર્યો અને તેને માર્યો. હવે બીજો ભાઈ જે હિરણ્યકશિપુ નામનો હતો, તેને મારવા ભગવાને નૃસિંહ અવતાર ધારણ કર્યો.

શ્રીમદ્ ભાગવતમાં સપ્તમ સ્કંધના પ્રથમ અધ્યાયથી દશમ અધ્યાય સુધી નૃસિંહ અવતારની કથા છે; તે આ પ્રમાણે છેઃ

પોતાના ભાઈ હિરણ્યાક્ષની વિષ્ણુના અવતાર વરાહ દ્વારા હત્યાથી ક્રુદ્ધ થઈને હિરણ્યકશિપુ મહેન્દ્રાચલ પર્વત ઉપર ઘોર તપસ્યા કરવા લાગ્યો. તેના હૃદયમાં વિષ્ણુ પ્રત્યે ભારે વૈરભાવ હતો અને તે બદલો લેવા માગતો હતો.

ઇન્દ્રે વિચાર કર્યો કે અત્યારે હિરણ્યકશિપુ તો દૂરના પર્વત પર તપસ્યામાં રત છે, એટલે દેવોના સૈન્ય સાથે હિરણ્યકશિપુની નગરી ઉપર તેણે હુમલો કરી દીધો. દેવોના અણધાર્યા હુમલાથી તથા પોતાના રાજા હાજર ન હોવાથી દૈત્યો નગરી છોડી છોડીને ભાગી ગયા. ઇન્દ્રે રાજમહેલમાં પ્રવેશ કરીને રાજરાણી કયાધુ જે સગર્ભા હતી તેને બંદી બનાવી લીધી, અને પોતાની સાથે લઈને ચાલ્યો, એવામાં માર્ગમાં નારદજી મળ્યા. (નારદ પણ અવતાર છે.) નારદે કહ્યું કે ‘અરે ઇન્દ્ર, આ રાજરાણીના પેટમાં જે ગર્ભ છે તે મહાન છે. માટે તેને મારીશ નહિ.’ ઇન્દ્રે રાજરાણી કયાધુને નારદજીને સોંપી દીધી. નારદજી પોતાના આશ્રયે રાણીને લઈ ગયા. આ જ રાણીથી પ્રહ્લાદનો જન્મ થયો.

પેલી તરફ હિરણ્યકશિપુની તપસ્યાથી પ્રસન્ન થઈને બ્રહ્માજીએ તેને વરદાન માગવા કહ્યું તો હિરણ્યકશિપુએ આવું માગ્યુંઃ

કોઈ પ્રાણીથી, પછી ભલે તે મનુષ્ય હોય કે પશુ, પ્રાણી હોય કે અપ્રાણી, દેવતા હોય કે દૈત્ય અથવા નાગાદિ, કોઈથી મારું મૃત્યુ ના થાય. અંદર-બહાર, દિનમાં-રાત્રિમાં, અસ્ત્ર-શસ્ત્રથી, પૃથ્વી અથવા આકાશમાં — કોઈ પણ સ્થળે મારું મૃત્યુ ન થાય વગેરે વરદાનમાં માગ્યું. બ્રહ્માજી તો તેની તપસ્યાથી પ્રસન્ન હતા જ, તેમણે તેણે જે માગ્યું તે બધું વરદાનમાં આપ્યું. રાજા પોતાની રાજધાનીમાં આવી ગયો. પેલી તરફ કયાધુ રાણી પણ રાજધાનીમાં આવી ગઈ અને પ્રહ્લાદનો જન્મ થયો. આમ તો હિરણ્યકશિપુને ચાર પુત્રો હતા. સૌથી નાનો પ્રહ્લાદ હતો. પ્રહ્લાદ ઉપર હિરણ્યકશિપુને ભારે પ્રેમ હતો. હિરણ્યકશિપુએ પોતાના ગુરુ શુક્રાચાર્યના પુત્રો ષંડ તથા અમર્કને બોલાવી ચાર પુત્રોને વિદ્યાભ્યાસ કરાવવા સમર્પિત કર્યા. પ્રહ્લાદ મેધાવી હતો. એટલે થોડા જ સમયમાં તેણે ઉત્તમ વિદ્યા પ્રાપ્ત કરી લીધી.

એક દિવસ બહુ જ પ્રેમથી હિરણ્યકશિપુએ પોતાના પ્રિય પુત્ર પ્રહ્લાદને ખોળામાં બેસાડીને પૂછ્યું કે, ‘બેટા, તું ભણ્યો છે તે વિદ્યામાંથી ઉત્તમમાં ઉત્તમ વાત હોય તે જણાવ.’ ત્યારે પ્રહ્લાદે ભગવાન વિષ્ણુની ભક્તિની વાતો સંભળાવી. વિષ્ણુભક્તિની વાત સાંભળતાં જ હિરણ્યકશિપુ ક્રોધથી લાલચોળ થઈ ગયો અને પ્રહ્લાદને ભૂમિ ઉપર પછાડીને તેને મારી નાખવાની આજ્ઞા કરી. સૈનિકોએ તેના ઉપર પ્રહાર કર્યા પણ પ્રહ્લાદ બચી ગયો. પછી હાથીઓના પગ નીચે ચગદાવવા પ્રયત્ન કર્યો, વિષધર સર્પોથી કરડાવ્યો પણ બધું વ્યર્થ! પુરોહિત પાસે મેલી વિદ્યા દ્વારા કૃત્યા મુકાવી, પર્વતશિખર ઉપરથી નીચે ફેંકાવ્યો. શંબરાસુરથી માયાના પ્રયોગો કરાવ્યા, અંધારી કોટડીમાં પૂર્યો, ઝેર પિવડાવ્યું, બરફવાળી જગ્યામાં, અગ્નિમાં, સમુદ્રમાં નંખાવ્યો, આંધીમાં તથા પર્વત નીચે દબાવ્યો પણ પ્રહ્લાદનો વાળ વાંકો થયો નહિ.

અંતે એક દિવસ પ્રહ્લાદની સાથે ચર્ચામાં સ્તંભમાં પણ પરમેશ્વરનો વાસ છે એવું કહેતાં હિરણ્યકશિપુએ તે સ્તંભને જોરથી મુક્કો માર્યો. તરત જ તે ખંભામાંથી ભગવાન નૃસિંહ પ્રગટ થયા (7-8-18). હિરણ્યકશિપુ ગદા લઈને નૃસિંહ ભગવાન ઉપર તૂટી પડ્યો. બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ થયું. અંતે ભગવાને હિરણ્યકશિપુને દ્વાર વચ્ચે ચીરી નાખ્યો. ભગવાનનો ક્રોધ એટલો બધો વધી ગયો હતો કે કોઈ પણ

દેવ તેમની નજીક જવાની હિમ્મત કરી શકતા ન હતા. લક્ષ્મીજી આવ્યાં તે પણ ભયભીત થઈ ગયાં. અંતે પ્રહ્લાદે દંડવત્ પ્રણામ કરીને ભગવાનને શાન્ત કર્યા. ભગવાને પ્રહ્લાદને ગાદીએ બેસાડ્યો અને અંતર્ધાન થઈ ગયા.

આ થઈ નૃસિંહ અવતારની સંક્ષિપ્ત કથા. હવે જરા વિચારીએ.

સનકાદિ ઋષિ (અવતાર)ના શાપથી જય હિરણ્યાક્ષ થયો અને વિજય હિરણ્યાકશિપુ થયો તે વાત પહેલાં આવી ગઈ. હિરણ્યાક્ષને મારવા ભગવાને વરાહ અવતાર ધારણ કર્યો તથા હિરણ્યાક્ષને માર્યો તે વાત પણ આવી ગઈ. તે જ વખતે બીજા ભાઈ હિરણ્યકશિપુને પણ મારી નાખ્યો હોત તો એક જ અવતારથી કામ પતી ગયું હોત પણ કોઈ કારણસર હિરણ્યકશિપુ મારી શકાયો નહિ. તે જીવતો રહી ગયો. ઇન્દ્રે તેના નગર ઉપર ચડાઈ કરી દૈત્યોને હરાવી ભગાડી મૂક્યા. રાણી ક્યાધુ ગર્ભવતી હતી. તેના ગર્ભનો નાશ કરવા ઇન્દ્રે તેનું અપહરણ કર્યું, પણ વચ્ચે નારદ મળ્યા અને આ ગર્ભથી તો મહાન ભક્ત પેદા થશે, તેવું સમજાવીને ક્યાધુ રાણીને છોડાવી. પછી પ્રહ્લાદ જન્મ્યો. ફરી પાછો તપસ્યા કરીને વરદાન મેળવીને હિરણ્યકશિપુ નગરીમાં આવ્યો, રાણી તથા પ્રહ્લાદ પણ મળ્યાં. પ્રહ્લાદને ભણાવવા લાગ્યો, પ્રહ્લાદ પ્રત્યે રાજાને અનન્ય પ્રેમ છે. પણ વિષ્ણુભક્તિની વાતો સાંભળીને તે શત્રુ થઈ ગયો. પ્રહ્લાદ ઉપર ભારે અત્યાચાર કરીને તેનો નાશ કરવા પ્રયત્ન કર્યો, પણ પ્રહ્લાદ બચતો રહ્યો.

આ આખા પ્રસંગમાં માત્ર પિતાપુત્રનો જ વિરોધ છે. પિતા હિરણ્યકશિપુ નાસ્તિક નથી. તેણે મહેન્દ્રાચલ પર્વત ઉપર બ્રહ્માજીની ભારે તપસ્યા કરી વરદાન મેળવ્યું હતું એટલે તે તપસ્વી તથા ભક્ત હતો જ. હા, તેની અનુપસ્થિતિના કારણે ઇન્દ્રે તેના રાજ્ય ઉપર હુમલો કર્યો તથા ગર્ભવતી રાણીને કેદ કરી ગર્ભનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો. જો તે સફળ રહ્યો હોત તો દેવરાજ ઇન્દ્રનું ચરિત્ર કઈ કક્ષાનું થઈ જાત તે વિચારવું રહ્યું. પણ નારદજીના પ્રયત્નથી પ્રહ્લાદ બચી ગયો. હિરણ્યકશિપુ દ્વારા પ્રહ્લાદનો નાશ કરતાં પહેલાં ઇન્દ્ર દ્વારા તેના નાશનો પ્રયત્ન થયેલો. અસ્તુ. પછી પ્રહ્લાદ જન્મ્યો, પિતાને અત્યંત પ્રિય થયો. પણ ભગવદ્ભક્તિ માત્રથી વાંધો પડતાં તેનો નાશ કરવાના નિષ્ફળ પ્રયત્નો થયા, અને અંતે ભગવાન નૃસિંહરૂપમાં પ્રગટ્યા અને હિરણ્યકશિપુને મારી નાખ્યો.

અહીં બે વાતો યાદ રહે. પ્રથમ તો હિરણ્યકશિપુ એ વિષ્ણુ ભગવાનનો દ્વારપાળ વિજય છે. શાપ વખતે તેણે માગણી કરી હતી કે ભલે અમે રાક્ષસ થઈએ પણ પ્રભુભક્તિ ના ભૂલીએ (ભગવાન 3-15-15). તેમની આ માગણી સ્વીકૃત થઈ છે. છતાં હિરણ્યકશિપુ શા માટે વિષ્ણુદ્રોહી થયો છે? પિતાપુત્ર વચ્ચે જે કલહ થાય છે, તેમાં કોઈ બ્રાહ્મણનો શાપ પણ ભાગ ભજવતો દેખાય છે. જો તેવું હોય તોપણ તે તો શાપાધીન થઈને ક્રિયા થતી રહી. જે હોય તે; સંપૂર્ણ ઘટનાક્રમમાં ભગવાનને અવતાર લેવો પડે તેવું કોઈ ખાસ મહત્ત્વનું નિમિત્ત જણાતું નથી. માત્ર થોડી ક્ષણો માટે પ્રગટ થઈને એક તથાકથિત દાનવને મારી નાખવા માત્રથી ધર્મસ્થાપનાનું કાર્ય થઈ જાય તે માની શકાય તેમ નથી. જો હિરણ્યકશિપુને મારી જ નાખવો હતો તો પ્રહ્લાદ ઉપર જુલમ શરૂ થયા તેની સાથે જ તેને મારી નખાયો હોત તો પ્રહ્લાદને ભારે અત્યાચારો સહેવા પડ્યા ન હોત.

એક બીજી વાત તરફ ધ્યાન આપવા જેવું છે, હિરણ્યાક્ષને મારવા વરાહ અવતાર થયો તે સીધો બીજો જ અવતાર છે, જ્યારે હિરણ્યકશિપુને મારવા નૃસિંહ અવતાર થયો તે ચૌદમો અવતાર છે. આમ વચ્ચે અગિયાર અવતાર બીજા થઈ ગયા. વચ્ચેના આ અગિયાર અવતારોએ હિરણ્યકશિપુને છંછેડ્યો લાગતો નથી. અગિયાર અવતાર સુધી તે રાજ્ય કરતો રહ્યો. પોતાના પુત્ર પ્રહ્લાદ સિવાય તેણે બીજા કોઈના ઉપર અત્યાચાર કર્યો હોય તેવું સાંભળ્યું નથી. જો કર્યો હોત તો પૂર્વના અગિયાર અવતારોમાંથી કોઈ એક જરૂર તેનો ભાર ઉતારી નાખત.

સમયની દૃષ્ટિએ વિચારીએ તો હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુના નાશ વચ્ચે હજારો, કદાચ લાખો વર્ષો વીતી ગયાં હશે, કારણ કે બીજા અગિયાર અવતારો થઈ ચૂક્યા છે. આટલા લાંબા સમય સુધી હિરણ્યકશિપુ જીવતો રહી રાજ્ય કરતો રહ્યો હોય અને બહુ મોટી ઉંમરે પાછળથી પ્રહ્લાદ નામનો પુત્ર થયો હોય તેવું બને, અથવા પછી હિરણ્યાક્ષના મૃત્યુ પછી તરત જ પાંચ-દસ વર્ષોમાં જ આ ઘટના ઘટી હોય તેવું પણ બને. જો બીજો પક્ષ માનીએ તો પાંચ-દસ વર્ષમાં જ બાકીના અગિયાર અવતારો થઈ જાય તે વાત માનવામાં ન આવે,

કારણ કે મત્સ્યાવતાર વગેરેમાં તો હજારો વર્ષનો સમય લાગે તેમ છે જ. એટલે એ નૃસિંહ અવતારની ઐતિહાસિક ભૂમિકા અત્યંત સંદિગ્ધ થઈ જતી લાગે છે. બીજું, આ બન્ને રાક્ષસો જય તથા વિજયના જ અવતાર છે, જો હિરણ્યાક્ષ (જય) અને હિરણ્યકશિપુ (વિજય)ના મૃત્યુ વચ્ચે લાખો વર્ષનું અંતર હોય તો વિજય નામનો દ્વારપાળ તો હિરણ્યકશિપુ રૂપથી રાક્ષસ થઈને રાજ્ય કરતો રહ્યો, પણ જય નામનો દ્વારપાળ તો હિરણ્યાક્ષરૂપે લાખો વર્ષ પહેલાં વરાહ અવતાર દ્વારા મરાયો હતો, તે આ લાખો વર્ષ ક્યાં રહ્યો તથા શું કરતો રહ્યો? એવો પ્રશ્ન થાય.

એ શ્રુતકથા પ્રમાણે કોઈ બ્રાહ્મણના શાપથી હિરણ્યકશિપુને પ્રહ્લાદ (પુત્ર) સાથે વેર બંધાયું હતું, જો આવી વાત હોય તો સનકાદિ મુનિઓના શાપથી તે રાક્ષસ થયો તથા બ્રાહ્મણના શાપથી પુત્ર સાથે વેર બાંધ્યું. આમ બન્ને ઘટનાઓ શાપ દ્વારા થઈ કહેવાય, એટલે તેના દ્વારા જે કાંઈ થયું તે શાપ આપનાર દ્વારા થયું કહેવાય. તે પોતે તે શાપની શક્તિ પ્રમાણે નિમિત્ત માત્ર જ બન્યો કહેવાય.

બીજું, પિતા તથા પુત્ર વચ્ચે ઇષ્ટદેવ સંબંધી કે આધ્યાત્મિક વિચાર બાબત મતભેદ હોય તે અસંભવ નથી. આ બાબત સિવાય હિરણ્યકશિપુ ધાર્મિક માણસ છે. આવી નાની બાબતમાં તેને મારવા વિષ્ણુ ભગવાનને અવતાર ધારણ કરવો પડે છે વધારે પડતી વાત ના કહેવાય?

પોતાના સગા ભાઈ હિરણ્યાક્ષની હત્યા શ્રીવિષ્ણુએ (વરાહરૂપમાં) કરી છે, આ કારણે તે વિષ્ણુવિરોધી થઈ ગયો હતો. તેથી જ પોતાના શત્રુ વિષ્ણુનું ભજન કરનાર પ્રહ્લાદ પ્રત્યે તેને નફરત થઈ હતી. આવી વાત સ્વયં પ્રહ્લાદે ભાગવતમાં વિષ્ણુ ભગવાનને (નૃસિંહને) કરી છે અને વિષ્ણુ ભગવાને હિરણ્યકશિપુની પવિત્રતાનો સ્વીકાર કરી પ્રહ્લાદને તેના પિતાની અંત્યેષ્ટિ ક્રિયા કરવાની આજ્ઞા આપી છે.

# 15. વામન

પંદરમો અવતાર શ્રી વામનનો છે. તેની કથા આ પ્રમાણે છેઃ

પ્રહ્લાદનો પુત્ર વિરોચન, તેનો પુત્ર બલિરાજા અને તેનો પુત્ર બાણાસુર. આ થયો દૈત્યવંશ. બલિરાજાએ સ્વર્ગ ઉપર ચડાઈ કરી ઇન્દ્ર સહિત દેવોને હરાવી સ્વર્ગનું રાજ્ય લઈ લીધું. આથી દુઃખી થયેલો ઇન્દ્ર દેવો સહિત માતા અદિતિ પાસે આવીને દુઃખકથા સંભળાવવા લાગ્યો. અદિતિએ તેમને મહર્ષિ કશ્યપની પાસે મોકલ્યા. કશ્યપે બ્રહ્માજીની સભામાં દુઃખ કહ્યું, બ્રહ્માજીએ તપ કરવા જણાવ્યું. આ પ્રમાણે બધા તપ કરવા લાગ્યા. નારાયણ પ્રસન્ન થયા અને કશ્યપને વરદાન માગવા કહ્યું. કશ્યપે અદિતિના ગર્ભથી તમે પુત્રરૂપે જન્મો તેવું વરદાન માગ્યું. આ પ્રમાણે કશ્યપજીના વીર્યથી અદિતિમાં ભગવાન નારાયણ પ્રવિષ્ટ થયા, તથા પૂરા માસે અવતર્યા. આ જ વામન.

વામન ભણીગણીને મોટા થયા. એક સમયે કુરુક્ષેત્રમાં બલિરાજા અશ્વમેધ યજ્ઞ કરી રહ્યો હતો ત્યાં જવા વામન તૈયાર થયા પણ ભરદ્વાજ ઋષિએ ત્યાં ન જવા ગૂઢવાણીમાં કહ્યું (વામનપુરાણ 89-53), પણ વામન તો નીકળી પડ્યા. દેવતાઓના ગુરુ બૃહસ્પતિ તેમને કુરુક્ષેત્રનો માર્ગ બતાવવા સાથે હતા. બલિરાજાના ગુરુ શુક્રાચાર્ય હતા. તેમણે વિધિપૂર્વક બલિરાજાને દીક્ષિત કરીને તેમની પત્ની વિન્ધ્યાવલી (જે ઋષિકન્યા હતી)ની સાથે યજ્ઞની વિધિમાં બેસાડ્યા હતા. આ યજ્ઞમાં દેશભરના મહાન ઋષિઓ આવ્યા હતા, જેમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગર્ગ વગેરે પણ હતા. શ્રી વામન યજ્ઞમંડપમાં આવ્યા એટલે બલિરાજાએ વિધિપૂર્વક પૂજા કરી. બીજા લોકોએ પણ પૂજા કરી. બ્રાહ્મણ-બટુક થઈને આવેલા વામને અગ્નિહોત્ર માટે ત્રણ પગલાં ભૂમિ આપવા કહ્યું (વામનપુરાણ 31-50). બલિરાજાએ કહ્યું કે ત્રણ પગલાં ભૂમિથી શું થશે? વધારે માગો ને? વામને કહ્યું કે, ના આટલી ભૂમિ ઘણી થઈ ગઈ. બાકીનું જે હોય તે બીજા લોકોને આપજો (વામનપુરાણ 31-51).

દૈત્યગુરુ શુક્રાચાર્યે બલિને સમજાવ્યો કે આ વામનને કશું આપીશ નહિ. આ સ્વયં વિષ્ણુ ભગવાન છે. છળકપટથી તારી પાસેથી એ બધું પડાવી લેશે વગેરે. પણ બલિએ કહ્યું કે મારાં તો અહોભાગ્ય કે મારા આંગણે સ્વયં વિષ્ણુ યાચક બનીને આવે. હું બીજા કોઈ યાચકને નિરાશ નથી કરતો તો પછી વિષ્ણુ માટે તો મારું મસ્તક પણ આપવા તૈયાર છું. બલિરાજાએ શુક્રાચાર્યની વાત માની નહિ. અંતે ત્રણ પગલાં ભૂમિનો સંકલ્પ કરવા જળ આપ્યું કે તરત જ વામન વિરાટ રૂપમાં બદલાઈ ગયા. એક પગથી પૂરી પૃથ્વી માપી લીધી, બીજા પગલાથી સૂર્યચંદ્રને આજુબાજુ રાખીને સમસ્ત આકાશ માપી લીધું. હવે ત્રીજો પગ રાખવાની જગ્યા ન મળતાં બલિરાજાને બાંધી લીધો. પછી તેના પુત્ર બાણાસુરની વિનંતીથી મુક્ત કરી બલિ-પ્રહ્લાદ બાણાસુર વગેરેને સુતલલોકમાં મોકલી દીધા અને પૃથ્વી વગેરે લઈને બ્રહ્મા પાસે ગયા તથા સ્વર્ગનું રાજ્ય ઇન્દ્રને પાછું આપી બધા દેવોને રાજી કર્યા. અહીં એક વાત યાદ રાખવાની કે આ બાણાસુરની કન્યા ઉષાનો વિવાહ બાવીસમા અવતાર શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ સાથે થયો છે. એટલે દૈત્યરાજ બાણાસુર અને ભગવાન કૃષ્ણ પરસ્પરમાં વેવાઈ થયા છે.

હવે જરા આ કથા ઉપર વિચાર કરીએ.

હિરણ્યકશિપુનો પુત્ર પ્રહ્લાદ તો વિષ્ણુભક્ત હતો જ. તેનો પુત્ર બલિરાજા થયો. તેણે પરાક્રમ કરીને સ્વર્ગનું રાજ્ય જીતી લીધું અને દેવો ઉપર વિજય મેળવ્યો. જો બલિરાજાએ સ્વર્ગવિજય ન કર્યો હોત તો કદાચ વિષ્ણુને અવતાર ધારણ ન કરવો પડ્યો હોત. પછી વિષ્ણુ પોતે જ અદિતિ (ઇન્દ્રની માતા)ના ગર્ભે વામનરૂપથી જન્મ્યા. બલિરાજા, ધર્મ પ્રમાણે ઋષિમુનિઓને માનનારો, મહાદાની તથા ભક્ત હતો. તેનામાં અસુરોના કોઈ જ દોષ ન હતા. તે યજ્ઞ કરતો હતો, તેવા સમયે વામન ત્યાં ગયા અને વામનરૂપથી ત્રણ પગલાં પૃથ્વી માગી અને વિરાટરૂપથી તેને માપવા લાગ્યા. જે રૂપે પૃથ્વી માગી હતી તે જ રૂપે ડગલાં માપવાં તે ધર્મ તથા ન્યાય કહેવાય તેની જગ્યાએ અત્યંત વિરાટ રૂપથી માપણી કરવામાં તો ચાલાકી જ કહેવાય, જે ધર્મની સ્થાપના કરવા અવતરેલા અવતારને તો ન જ શોભે. પણ આવું થયું. ગમે તેમ કરીને બલિ પાસેથી રાજ્ય પાછું લઈ લીધું. ફરી તે પરાક્રમ બતાવીને ઇન્દ્રાદિ દેવોને હેરાન ન કરે તે માટે કાયમના

માટે તેનું સ્થળાંતર કરાવી સુતલલોક (પાતાળ) મોકલી આપ્યો.

આવું કરવાને બદલે ઇન્દ્રના ચારિત્ર્ય કરતાં અત્યંત ઉત્તમ ચારિત્ર્યવાળા બલિરાજાને જ રાજ્ય કરવા દીધું હોત તો? ધર્મની કઈ હાનિ થવાની હતી? જો ભગવાનને દેવો જ વહાલા હોય અને દૈત્યો દવલા જ હોય તો પછી ઇન્દ્રને જ એવી શક્તિ આપી હોત કે તે યુદ્ધ કરીને પોતાનું રાજ્ય પાછું મેળવી લે. તો ઓછામાં ઓછું ભગવાનના અવતારને તો ચાલાકીભર્યું છળકપટ જેવું પગલું ભરવું ન પડત. આ આખી ઘટનાથી સામાન્ય પ્રજાને શો લાભ થયો?

# 16. હયગ્રીવ

ભગવાન વિષ્ણુ શેષનાગ ઉપર પોઢ્યા હતા. તેમની નાભિથી સહસ્રદળ-કમળ ઉત્પન્ન થયું. તેના ઉપર હિરણ્યગર્ભ — બ્રહ્માજી — વ્યક્ત થયા. ચારે તરફ જળ જ જળ હતું. જે કમળ ઉપર બ્રહ્માજી બેઠા હતા તે કમળ ઉપર વિષ્ણુ ભગવાનની પ્રેરણાથી પ્રથમથી જ રજોગુણ તથા તમોગુણના પ્રતીક સમ જળનાં બે બિન્દુઓ પડ્યાં હતાં. તેના ઉપર ભગવાન વિષ્ણુની દૃષ્ટિ પડવાથી તેમની ઇચ્છા પ્રમાણે મધુ તથા કૈટભ નામના દૈત્યો ઉત્પન્ન થયા. બન્ને મહાબળવાન તથા વીર યોદ્ધા હતા. તેઓ કમળના નાળ દ્વારા ઠેઠ બ્રહ્માજી પાસે પહોંચી ગયા. બ્રહ્માજી સૃષ્ટિરચનામાં તલ્લીન હતા. તેમની પાસે ચાર વેદો પડ્યા હતા. તે ચારે વેદોને લઈને પેલા બન્ને દૈત્યો પૂર્વોત્તર સાગરમાં થઈને રસાતળમાં પહોંચી ગયા.

બ્રહ્માજીને જ્યારે વેદો ચોરાયા છે તેની ખબર પડી ત્યારે ભારે દુ:ખી થઈને વિષ્ણુને પ્રાર્થના કરવા ગયા. ભગવાન ઊંઘમાંથી જાગ્યા અને પોતાને હયગ્રીવ (ઘોડા જેવી ગ્રીવા)નું રૂપ આપી સમુદ્રમાં પ્રવિષ્ટ થયા અને રસાતળમાં પ્રવેશી ગયા. ત્યાં ભગવાને સામગાન ગાવું શરૂ કર્યું. ભગવાનની મધુર વાણી સાંભળીને વેદોને ચોરનારા મધુ તથા કૈટભ પણ વેદોને પડતા મૂકીને વાણી સાંભળવા આવ્યા. સારો મોકો છે તેમ સમજીને ભગવાને પેલા વેદોને લઈ લીધા તથા બ્રહ્માજીને આપી દીધા અને પોતે હયગ્રીવનું સ્વરૂપ ત્યાગીને શેષશાયી વિષ્ણુ થઈને સૂઈ ગયા.

બીજી તરફ મધુ-કૈટભને સામગાન ગાનાર કોઈ માણસ ન મળ્યો એટલે તથા પોતાના વેદો કોઈ લઈ ગયું છે તેવું જાણીને ક્રુદ્ધ થઈને તેઓ સમુદ્રની ઉપર આવ્યા. ત્યાં તેમણે વિષ્ણુ ભગવાનને સૂતેલા જોયા. તેમના ઉપર શંકા થતાં વિષ્ણુ ભગવાનને જગાડ્યા. બન્ને વચ્ચે ભારે યુદ્ધ થયું. પાંચ હજાર વર્ષ બાહુયુદ્ધ થવા છતાં મધુકૈટભ મરાયા નહિ, એટલે પ્રસન્ન થઈને વિષ્ણુએ વરદાન માગવા કહ્યું, પણ દૈત્યોએ તુચ્છકારથી કહ્યું કે તમે વળી વરદાન આપનાર કોણ? તેના કરતાં તમે જ અમારી પાસે વરદાન માગી લો. અંતે વિષ્ણુએ બન્ને પાસે વરદાન માગ્યું કે:

જો તમે બન્ને પ્રસન્ન હો તો મારા હાથે તમે માર્યા જાઓ. બસ આટલું જ વરદાન જોઈએ છે.

(માર્કંડેયપુરાણ 81-74)

પેલા બન્ને પસ્તાયા, પણ હવે શું થાય? અંતે તેમણે પણ વિષ્ણુ પાસે વરદાન માગ્યું:

જ્યાં પૃથ્વી જળથી પલળેલી ન હોય તેવી સૂકી જગ્યાએ તમે અમારો વધ કરો. (માર્કંડેયપુરાણ 81-76)

ભગવાન વિષ્ણુએ સુદર્શનચક્રને યાદ કર્યું. પોતાની વિશાળ જાંઘોને સમુદ્ર ઉપર વિસ્તારીને તદ્દન સૂકું સ્થાન બનાવી દીધું. પછી મધુ તથા કૈટભને પોતાની જાંઘ ઉપર માથું રાખવાનું કહ્યું. દૈત્યોએ ભગવાનની જાંઘ ઉપર પોતપોતાનાં માથાં રાખ્યાં એટલે ભગવાને તરત જ પોતાના ચક્રથી બન્ને રાક્ષસોનાં માથાં કાપી નાખ્યાં. આ રીતે મધુ-કૈટભ દૈત્યોનો નાશ કરીને ભગવાને બ્રહ્માજીને સૃષ્ટિરચનામાં નિર્વિઘ્ન કરી દીધા. આ થઈ હયગ્રીવ અવતારની કથા.

હવે જરા વિચાર કરીએ. કમળના ઉપર ભગવાને જ બે બિન્દુઓ મૂક્યાં હતાં તથા પોતે જ તે બિન્દુઓને દૈત્ય બનાવ્યા હતા. મધુ-કૈટભનું નિર્માણ આ રીતે વિષ્ણુ દ્વારા જ થયું હતું. આમ બે દૈત્યોની ઉત્પત્તિ કરવાની શી જરૂર? પછી આ જ દૈત્યોએ બ્રહ્માજીના વેદો ચોર્યા. વેદોને અનાદિ માનીએ તોપણ સૃષ્ટિની શરૂઆતમાં મુદ્રણયંત્ર ન હોવાથી વેદો પુસ્તકના રૂપમાં નહિ પણ સ્મૃતિરૂપમાં સચવાયા હતા. તો બ્રહ્માજી પાસે પુસ્તકાકાર વેદો ક્યાંથી આવ્યા? તેઓ તો શ્રુતિરૂપમાં હતા. મસ્તિષ્કમાં ધારણ કરેલા વેદો તો કોઈ ચોરી શકે નહિ. અસ્તુ. પછી આ વેદો ચોરીને દૈત્યો રસાતળમાં લઈ ગયા. રસાતળમાં પણ વેદોનો પ્રચાર થાય તો શું ખોટું?

પણ વેદ વિનાના બ્રહ્મા ભારે દુ:ખી થયા અને અંતે વિષ્ણુ ભગવાન સામગાન કરીને વેદો લઈ આવ્યા. પણ વાત આટલેથી પૂરી ન

થઈ. મધુ-કૈટભ વેદ લઈ જનારને શોધતા શોધતા ક્ષીરસમુદ્રમાં આવ્યા અને ત્યાં વિષ્ણુને પોઢેલા જોયા. તેમને જગાડ્યા અને ભયંકર યુદ્ધ થયું. પાંચ હજાર વર્ષ સુધી આ યુદ્ધ ચાલ્યું, પણ વિષ્ણુ જીતી શક્યા નહિ. મધુ-કૈટભની શૂરવીરતાથી પ્રસન્ન થઈને તેમણે મધુ-કૈટભને વરદાન માગવા જણાવ્યું પણ મધુ-કૈટભે વરદાન લેવાની જગ્યાએ વિષ્ણુને જ વરદાન માગી લેવા 'ઑફર' કરી. વિષ્ણુએ તક ઝડપી લઈ બન્નેનું મૃત્યુ પોતાના હાથે થાય તેવું માગ્યું. શરત પ્રમાણે મધુ તથા કૈટભ બન્ને વિષ્ણુ ભગવાનની જાંઘ ઉપર માથું મૂકીને સૂઈ ગયા કે તરત જ વિષ્ણુએ ચક્રથી બન્નેનાં મસ્તક કાપી નાખ્યાં. આ થઈ હયગ્રીવ અવતારની કથા. વાચક પોતે જ વિચાર કરે. મધુ-કૈટભનું નિર્માણ સ્વયં વિષ્ણુએ જ કર્યું હતું. શા માટે? ન કર્યું હોત તો? તેમને બળવાન પણ તેમણે જ બનાવ્યા હતા, એટલે તો પાંચ હજાર વર્ષના યુદ્ધ પછી પણ તે જીતી શકાયા નહિ. બ્રહ્માજીના વેદો ચોર્યાની વાત અનેકાર્થી હોઈ શકે. સ્વયં બ્રહ્મા કોઈ ઐતિહાસિક વ્યક્તિ નથી એટલે આ આખી કથા પણ ઐતિહાસિક નથી લાગતી. કોઈ આધ્યાત્મિક રૂપક હોય તો તેની ઘટનાત્મક વાસ્તવિકતા નથી રહેતી. વિષ્ણુને હયગ્રીવ (ઘોડા જેવી ગરદનવાળા) થવાની શી જરૂર હતી? જેવું વરદાન વિષ્ણુએ મધુ-કૈટભ પાસે માગ્યું, તેવું જ વરદાન મધુ-કૈટભે પ્રથમ માગી લીધું હોત તો? અને જે રીતે પોતાની જાંઘ ઉપર સુવાડીને તેમને માર્યા તે કોઈ વીર યોદ્ધાને ગૌરવ આપે તેવી ઘટના તો નથી ને? આવી કથાઓથી આપણે પ્રજાજીવનનું ઘડતર કરવા માગીએ છીએ? આપણા અવતારો ઓછામાં ઓછા અસુરોની નૈતિકતા અને આદર્શોથી તો ઊતરતા ન હોવા જોઈએ ને?

# 17. હરિ

સત્તરમો અવતાર ભગવાન શ્રીહરિનો છે.

શ્રીહરિની અવતારકથા સાથે ધ્રુવ તથા ગજેન્દ્રમોક્ષની કથાઓ પ્રચલિત છે. આ બન્ને કથાઓ અત્યંત પ્રચલિત હોવાથી તથા ધ્રુવ તથા ગજેન્દ્રનો ઉદ્ધાર, દર્શન આપીને તથા મગરનો વધ કરીને થયો હોવાથી શ્રીહરિ કોઈ સ્વરૂપવિશેષે અવતર્યા જણાતા નથી. પણ દયાળુ તથા રક્ષકના રૂપમાં તેઓએ ભક્તોનાં કાર્ય કર્યાં છે એટલે તેની ચર્ચા જરૂરી નથી લાગતી.

# 18. પરશુરામ

શ્રી પરશુરામજીની કથા આ પ્રકારે છેઃ

મહર્ષિ જમદગ્નિ, મહારાજ રેણુની કન્યા રેણુકા સાથે પરણ્યા હતા. પિતા બ્રાહ્મણ અને માતા ક્ષત્રિય. ઋષિને પાંચ પુત્ર થયા તેમાં સૌથી નાના પરશુરામજી હતા. મહાદેવજીની ઉગ્ર તપસ્યા કરવાથી વરદાનમાં તેમને પરશુ નામનું અમોઘ શસ્ત્ર મળ્યું તેથી રામમાંથી પરશુરામ થયા.

એક વાર એવું બન્યું કે રેણુકા જળ ભરવા માટે સંધ્યાકાળે યમુનાતટે ગયાં. બરાબર આ જ સમયે ગાંધર્વરાજ ચિત્રરથ અપ્સરાઓ સાથે આવીને યમુનાજળમાં ક્રીડા કરી રહ્યો હતો. રેણુકાને આ દૃશ્ય લોભાવી ગયું. તે ઘણી વાર સુધી અપ્સરાઓ સાથેની ચિત્રરથની જળક્રીડા દેખતાં રહ્યાં, તેમને પણ આવી ક્રીડા કરવાની ઇચ્છા થઈ આવી. પણ પછી ભાન થતાં જ ઝટઝટ જળ ભરીને ઋષિ પાસે આવ્યાં. પોતાને મોડું થયું છે તે કારણે તે ભયભીત હતાં. બે હાથ જોડીને તેઓ ઋષિ પાસે ઊભાં રહ્યાં. પોતાની પત્ની રેણુકાએ માનસિક રીતે ચિત્રરથની સાથે ક્રીડા કરવાના સંકલ્પો કર્યા હતા તેવું જાણતાં જ ઋષિ કોપાયમાન થયા અને પોતાના પુત્રોને આદેશ આપ્યો, કે 'હે પુત્રો તમારી આ માતા પાપી છે, માટે તેને મારી નાખો.' પણ પુત્રોએ પોતાની માતાને માર્યાં નહિ. ઋષિ વધુ ક્રુદ્ધ થયા. તેમણે નાના પરશુરામને આજ્ઞા કરી કે 'તારા ભાઈઓ સહિત તારી માતાને મારી નાખ.' એટલે પરશુરામે તરત જ પોતાના ભાઈઓ સહિત માતાને મારી નાખ્યાં. પરશુરામની આ ક્રિયાથી પ્રસન્ન થયેલા ઋષિએ પરશુરામને વરદાન માગવા જણાવ્યું. પરશુરામે માગ્યું કે 'મારી માતા તથા ભાઈઓ ફરીથી જીવતાં થાય તથા તેમને મેં મારી નાખ્યાં હતાં તેનું સ્મરણ ન રહે.' ઋષિએ 'તથાસ્તુ' કહ્યું એટલે બધાં ફરીથી જીવતાં થયાં. આ થયું પરશુરામનું પ્રથમ અવતારકાર્ય (શ્રીમદ્ ભાગવત 9/16).

હવે બીજું કાર્ય જોઈએઃ

હૈહયકુળમાં અર્જુન નામનો એક પ્રતાપી રાજા હતો. દત્તાત્રેયની ઉપાસનાથી તેને હજાર હાથ મળ્યા હતા તેથી તેનું નામ સહસ્રબાહુ પડ્યું હતું. એક વાર નર્મદાના જળમાં સ્ત્રીઓ સાથે તે જળક્રીડા કરતો હતો તેવામાં દિગ્વિજય કરવા નીકળેલા બ્રાહ્મણરાજા રાવણ સાથે તેને યુદ્ધ થઈ ગયું. રાવણને કેદ કરી માહિષ્મતી નગરીમાં લઈ ગયો તથા પાછળથી અપમાનિત કરીને વાનરાની માફક છોડી મૂક્યો હતો. આવો આ પરાક્રમી રાજા હતો.

એક વાર તે શિકાર કરવા નીકળ્યો. દૈવયોગે જમદગ્નિ ઋષિના આશ્રમમાં જઈ ચડ્યો. ઋષિએ કામધેનુ ગાયના પ્રભાવથી સૈન્ય સહિત રાજાનો સુંદર સત્કાર કર્યો. રાજાની બુદ્ધિ બગડી અને કામધેનુ ગાયનું હરણ કરવા સૈનિકોને આજ્ઞા કરી. બળજબરીથી તે ગાયને હરીને માહિષ્મતી નગરી લઈ ગયો. એવામાં પરશુરામ આશ્રમમાં આવી ગયા અને ઘટેલી ઘટનાથી ક્રુદ્ધ થઈ રાજા પાછળ ધસી ગયા. રાજાએ સત્તર અક્ષૌહિણી સેના યુદ્ધ માટે મોકલી. પરશુરામે પૂરી સેનાનો નાશ કરી નાખ્યો. પછી સહસ્રાર્જુન પોતે યુદ્ધ કરવા આવ્યો તો તેનો પણ નાશ કરી નાખ્યો. પિતા સહિત પૂરા સૈન્યનો નાશ જોઈને સહસ્રાર્જુનના દશ હજાર પુત્રો વનમાં ભાગી ગયા. કામધેનુ ગાય લઈને પરશુરામ આશ્રમે પાછા આવ્યા. આ થયું બીજું કાર્ય. પણ આટલી મોટી હિંસા અને તે પણ એક માત્ર ગાય માટે થયેલી જાણીને ઋષિ જમદગ્નિ ભારે દુઃખી થયા. તેમણે પરશુરામને ઠપકો આપતાં કહ્યું:

"ઓ રામ, હે રામ, હે મહાબાહુ, તેં પાપકર્મ કર્યું છે, કારણ કે તેં સર્વ દેવમય રાજાનો વૃથા વધ કર્યો છે.' (શ્રીમદ્ ભાગવત 9-16-38.) 'જેના મસ્તક ઉપર રાજ્યાભિષેક થયો હોય છે તેવા રાજાનો વધ તો બ્રાહ્મણના વધ કરતાં પણ ભારે છે.' (ભા. 9-16-41).

આ રીતે જમદગ્નિ ઋષિએ પુત્રના કાર્યનો વિરોધ કર્યો એટલે પ્રાયશ્ચિત્ત કરવા પરશુરામ એક વર્ષ સુધી તીર્થયાત્રા કરવા ગયા.

બીજી તરફ સહસ્રાર્જુનના પુત્રો પોતાના પિતાની હત્યાના વેરમાં બળી રહ્યા હતા. એક વાર તેઓ જમદગ્નિ ઋષિના આશ્રમમાં આવી

ચઢ્યા અને રેણુકાની ઘણી આજીજી છતાં જમદગ્નિ ઋષિનું મસ્તક કાપીને લઈ ગયા. આશ્રમમાં ઘટેલી આ ઘટનાથી વ્યગ્ર બનેલાં રેણુકા 'ઓ રામ, હે રામ.' એમ બૂમો પાડવા લાગ્યાં. તેવામાં પરશુરામ આશ્રમમાં આવી પહોંચ્યા. ફરીથી ભારે ક્રુદ્ધ થઈને, માતાએ એકવીસ વાર બૂમો પાડી હોવાથી, એકવીસ વાર ક્ષત્રિયોનો નાશ કરવાની પ્રતિજ્ઞા કરી, પરશુ લઈને નીકળી પડ્યા. તેમણે એકવીસ વાર ક્ષત્રિયોનો નાશ કરીને સ્યમંતક ક્ષેત્રમાં લોહીના નવ ધરાઓ કર્યા હતા. ક્ષત્રિયો વિનાની પૃથ્વી તેમણે બ્રાહ્મણોને આપી દીધી (ભા. 9-16-22).

બ્રહ્મવૈવર્તપુરાણમાં શ્રીપરશુરામજીનું ચરિત્ર થોડા વિસ્તારથી આપ્યું છે. યુદ્ધના થોડાક અંશો આ રહ્યા.

પરશુરામજીએ ઉગ્ર તપસ્યા કરી શિવજી પાસેથી દિવ્યાસ્ત્ર તથા શસ્ત્રાસ્ત્ર પ્રાપ્ત કર્યાં. જોકે એકવીસ વાર ક્ષત્રિયોનો સંહાર કરવાની વાત સાંભળીને ભદ્રકાળી કુપિત થયાં પણ પછી પરશુરામજીએ આક્રંદ કરવાથી શાન્ત થયાં. આ રીતે પરશુરામજીએ ક્ષત્રિયોના નાશ માટે શિવજી પાસેથી શક્તિ મેળવી તથા ત્રૈલોક્ય-વિજયી કવચ મેળવ્યું. બધી રીતે પૂર્ણ શક્તિશાળી થયા પછી તેમણે કાર્તવીર્ય સાથે યુદ્ધ કર્યું. યુદ્ધના મેદાનમાં કાર્તવીર્યે રથ ઉપરથી ઊતરીને પરશુરામને દંડવત્ પ્રણામ કર્યાં તથા પોતે ક્ષત્રિય હોવાથી રાગવશ ગાયનું હરણ કર્યું. આવા નાના અપરાધને આટલું મોટું રૂપ ન આપવા તથા બ્રાહ્મણની શોભા ક્ષમા કરવામાં છે — યુદ્ધ આપને શોભે નહિ, તેવી પ્રાર્થના કરી. પણ પરશુરામ માન્યા નહિ. અંતે યુદ્ધ શરૂ થયું. બન્ને તરફથી ભારે યુદ્ધ થવા છતાં પણ કાર્તવીર્ય મરાયો નહિ. આકાશવાણીએ પરશુરામને જણાવ્યું કે 'કાર્તવીર્યના ગળામાં દુર્વાસાનું આપેલું શિવજીનું અમોઘ કવચ છે. તે માગી લો. પછી જ કાર્તવીર્ય મરાશે.' આ કવચ લેવા માટે પરશુરામે સંન્યાસીનો વેશ ધારણ કરીને તે માગી લીધું. પછી કાર્તવીર્ય યુદ્ધમાં જમીન ઉપર પડી ગયો.

કાર્તવીર્ય પછી જે જે રાજાઓનો વારો આવ્યો તે આ પ્રમાણે છેઃ બ્રુહદ્બલ, સોમદત્ત, વિદર્ભ, મિથિલેશ્વર. નિષધરાજ, મગધાધિપતિ, કાન્યકુચ્બ્જ, સૌરાષ્ટ્ર, રાઢીય, વારેન્દ્ર, સૌમ્યબંગીય, મહારાષ્ટ્ર, ગુર્જરજાતીય અને કલિંગ વગેરેના સેંકડો રાજાઓએ બાર અક્ષૌહિણી સેના સાથે યુદ્ધ કર્યું, પણ સૌનો નાશ કરી નખાયો.

તે પછી બાર અક્ષૌહિણી સેના લઈને રાજા સુચન્દ્ર રણભૂમિમાં આવ્યા. ભયંકર યુદ્ધ પછી પણ રાજાનો વધ ન થઈ શકવાથી પરશુરામ ચિંતિત થયા. તેમણે જોયું કે ભદ્રકાળી સ્વયં રાજા સુચન્દ્રની રક્ષા કરી રહ્યાં છે. તેમણે શસ્ત્રાસ્ત્રનો ત્યાગ કરીને ભદ્રકાળીની પ્રાર્થના કરી એટલે ભદ્રકાળી તો અંતર્ધાન થઈ ગયાં પણ રાજા મરાયો નહિ. એટલે બ્રહ્માજીએ પરશુરામને કહ્યું કે રાજાના ગળામાં ભદ્રકાળીનું કવચ છે તે માગી લો પછી જ રાજા મરશે. પરશુરામે સંન્યાસીનું રૂપ ધારણ કરી પેલું કવચ માગી લીધું. રાજાએ આદરપૂર્વક એ સંન્યાસીને કવચ આપી દીધું. પછી પરશુરામે ત્રિશૂલથી રાજાને મારી નાખ્યો (બ્રહ્મવૈવર્ત, ગણપતિખંડ, 76/96).

આવી રીતે મહારાજા સુચન્દ્રનું મૃત્યુ થવાથી તેમનો પુત્ર પુષ્કરાક્ષ સૂર્યવંશી ત્રણ અક્ષૌહિણી સેના સાથે યુદ્ધ કરવા આવ્યો. પરશુરામે તથા ભાઈઓએ ભયંકર યુદ્ધ કર્યું તથા પ્રત્યેક પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્ર વાપરી જોયાં પણ પુષ્કરાક્ષનો વાળ વાંકો થયો નહિ તેથી છેવટમાં પાશુપતાસ્ત્રનો પ્રયોગ કરવા તૈયાર થયા. એટલામાં ભગવાન વિષ્ણુ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને પરશુરામ પાસે આવ્યા તથા પાશુપતાસ્ત્રનો પ્રયોગ ન કરવા સમજાવી, પુષ્કરાક્ષના તથા તેના પુત્રના ગળામાં રહેલા વિશ્વવિજયી મહાલક્ષ્મી કવચની વાત કરી. પોતે સ્વયં વિષ્ણુ બ્રાહ્મણના રૂપમાં જઈને તે બન્ને માગી લાવશે પછી સરળતાથી પુષ્કરાક્ષનો નાશ કરી શકાશે. આવું સમજાવીને બ્રાહ્મણવેશધારી વિષ્ણુ પુષ્કરાક્ષ પાસે ગયા અને કવચ માગી લાવ્યા પછી પરશુરામે પુષ્કરાક્ષનો પુત્ર સહિત વધ કરી નાખ્યો.

ફરી પાછો કાર્તવીર્ય બે અક્ષૌહિણી સેના લઈને યુદ્ધ કરવા આવ્યો. તેણે રથ ઉપરથી ઊતરીને પરશુરામને દંડવત્ પ્રણામ કર્યા. બન્ને પક્ષે ભયંકર યુદ્ધ શરૂ કર્યું. કાર્તવીર્યના પ્રહારોથી ભાઈઓ સહિત ઘાયલ થઈને પરશુરામ ભાગી ગયા અને મૂર્છિત થઈ ગયા (બ્ર. વૈ. પુરાણ, ગણપતિખંડ). ત્યારે શંકરે આવીને તેમને મૂર્ચ્છામાંથી નવું જીવન આપ્યું. પરશુરામ ફરી યુદ્ધ કરવા આવ્યા, પાશુપતાસ્ત્ર ધારણ કર્યું, પણ ભગવાન દત્તાત્રેય સ્વયં રાજાની રક્ષા કરતા હતા તેમને જોઈને સ્તંભિત થઈ ગયા, એટલું જ નહિ, તેમણે જોયું કે ભગવાન કૃષ્ણ પણ (જેમને હજી અવતાર થયો નથી) રાજાની રક્ષા કરી રહ્યા છે. આમ બબ્બે અવતારો જે રાજાનું રક્ષણ કરતા હોય તેને કેવી રીતે મારી શકાય? ત્યાં આકાશવાણી થઈ કે રાજાના બાહુ ઉપર દત્તાત્રેયે આપેલું શ્રીકૃષ્ણનું રક્ષાકવચ છે તે માગી લાવો તો જ રાજા મરાય.

અંતે શંકર બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને પેલું કવચ માગી લાવ્યા. પરશુરામે કાર્તવીર્યનાં દાન-ઉદારતા-શૂરવીરતા-જ્ઞાન વગેરે ગુણો દ્વારા ભારે વખાણ કર્યાં. આ વખતે રાજાએ પરશુરામને જે ઉત્તમ વાતો કહી છે તે ગીતા જેવો ઉત્તમ બોધ છે. રાજા પરમજ્ઞાની હતો. અંતમાં પરશુરામે સેના સહિત રાજાનો નાશ કરી નાખ્યો.

આવી રીતે ભારતના જુદા જુદા ભાગોમાં, જુદા જુદા રાજાઓ સાથે યુદ્ધો કરીને પરશુરામે એકવીસ વાર પૃથ્વી ઉપર ક્ષત્રિયોનો ભીષણ સંહાર કરી નાખ્યો. તેમણે પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવા ક્ષત્રિયાણીઓના ગર્ભના બાળકો તથા ખોળામાં રમતાં બાળકો, નવયુવકો, વૃદ્ધો વગેરે તમામે તમામ ક્ષત્રિયો જે હાથમાં આવ્યા તે સૌનો નાશ કરી નાખ્યો (બ્ર. વૈ. પુરાણ, ગણપતિખંડ). ક્ષત્રિયોનો ભીષણ સંહાર કરીને પરશુરામ તપ કરવા હિમાલય ચાલ્યા ગયા.

આ કથા ઉપર થોડો વિચાર કરીએ.

રેણુકા જળ ભરવા ગયાં અને ગાંધર્વની જળક્રીડા જોઈને મનમાં તેવી ઇચ્છા થઈ. પાછા ફરતાં મોડું થયું. પતિ જમદગ્નિ પાસે હાથ જોડીને ઊભાં રહ્યાં તથા પોતે માનસિક રીતે વાસનાના વંટોળમાં તણાયાં હતાં તેનો સ્વીકાર કર્યો. કામક્રીડા કે અન્ય વિલાસનાં દૃશ્યો જોઈને કોઈને પણ તેવી ઇચ્છા થઈ જાય તે સ્વાભાવિક છે. કદાચ ખુદ મુનિને પણ થોડી ક્ષણો માટે તેવા વિચારો આવી જાય. પણ તેનો દંડ માથું કાપી નાખવાનો તો ન જ હોય., જો બધા જ પતિઓ આવો દંડ આપે તો કદાચ સંસારમાં એક પણ સ્ત્રી જીવિત ન રહી શકે. અને બધી જ પત્નીઓ આવો દંડ આપે તો એક પણ પતિ જીવતો ન રહે. સામાન્ય રાગી માણસને પણ આવો દંડ આપવો ન શોભે, તો આ તો મુનિ છે. તેમનું ભૂષણ તો ક્ષમાભાવમાં રહેલું છે. તેમને કેમ શોભે? પરશુરામજીએ પહેલું પરાક્રમ ભાઈઓ સહિત માતાની હત્યા કરવાનું કર્યું. જોકે પાછળથી બધાંને સજીવન કરી નાંખ્યાં, પણ તેથી પૂર્વનું કર્મ, અકર્મ નથી થઈ જતું.

રાજાએ ગાયનું હરણ કર્યું તે તેની ભૂલ હતી, પણ તેમાંથી વેરની પરાકાષ્ઠા થાય તે રીતે સૈન્ય સાથે રાજાની હત્યા કરવી તે પણ અવતારી કાર્ય ન કહેવાય. એક ગાય માટે આટલું મોટું ભીષણ યુદ્ધ કરવું અને રાજાનો નાશ કરવો તેને સ્વયં જમદગ્નિ ઋષિ પણ મહાપાપ માને છે, એટલે તો એક વર્ષ સુધી તીર્થસેવન કરવા પરશુરામને મોકલી આપ્યા.

વેર આગળ ચાલ્યું. સહસ્રાર્જુનના પુત્રોએ જમદગ્નિને મારી નાખ્યા. પરશુરામે આ પિતૃહત્યાનો પ્રતિશોધ લેવા એકવીસ વાર ક્ષત્રિયોનો સર્વનાશ કરવાની પ્રતિજ્ઞા કરી.

પ્રતિશોધ લેવો જ હોય તો સહસ્રાર્જુનના પુત્રોની સાથે લેવાનો હોય. પૂરી ક્ષત્રિયજાતિએ શું બગાડ્યું હતું? બ્રહ્મવૈર્તપુરાણ પ્રમાણે તો જે રાજાઓ યુદ્ધમાં મારાયા તેમાંથી ઘણાખરા ધાર્મિક બ્રાહ્મણભક્ત તથા ઉચ્ચ ભક્તિભાવવાળા હતા. આ રાજાઓ તો ઠીક પણ ગર્ભનાં બાળકો, ખોળાનાં બાળકો, વૃદ્ધો વગેરે તમામેતમામ ક્ષત્રિયોને પરશુના ઝપાટામાં લઈ સૌની હત્યા કરી નાખવી તેને અવતારી કાર્ય કહેવાય?

આવી રીતે ક્ષત્રિયોના ભીષણ નાશથી તો ભારતદેશ યોદ્ધા વિનાનો થઈ ગયો. એમ કહેવાય છે કે આ ક્ષત્રિયોનો નાશ થયા પછી ભારતદેશ દુર્બળ થઈ ગયો. પછી વિદેશી પ્રજાનાં ધાડાં આવવા લાગ્યાં અને વિજયી બનીને ભારત ઉપર રાજ્ય કરવા લાગ્યાં, કારણ કે ભારત ક્ષત્રિયો વિનાનો એટલે કે યોદ્ધાઓ વિનાનો દેશ થઈ ગયો હતો.

આટલી મોટી ક્રૂર હિંસા દ્વારા જે સર્વનાશ કર્યો, તેની જગ્યાએ અવતાર એવું ન કરે કે અપરાધીઓને ક્ષમા આપી, પ્રાયશ્ચિત્ત કરાવી, તેમનું જીવન સુધારી તેમને ઉત્તમ મનુષ્ય બનાવી જીવન જીવવાની તક આપે? આવું કરનાર અવતાર વધુ દીપી ઊઠે, કે નિર્દોષ બાળકો, ગર્ભો વગેરેનો સર્વનાશ કરનાર? અને ભારતને કાયમી દુર્બળતા આપનાર? માનો કે અત્યારે આપણી સેનામાં બેપાંચ સૈનિકો કે ઑફિસરોએ કાંઈક અપરાધ કર્યો હોય તો દંડરૂપે પૂરી સેનાનો જ નાશ કરી નાખવાથી તો ભારત એક દુર્બળ દેશ બની જાય. આવું કાર્ય કોઈ કરે તેને અવતારી કાર્ય કહેવાય?

જરા શાન્તિથી વિચારો.

# 19. વ્યાસ

મહર્ષિ પરાશર દ્વારા યમુના નદી પાર કરતાં ખારવાકન્યા મત્સ્યગંધા-સત્યવતી – સાથે કામાવેગથી થયેલા સંબંધથી વ્યાસજીનો જન્મ થયો. આજે જેટલાં પુરાણો વગેરે પ્રાપ્ત થાય છે લગભગ તે બધાંના રચયિતા મહર્ષિ વ્યાસ મનાય છે. જોકે ઐતિહાસિક દષ્ટિએ આ સત્ય નથી લાગતું. પુરાણો ઘણાં પાછળથી (ગુપ્તકાળમાં) રચાયાં લાગે છે. તોપણ સંસ્કૃત વાઙ્મયમાં મહર્ષિ વ્યાસનું ભારે પ્રભુત્વ દેખાય છે. મહાભારત જેવા વિશાળકાય ગ્રંથના ભલે તેઓ રચયિતા મનાતા હોય, પણ વિદ્વાનો જાણે છે કે આ ગ્રંથ કટકે કટકે અનેક લોકો દ્વારા રચાયેલો હોવો જોઈએ. બ્રહ્મસૂત્ર જેવા દાર્શનિક ગ્રંથના પણ તેઓ રચયિતા છે, વેદોના મંત્રોને વ્યવસ્થિત કરવાનું કામ પણ વ્યાસજીએ કર્યું કહેવાય છે. વ્યાસજીના નામે મળતા ગ્રંથોમાંથી કેટલા ગ્રંથો ખરેખર તેમના છે અને કેટલા નથી તે અત્યંત જટિલ પ્રશ્ન છે. પણ તેઓએ જે કાંઈ કર્યું તે બીજા અવતારી ન હોય તેવા ઋષિઓએ પણ કર્યું છે. એટલે આ બધું કાર્ય અવતાર જ કરી શકે તેવું કહી શકાય તેમ નથી. ઊલટાનું પુરાણો દ્વારા તો હિન્દુ પ્રજા ભારે અવ્યવસ્થિત તથા દ્વિધાજનક સ્થિતિમાં મુકાઈ ગઈ છે, એટલે મહર્ષિ વ્યાસને ભગવાન કહેવા કરતાં મહર્ષિ કહેવા વધુ ન્યાયસંગત લાગે છે.

## 20. હંસ

હંસ નામનો વીસમો અવતાર કહેવાય છે. તેની કથા આવી છેઃ

એક વાર સનકાદિ ચારે કુમારો (તે પણ અવતાર છે) બ્રહ્માજી પાસે આવ્યા. તેમણે પ્રશ્ન પૂછ્યોઃ

‘પિતાશ્રી, ચિત્ત જ્યારે જુઓ ત્યારે ગુણોમાં (વિષયોમાં) રમ્યા કરે છે અને વિષયો પણ ચિત્ત સાથે તન્મય થઈને રહે છે. તો ચિત્ત અને વિષય(ગુણ)ને જુદાં કેમ કરાય? મોક્ષમાર્ગી માટે શો ઉપાય છે?”

બ્રહ્માજી પોતાના માનસપુત્રોના પ્રશ્નોને સમજાવી શક્યા નહિ એટલે ત્યાં હંસ પ્રગટ થયા. તેમણે સનકાદિના પ્રશ્નનો ઉત્તર આપ્યો કે ચિત્ત તથા ગુણ પણ હું જ છું. મારાથી જુદું કાંઈ નથી (શ્રીમદ્ ભાગવત 11/13/24-25.)

આવી રીતે ઉત્તર આપીને હંસ અદશ્ય થઈ ગયા.

# 21. શ્રીરામ

રામાવતાર વિશે મેં 'સંસારરામાયણ'માં ચર્ચા કરી છે, એટલે અહીં નથી કરતો. માત્ર એટલું જ કહીશ કે અનેક આદર્શોવાળું જીવન ધરાવતા શ્રીરામ, ધર્મની સ્થાપના કરવા જીવનભર ઝઝૂમતા રહ્યા, પણ તેમની પોતાની અયોધ્યાનગરીના લોકોને સીતાનિંદાથી મુક્ત કરી શક્યા ન હતા. ધર્મનો અર્થ જો ન્યાય થતો હોય તો સીતાજીનો ન્યાય આપી શકાયો નહોતો, તે આપણે સ્વીકારવું જોઈએ.

બીજું, રામાવતારમાં પણ વિષ્ણુના દ્વારપાળ જય તથા વિજય નારદના શાપથી રાક્ષસ થયા. (જુઓ 'નારદમોહ'નું પ્રકરણ). એમ કહી શકાય કે અવતારપક્ષે સ્વયં વિષ્ણુ છે, તો સામે રાવણાદિ રાક્ષસપક્ષે વિષ્ણુના જ દ્વારપાળો જય-વિજય છે

# 22. શ્રીકૃષ્ણ

ધર્મની સ્થાપના માટે સૌથી વધુ જહેમત ઉઠાવનાર શ્રીકૃષ્ણને છેલ્લી ક્ષણોમાં ભારે ગ્લાનિ થઈ હશે, જ્યારે તેમની જ દ્વારકામાં તેમના જ યાદવો દારૂ પીને ઋષિઓની મશ્કરીઓ કરતા હશે, સમજાવવા છતાં પણ જે સુધરતા નહિ હોય, અને અંદર અંદર જ લડીલડીને કપાઈ મૂઆ હશે. સ્વયં શ્રીકૃષ્ણને પણ એમ થયું હશે કે મેં ભલે ધર્મની સ્થાપના કરી પણ મારા જ નગરમાં, મારા જ કુટુંબમાં ધર્મસ્થાપના થઈ શકી નથી. શ્રીકૃષ્ણના આધ્યાત્મિક રૂપને બતાવવા મેં 'શ્રીકૃષ્ણલીલારહસ્ય' ગ્રંથમાં ચર્ચા કરી છે. જો શ્રીકૃષ્ણ પણ એક ઐતિહાસિક વ્યક્તિ હોય તો મહામાનવ તરીકે તેમનું ઉચિત મૂલ્યાંકન થઈ શકે, પણ જો શ્રીકૃષ્ણ પરમાત્માનું પ્રેમરૂપક હોય તો તેમની લીલાઓ એ ઘટના નહિ પણ રૂપક થઈ જાય. મારા ઉપર્યુક્ત પુસ્તકમાં મેં આ જ તત્ત્વને બતાવવા પ્રયત્ન કર્યો છે.

## 23. બુદ્ધ

બુદ્ધ તેવીસમો અવતાર મનાય છે. તેનો હેતુ ધર્મસ્થાપના માટે નહિ પણ દૈત્યોને મોહ પમાડવા માટે બતાવવામાં આવ્યો છે (શ્રીમદ્ ભાગવત 1-3-24). કથા આવી છેઃ દૈત્યોનું જોર વધી ગયું અને તેમણે સ્વર્ગ ઉપર અધિકાર મેળવી દેવોને કાઢી મૂક્યા. પછી ઇન્દ્રની જ સલાહથી વૈદિક યજ્ઞો કરવા લાગ્યા. યજ્ઞના પ્રભાવથી તેઓ વધુ બળવાન થયા. હવે તો તેમને હરાવી શકાય તેમ હતું જ નહિ એટલે લાચાર થયેલા દેવો વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ કહ્યુંઃ ચિંતા ના કરો, હું બુદ્ધાવતાર ધારણ કરીને તેમને યજ્ઞથી વિમુખ કરી નાખીશ, જેથી તેમની શક્તિ ક્ષીણ થઈ જશે. આ પ્રમાણે વિષ્ણુએ બુદ્ધનો અવતાર ધારણ કરી, સંન્યાસીના રૂપમાં દૈત્યો પાસે પહોંચીને યજ્ઞમાં થનારું પાપ બતાવ્યું તથા અહિંસાધર્મનો ઉપદેશ આપ્યો, જેથી દૈત્યોએ યજ્ઞ કરવા છોડી દીધા. યજ્ઞ બંધ કરતાં જ તેમની શક્તિ ક્ષીણ થઈ ગઈ. એથી દેવોએ સરળતાથી તેમને હરાવી દીધા અને સ્વર્ગનું રાજ્ય પાછું મેળવી લીધું. આ રીતે લોકોને મોહ પમાડીને દેવોનું ભલું કર્યું. આવી છે બુદ્ધાવતારની કથા.

જરા વિચાર કરીએ.

દેવો ઉપર દૈત્યોએ વિજય મેળવી સ્વર્ગનું રાજ પડાવી લીધું, પછી ઇન્દ્રની જ સલાહથી તેઓ વૈદિક યજ્ઞો કરવા લાગ્યા, તો દેવોએ રાજી થવું જોઈએ કે ચાલો, દૈત્યો પણ વૈદિક ધર્મનું પાલન કરતા થયા છે. જો આ વૈદિક યજ્ઞો તેમના માટે યોગ્ય ન હતા તો પછી ઇન્દ્રે તેમને આવા યજ્ઞો કરવાની સલાહ જ કેમ આપી? ઇન્દ્રે સલાહ આપી ત્યારે તેઓ યજ્ઞ કરતા થયા અને વિષ્ણુને મોહ પમાડવા અવતાર લેવો પડ્યો; તેના કરતાં શક્તિનો ક્ષય થાય તેવી જ કોઈ ક્રિયા બતાવીને ઇન્દ્ર દૈત્યોને દુર્બળ બનાવી શક્યો હોત. વિષ્ણુને અવતાર લેવાનો ભારે શ્રમ ન કરવો પડત, અસ્તુ.

હવે દૈત્યોના વૈદિક યજ્ઞોથી ભયભીત બનેલા દેવો વિષ્ણુ પાસે જઈને તેમને અવતરવા પ્રાર્થના કરે તેના કરતાં દૈત્યો કરતાં સવાયા-દોઢા યજ્ઞો કરીને સ્વયં શક્તિમાન થઈ ગયા હોત તો? જો યજ્ઞમાં એવી શક્તિ હોય તો તેઓ જરૂર શક્તિમાન થઈ જાત. પણ દેવોએ તેવું ન કર્યું.

વિષ્ણુ ભગવાન બુદ્ધ થઈને દૈત્યોને સન્માર્ગ છોડાવી કુમાર્ગ ગ્રહણ કરાવે તે ભગવાન માટે શોભાસ્પદ કહેવાય? દૈત્યો વૈદિક યજ્ઞો તો કરતા જ હતા, તેમને પૂરા અને સાચા ધાર્મિક બનાવી, દેવો જેવા ઉત્તમ બનાવી દીધા હોય તો ધર્મની સ્થાપના થઈ કહેવાય કે તેમની સાથે છળકપટ કરીને ઉત્તમ કર્મ છોડાવી દેવાથી ધર્મની સ્થાપના થઈ કહેવાય?

બીજું, માનો કે યજ્ઞોથી શક્તિ ઉત્પન્ન થવાથી તેઓ બળવાન થઈ ગયા, તો જ્યારે દૈત્યો અને દેવો વચ્ચે યુદ્ધ થયું ત્યારે દૈત્યો તો યજ્ઞો કરતા જ ન હતા. દેવો જ યજ્ઞો કરતા હતા. આવી સ્થિતિમાં દેવો હાર્યા જ કેમ અને યજ્ઞવિમુખ દૈત્યો જીત્યા કેમ?

ખરેખર તો બધા જ અવતારોમાં સૌથી વધુ ઉત્તમ રીતે ધર્મની સ્થાપના કરી હોય તો તે બુદ્ધે કરી છે. શીલ, સમાધિ અને પ્રજ્ઞાના ત્રિસ્તંભ ઉપર માનવમાત્રને સમાન ગણીને સૌના કલ્યાણ માટે તેમણે ધર્મપ્રચાર કર્યો. તેમણે કોઈ તથાકથિત રાક્ષસોને માર્યા નહિ, પણ રાક્ષસીવૃત્તિવાળા મનુષ્યોને સુધાર્યા. શસ્ત્રથી નહિ, છળકપટથી નહિ, પણ અહિંસા, સમતા અને કરુણા દ્વારા અડધા વિશ્વ ઉપર સદીઓ સુધી અને આજે પણ બુદ્ધનો ધર્મ પ્રસરી રહ્યો છે. બૌદ્ધો સિવાય બીજા કોઈ ધર્મવાળા ભારતમાંથી બહારના દેશોમાં પ્રચાર માટે ગયા હોય તથા સફળ રહ્યા તેવું ભાગ્યે જ જાણવા મળે છે.

આજે પણ પુરોહિતો સંકલ્પ કરાવતી વખતે 'બુદ્ધાવતારે' શબ્દ બોલે છે. અર્થાત્ અત્યારે બુદ્ધના અવતારનો સમય ચાલી રહ્યો છે. જે બુદ્ધે સૌથી વધુ સાચો ધર્મ બતાવ્યો તે બુદ્ધનો દૈત્યોને મોહિત કરી તેમનો નાશ કરવા અવતાર થયો તેમ કહેવું કેટલું હાસ્યાસ્પદ લાગે છે! ખરેખર તો યજ્ઞોને જ ધર્મ સમજી, યજ્ઞોમાં રચ્યાપચ્યા રહેનાર અને યજ્ઞનિમિત્તે મોટી હિંસા કરનાર પુરોહિતોને બુદ્ધે ભારે પડકાર આપ્યો હતો. બુદ્ધના પ્રભાવથી યજ્ઞો બંધ થવા લાગ્યા હતા, એટલે યજ્ઞ દ્વારા આજીવિકા ચલાવનાર વર્ગે બુદ્ધને મોહ પમાડનાર અવતાર કહ્યો

લાગે છે. એક મોહિની અવતાર પણ મોહ પમાડી દૈત્યોને અમૃતના ભાગથી વંચિત રાખવા થયો હતો અને આ બીજો બુદ્ધાવતાર પણ મોહ પમાડીને સત્કર્મભ્રષ્ટ કરવા થયો. આ રીતે તો બે અવતારો મોહ પમાડવા થયા ગણાય, ધર્મસ્થાપના માટે નહિ.

ભારત દેશ બુદ્ધના નામે વિશ્વમાં ઉજ્જ્વળ છે, આજે પણ બુદ્ધના સમતામૂલક તથા કર્મકાંડરહિત આંતરવિકાસના ઉપદેશો પ્રત્યે વિશ્વ મસ્તક ઝુકાવે છે, અને હિંસક યજ્ઞો દ્વારા તથા ઊંચ-નીચના મિથ્યાભેદ દ્વારા માણસ માણસ વચ્ચે ભારે વિસંવાદ ઉત્પન્ન કરનાર પુરોહિતો પ્રત્યે લોકોને જરાય માનની લાગણી નથી.

આટલી મહત્તા છતાં બુદ્ધે પોતાને વિષ્ણુનો અવતાર બતાવ્યો નથી. પોતે માત્ર માણસ છે અને પોતાની જે યુક્તિસંગત વાતો હોય તેને જ સ્વીકારવાની તેમણે અનુયાયીઓને ભલામણ કરી છે.

# 24. કલ્કિ

હજી તો કલિયુગનાં પાંચ હજાર જ વર્ષ વીત્યાં છે. હજી તેનો ભયંકર કાળ આવવાનો બાકી છે. લોકો ભારે અધાર્મિક તથા ભ્રષ્ટ થઈ જશે, ચારે તરફ અધર્મ જ અધર્મ દેખાશે, ત્યારે 'સંભલ' નામના ગામમાં વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ત્યાં ભગવાનનો કલ્કિ નામનો અવતાર થશે. આ કલ્કિ ભ્રષ્ટ થઈ ગયેલી પ્રજાને ફરીથી ધર્મપંથ ઉપર લાવશે.

મહાભારત લખે છે કે:

*મનસા તસ્ય સર્વાણિ વાનન્યાયુધાનિ ચ ।*
*ઉપસ્થાસ્યન્તિ યોદ્ધાશ્ચ શસ્ત્રાણિ કવચાનિ ચ ॥*
*સ ધર્મવિજયી રાજા ચક્રવર્તી ભવિષ્યતિ ।*
*સ ચેમં સંકુલં લોકં પ્રસાદમુપનેષ્યતિ ।*
*ઉત્થિતો બ્રાહ્મણો દીપ્તઃ ક્ષયાન્તકૃદુદારધીઃ ॥*

(મહા. વન. 190/94-96)

તે વિષ્ણુયશા બ્રાહ્મણનો બાળક ઇચ્છામાત્રથી અનેક અસ્ત્ર-શસ્ત્ર, યોદ્ધા તથા કવચ વગેરે મેળવીને, ચક્રવર્તી રાજા થશે. સર્વત્ર ધર્મની સ્થાપના કરશે, કલિયુગનો નાશ કરશે તથા સૌને આનંદ આપશે.

કલ્કિ અવતાર થવાનો હજી બાકી છે, તોપણ ભારતમાં ઘણા લોકો કલ્કિ અવતાર તરીકે પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. રામદેવપીર, પીરાણા પંથના પ્રવર્તક તથા બીજા કેટકેટલાય લોકો પોતાને કલ્કિ અવતાર બતાવે છે. આથી એક બહુ મોટી ભ્રાન્તિ, અવ્યવસ્થા તથા અનિશ્ચિતતા ફેલાઈ છે. કલિયુગનું નિર્માણ ભગવાને જ કર્યું છે, તો પછી તેનો નાશ કરવાની શી જરૂર? જેમ સમય પૂરો થતાં સતયુગ પૂરો થાય છે, તેમ સમય પૂરો થતાં કલિયુગ પણ પૂરો થઈ જશે. ખરેખર તો અવતારે એવું કામ કરવું જોઈએ કે સતયુગ કદી પૂરો જ ન થાય, કાયમ સતયુગ જ રહે. પણ એવું થઈ શક્યું નથી. બધા યુગો પોતપોતાને આપેલી અવધી પ્રમાણે રહ્યા જ છે તો કલિયુગ પણ પોતાની અવધિ પૂરી થતાં સુધી રહેવાનો જ છે.

કલિયુગમાં લોકો નીતિભ્રષ્ટ થાય છે તે વાત પણ સર્વાંશે સાચી નથી. આજે પશ્ચિમના દેશો, જાપાન વગેરે દેશોમાં ઉત્તમ કક્ષાની નીતિમત્તા છે જ. એક પણ અવતાર વિના વિશ્વના આ બધા દેશો વધુ સમૃદ્ધ તથા નીતિમાન છે, અને આટઆટલા અવતારો થવા છતાં અને આટલા યજ્ઞો વગેરે કરવા છતાં ભારત દેશ દરિદ્ર અને કંગાળ દેશ છે. લાંચ, રુશવત અને અનૈતિકતાથી આપણે ખદબદી રહ્યા છીએ, પ્રશ્ન થાય છે કે તો પછી આ અવતારોએ કર્યું શું?

## અવતારવાદથી ગૂંચવાયેલું ઈશ્વરનું સ્વરૂપ

ખરેખર તો આ અવતારવાદની માન્યતા જ ભ્રાન્તિ ભરી છે. એક પણ અવતાર વિના ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મો વિશ્વભરમાં પ્રબળ બનીને પ્રસરી રહ્યા છે. વિશ્વના અનેક દેશો ઉપર તેમણે સત્તા મેળવીને રાજ્ય કર્યું છે. જ્યારે આપણે ગામેગામે અવતારો, ભગવાનો, દિવ્ય સાક્ષાત્કારીઓ ધરાવતા હોવા છતાં વિશ્વમાં ક્યાંય નથી તો પ્રસરી શક્યા કે નથી ક્યાંય રાજ્ય કરી શક્યા. અરે, આપણે આપણું પોતાનું ઘર પણ નથી સંભાળી શકતા, કારણ કે અવતારવાદના નામે આપણને મિથ્યામાર્ગે ચડાવી દેવાયા છે, આ અવતારવાદથી ઈશ્વરનું સાચું સ્વરૂપ ગૂંચવાયું છે, અરે ખોવાઈ ગયું છે. લોકો જે ઈશ્વર નથી તેને ઈશ્વર સમજીને ઉપાસના કરે, વ્યર્થની દોડાદોડી કરે તેથી તેમનું ભલું થાય નહિ. સાચો ઈશ્વરવાદ પ્રાપ્ત ન થાય તો આ ભ્રાન્તિમાર્ગોથી તો પ્રજા દુઃખની જ ભાગીદાર થાય.

હિન્દુ પ્રજાની અધોગતિનાં આધ્યાત્મિક, ધાર્મિક, સામાજિક ક્ષેત્રે આટલાં કારણો છેઃ

## આધ્યાત્મિક અધોગતિ

1. ઈશ્વર ના હોય તેવી જન્મમરણવાળી વ્યક્તિને અથવા કોઈ કાલ્પનિક દેવને ઈશ્વર માનવાની મિથ્યા માન્યતાથી સાચો ઈશ્વરવાદ તેને પ્રાપ્ત થતો નથી. પુરાણોના અવતારવાદે આવી ગૂંચોમાં પ્રજાને ગૂંચવી નાખી છે.

2. હું પોતે જ ઈશ્વર છું તેવી હાસ્યાસ્પદ તથા મિથ્યા માન્યતાથી પણ ઈશ્વરવાદને હાનિ પહોંચી છે. કોઈ પણ વ્યક્તિ ગમે તેટલું સામર્થ્ય ધરાવતી હોય તોપણ તે વ્યક્તિ જ છે. ઈશ્વર તો નથી જ. સાચા પરમેશ્વરને પડતો મૂકીને પ્રજા કોઈ ને કોઈ વ્યક્તિને ઈશ્વર માનીને તેની આરાધના કરે, અથવા કરાવડાવે તો તે ઈશ્વરદ્રોહ જ કર્યો ગણાય.

3. કોઈ પણ વ્યક્તિ ઈશ્વર છે જ નહિ, તેને ઈશ્વર માનવી તે તો મહાપાપ છે જ. પણ કોઈ વ્યક્તિને ઈશ્વરની બરાબર માનવી તે પણ મહાપાપ છે, કોઈ ગુરુ કે સંત પણ ગુરુ કે સંત જ હોઈ શકે, પરમેશ્વર કદાપિ નહિ.

4. જો હિન્દુ પ્રજા વ્યક્તિવાદી ઈશ્વરો, જન્મતા-મરતા ઈશ્વરો, કાલ્પનિક ઈશ્વરો વગેરે ઈશ્વર ન હોવા છતાં અજ્ઞાનથી માની લીધેલા ઈશ્વરોનો ત્યાગ કરી એકમાત્ર સાચા પરમેશ્વરની ઉપાસના કરે તો તેની એકતા, દઢતા, સ્પષ્ટતા અને શક્તિમત્તા આપોઆપ વધવા લાગે. બહુઈશ્વરવાદ, વ્યક્તિ ઈશ્વરવાદથી તો પ્રજા અસ્પષ્ટ થઈ ગૂંગળાઈ રહી છે.

5. પ્રકૃતિપૂજા (સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નદી, પર્વત, કુંડ, વૃક્ષો વગેરેની પૂજા), પશુપૂજા (ગાય, નાગ વગેરે) અને વ્યક્તિ પૂજામાંથી પ્રજા મુક્ત થાય. આવી પૂજાઓ એકેશ્વરવાદમાં બાધક તથા અવ્યવસ્થા ફેલાવનારી છે. જેણે હજારો સૂર્યો બનાવ્યા છે તે પરમાત્માની પૂજા કરો એટલે પછી સૂર્યાદિની પૂજા કરવાની જરૂર નહિ રહે.

## ધાર્મિક ક્ષેત્રની અધોગતિ

1. અનાવશ્યક અને ખૂબ જ વધુ પડતાં કર્મકાંડો, કર્મકાંડોમાં વપરાતી જાતજાતની અનાવશ્યક સામગ્રી, હોમ-હવન, યજ્ઞો આ બધી અટપટી વિધિઓ કરવા કરાવવા માટે નિશ્ચિત પુરોહિતવર્ગ, તેમના દ્વારા કર્મકાંડમાં એકાધિકારવાદ, અમાપ ધનવ્યય, સમય-વ્યય, ઘોંઘાટ, અસ્વચ્છતા, અશાન્તિ વગેરે દૂર કરી તેની જગ્યાએ માત્ર પ્રભુપ્રાર્થના, પ્રભુભક્તિને જ મહત્ત્વ અપાય. ધર્મસ્થાનોમાં કોઈ જ સામગ્રી વિના માત્ર શ્રદ્ધા-ભક્તિથી શિસ્તબદ્ધ લોકો બેસે અને શાન્તિથી સમૂહમાં પ્રભુપ્રાર્થના કરે. આવી પ્રાર્થનામાં સૌ કોઈને સમાનતા મળે. વર્ણાદિ ભેદ ના રહે. પ્રાર્થના સરળ હોય એટલે કોઈ પણ કરાવી શકે. પ્રાર્થના કરાવનાર કોઈ વિશેષ વર્ગ ના હોય. આવા વિશેષ વર્ગો જ આગળ જતાં સ્થાપિત હિત થઈ જતા હોય છે. સવારસાંજ બે સમય નિશ્ચિત સમયે કશી પણ સામગ્રી વિના પવિત્રતાથી સમૂહમાં પ્રાર્થના કરવી. આમ કરવાથી ધર્મમૈત્રી વધશે, ઉપાસના બિનખર્ચાળ તથા સર્વભોગ્ય થશે, ધર્મસ્થાનો સ્વચ્છ, સુઘડ તથા શાન્ત રહેશે.

2. લગ્નમરણ વગેરે પ્રસંગે પણ સરળ વિધિઓ કરવી. જે માત્ર થોડા જ સમયમાં પૂરી થનારી હોય તેવી વિધિઓ વિકસાવવી. ધર્મસ્થાનમાં કે પોતાના ઘર આગળ વરકન્યાની સંમતિની ખાતરી કરીને બન્નેને દામ્પત્યજીવનની મહત્તા તથા કર્તવ્યો બતાવનારા મંત્રો બોલી-સમજાવી, ઈશ્વરની સાક્ષીએ એકબીજાને પુષ્પમાળા પહેરાવી વિધિ પૂરી કરવી. અડધા કલાકમાં આ વિધિ પૂરી થઈ જાય. કન્યા એ દાનમાં દેવાની વસ્તુ નથી એટલે કન્યાદાન શબ્દ ન વાપરવો. આવી જ રીતે મરણવિધિમાં પણ સમૂહમાં પ્રાર્થના, ભજન કરીને મૃતકના આત્મા માટે સદ્ગતિની પ્રાર્થના કરવી. પિંડ વહેરવા કે અન્ય પ્રકારની ખાટલા-શય્યા વગેરેની કોઈ વિધિ ન કરવી.

## સામાજિક ક્ષેત્રે

1. કોઈને જ્ઞાતિના કારણે અસ્પૃશ્ય ન માનવો. હિન્દુ માત્ર એક ધર્મને પાળનારી પ્રજા હોવાથી સૌમાં સમાન ધાર્મિક ભાવ રાખવો. પ્રાર્થના તથા અન્ય ધાર્મિક પ્રસંગોમાં કોઈની પણ સાથે જ્ઞાતિના કારણે ઊંચનીચનો ભાવ કે વ્યવહાર ન રાખવો. હા, યોગ્યતા તથા ગુણોના કારણે યથાયોગ્ય ભાવ તથા વ્યવહાર રાખવો.

2. જમવામાં સ્વચ્છતાનો આગ્રહ રાખવો. જો પૂરતી સ્વચ્છતા હોય તો કોઈ પણ ધર્મભાઈને ત્યાં જમવું. પૂરતી સ્વચ્છતા ન હોય તેને સ્વચ્છતાથી રહેતાં શિખવાડવું. પણ અસ્વચ્છ હોય તેનો સદંતર ત્યાગ ન કરવો. સદંતર ત્યાગ કરવાથી તે સમાજથી કપાઈ જશે. તેના કરતાં તેને યોગ્ય સંસ્કાર આપી સ્વચ્છતાથી રહેતાં શીખવવું તે વધુ કલ્યાણકારી છે.

3. બેટીવ્યવહારમાં પોતપોતાને યોગ્ય લાગે ત્યાં સંબંધ બાંધવો. ગુણ, શીલ, વિદ્યા, રૂપ, ધન તથા અભિગમની સૌથી વધુ સમીપતા, સમાનતા અને સંપન્નતા હોય ત્યાં બેટીવ્યવહાર કરવો. આ માટે પોતાની જ્ઞાતિમાં જ આવો સંબંધ કરવો અથવા જ્ઞાતિ બહાર જ કરવો તેવો દુરાગ્રહ રાખવો નહિ. વરકન્યાની પરસ્પરની સમાનતા તથા બન્ને કુટુંબોની સમાનતાને જ પ્રાથમિકતા આપવી. મિથ્યા મોટાઈમાં તણાવું નહિ.

4. સમાજ એવો ઉદાર અને પાચનશક્તિવાળો બનાવો કે વિશ્વની ગમે તે કોમની કે ગમે તે ધર્મની કન્યાને સ્વીકારી શકાય. સૌ કોઈ તમારામાં ભળી શકે. લોકોને હોંશે હોંશે ભળવાનું મન થાય.

5. પ્રત્યેક પુરુષ અને પ્રત્યેક સ્ત્રી લગ્નજીવન જીવી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. સમાજમાં કુંવારા, વિધુરો તથા અન્ય રીતે લગ્નહીન પુરુષોનું પ્રમાણ ઓછામાં ઓછું રહે. આવી જ રીતે કુંવારી કન્યાઓ, વિધવાઓ, ત્યક્તાઓ કે અન્ય કોઈ રીતે કોઈ સ્ત્રી લગ્નવંચિત ન રહી જાય તેવી સામાજિક વ્યવસ્થા ગોઠવાય. વિધુર અને વિધવાઓ પાછલી જિંદગી એકાકીપણામાં રિબાઈ રિબાઈને ગાળે તેના કરતાં ઇચ્છાપૂર્વક એકબીજા પોતાની યોગ્યતા પ્રમાણે દામ્પત્ય ભોગવે તે જ હિતકારી છે. સમાજભયથી વિધુર-વિધવાઓ કે ત્યક્તાઓ વગેરે પુનર્લગ્ન ન કરે અને તેમને ભય અને બદનામીભર્યું અનૈતિક જીવન જીવવું પડે તેના કરતાં આ વ્યવસ્થા વધુ હિતકારી છે. તેને પ્રોત્સાહન મળે. જે સ્ત્રી-પુરુષોએ નેકીથી, સ્વસ્થતાથી, સંયમથી અને આબરૂપૂર્વક જીવન જીવવું હોય તેમણે ખાસ મહત્ત્વના કારણ વિના એકાકી જીવન ન જીવવું, તેમ આજીવન બ્રહ્મચર્યના મિથ્યા મોહમાં પણ ન પડવું. કુદરતી-વ્યવસ્થાને સ્વીકારવી, જેથી કુદરત તેનું રક્ષણ કરે. જીવનના કોઈ મહત્ત્વના ધ્યેય માટે કોઈ સ્ત્રી કે પુરુષ અવિવાહિત જીવન જીવે તો તે આવકાર્ય ગણાય. પણ સામાન્ય પ્રજા માટે તો વિવાહિત તથા પ્રામાણિક લગ્નજીવન જ ઉત્તમ ગણાય.

6. અત્યંત ખર્ચાળ એવી સામાજિક રૂઢિઓનો ત્યાગ કરવો. સ્ત્રી અથવા પુરુષોને અન્યાય થાય કે સહન કરવું પડે તેવી પ્રથાઓ તથા માન્યતાઓ દૂર કરવી. જેમ કે, કન્યાજન્મને હીન માની કન્યાને જન્મતા પહેલાં અથવા જન્મ્યા પછી મારી નાખવી; સતીપ્રથા, અનિચ્છનીય વૈધવ્યપ્રથા, કન્યાદાનપ્રથા વગેરેનો ત્યાગ કરવો.

ધર્મ તથા સમાજને સમૂળી ક્રાન્તિની જરૂર છે. પ્રજા સરળતાથી સહજ તથા સુખી જીવન જીવી શકે તે માટે અત્યંત જરૂરી છે કે પ્રજા ઉપર ભારરૂપ બનેલી માન્યતાઓ, પ્રથાઓ, રૂઢિઓ વગેરેનો ત્યાગ કરી જીવન માટે જરૂરી તથા હિતકારી એવી અત્યંત સરળ તથા સહજ પદ્ધતિ અપનાવવામાં આવે.

*